

પેજ-08

હું જાડી હતી,સલમાને વજન ઘટાડવા કીધુ...

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09

39 વર્ષીય દિનેશ કાર્તિકની ક્રિકેટમાંથી અલવિદા



હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 41.00 | 29.00 |
| વડોદરા | 40.00 | 29.00 |
| સુરત | 35.00 | 29.00 |

પેજ 5




GST કલેક્શન મે મહિનામાં ઘટે છે પરંતુ 10% વાર્ષિક વૃદ્ધિ દર્શાવે છે

03 JUNE-2024 MONDAY

સા. આફ્રિકામાં મંડેલાની પાર્ટી બહુમતી ચૂકી:પહેલીવાર...



પેજ 10

.....સુવિચાર.....

લોકોની ટીકાથી તમારો માર્ગ ન બદલતા કારણ કે, સફળતા શરમથી નહીં સાહસથી જ મળશે!

વર્ષ-13 । અંક-199 । વિક્રમ સંવત-2080 । વૈશાખ વદ-11 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### વિધાનસભા ચૂંટણી માટે મતગણતરી પૂર્ણ : સિક્કિમમાં SKM અને અરુણાચલ પ્રદેશમાં ભાજપની સરકાર

# સિક્કિમમાં SKMનો સપાટો, અરુણાચલમાં ભગવો લહેરાયો

(એજન્સી) નવીદિલ્હી I તા. 02

અરુણાચલ પ્રદેશ અને સિક્કિમમાં વિધાનસભા ચૂંટણી માટે મતગણતરી પૂર્ણ થઇ ગઇ છે. 60 વિધાનસભા બેઠકો ધરાવતા અરુણાચલ પ્રદેશમાં ભાજપે 10 બેઠકો બિનહરીફ જીતી લીધી હતી અને હવે મતગણતરી બાદ આંકડો એ પણ સામે આવ્યો કે ભાજપ અહીં 46થી વધુ બેઠકો જીતી ગયો છે. જ્યારે સિક્કિમમાં 32 સીટો પર મતગણતરી પૂર્ણ થઇ ચૂકી છે. જ્યાં સિક્કિમ ક્રાંતિકારી મોરચો (SKM) 31 બેઠક જીતીને બહુમતીમાં છે. એક જ બેઠક સિક્કિમ ડેમોક્રેટિક ફ્રંટ (SDF) ના ખાતામાં આવી હતી. અહીં 19 એપ્રિલે મતદાન થયું હતું. સિક્કિમમાં કુલ 79.88 ટકા મતદાન થયું હતું જ્યારે અરુણાચલ પ્રદેશમાં 82.95 ટકા મતદાન થયું હતું

સિક્કિમમાં પ્રેમ સિંહ તમાંગની આગેવાની હેઠળના સત્તાધારી સિક્કિમ ક્રાંતિકારી મોરચા અને પવન કુમાર ચામલિંગના સિક્કિમ ડેમોક્રેટિક ફ્રન્ટ વચ્ચે સ્પર્ધા હતી. જોકે સત્તારુઢ SKMએ 32 બેઠકો ધરાવતી સિક્કિમની વિધાનસભામાં 31 બેઠકો પર જીત મેળવી છે. જ્યારે એસડીએફના ખાતામાં એક બેઠક આવી છે. સિક્કિમમાં ભાજપ અને કોંગ્રેસ ખાતું પણ ન ખોલાવી શક્યા. ઉલ્લેખનીય છે કે સિક્કિમમાં ભાજપ અને કોંગ્રેસે પણ પોતાના ઉમેદવારો ઉભા રાખ્યા હતા. 146 ઉમેદવારોમાં મુખ્ય ઉમેદવારોમાં મુખ્યમંત્રી પ્રેમ સિંહ તમાંગ, તેમની પત્ની કૃષ્ણા કુમારી રાય, પૂર્વ મુખ્યમંત્રી પવન કુમાર ચામલિંગ, પૂર્વ ભારતીય ફૂટબોલર બાઈચુંગ ભૂટિયા અને ભાજપના નરેન્દ્ર કુમાર સુબ્બાનો સમાવેશ થાય છે. 2019માં પ્રેમ સિંહ તમાંગની આગેવાની હેઠળની SKMએ 17 બેઠકો જીતી હતી, જ્યારે SDFને 15 બેઠકો મળી હતી.

## અરુણાચલ પ્રદેશમાં 46 બેઠક જીતીને ભાજપે મેળવી બહુમતી

## સિક્કિમમાં એસકેએમની 32માંથી 31 બેઠક જીતીને ક્લિન સ્વીપ







### વડાપ્રધાન મોદીએ સિક્કિમના મુખ્યમંત્રી અને ભાજપના કાર્યકરોને અભિનંદન પાઠવ્યા

PM નરેન્દ્ર મોદીએ સિક્કિમ ક્રાંતિકારી મોરચા (SKM) અને CM પીએસ તમાંગ ગોલેને જીત માટે અભિનંદન પાઠવ્યા હતા. મોદીએ કહ્યું કે અમે રાજ્યના વિકાસ માટે સિક્કિમ સરકાર સાથે મળીને કામ કરીશું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે હું એ તમામનો આભાર માનું છું જેમણે ભાજપને મત આપ્યો. હું કાર્યકરોનો પણ આભાર માનું છું. અમે સિક્કિમના વિકાસ માટે કામ કરવાનું ચાલુ રાખીશું.

### ભાજપના 10 ધારાસભ્યો બિનહરીફ જીત્યા હતા

અરુણાચલ પ્રદેશમાં શાસક ભાજપે 60 સભ્યોની રાજ્ય વિધાનસભામાં પહેલાથી જ 10 બેઠકો બિનહરીફ જીતી લીધી છે. 2019ની ચૂંટણીમાં તેણે 41 બેઠકો જીતી હતી. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી પવન કુમાર સેનના જણાવ્યા અનુસાર, અંતિમ પરિણામો બપોર સુધીમાં અપેક્ષિત છે. અરુણાચલના સીએમ પેમા ખાંડુ અને નાયબ મુખ્ય પ્રધાન, બંને ભાજપના નેતાઓ ચૂંટણી જીતી ચૂક્યા છે. અરુણાચલ પ્રદેશમાં પ્રથમ તબક્કામાં 19 એપ્રિલે વિધાનસભા અને લોકસભાની ચૂંટણી એક સાથે યોજાઈ હતી. વિધાનસભાની ચૂંટણીમાં 82.71 ટકા મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો, જ્યારે રાજ્યની બે લોકસભા બેઠકો માટેની ચૂંટણીમાં 77.51 ટકા મતદાન નોંધાયું હતું. વિધાનસભામાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધો મુકાબલો છે. રાજ્યની બે લોકસભા બેઠકો માટે 25 કેન્દ્રો પર 4 જૂને સવારે 8 વાગ્યાથી મતગણતરી કરવામાં આવશે. અરુણાચલ પ્રદેશમાં કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુ સહિત 14 ઉમેદવારોએ સંસદીય ચૂંટણી લડી હતી. 2019ની ચૂંટણીમાં ભાજપે લોકસભાની બંને બેઠકો જીતી હતી.

### પ્રચંડ જીતનાર પ્રભાવશાળી નેતા, સિક્કિમના CM પ્રેમ સિંહ તમંગ કોણ છે?

લોકસભા ચૂંટણી 2024ની સાથે ઉત્તર-પૂર્વીય રાજ્ય સિક્કિમમાં વિધાનસભા ચૂંટણી માટે પણ મતદાન થયું હતું. રવિવારે યોજાયેલી મત ગણતરીમાં, સત્તારૂઢ સિક્કિમ ક્રાંતિકારી મોરચા (SKM) એ ક્લીન સ્વીપ કર્યું અને કુલ 32 વિધાનસભા બેઠકોમાંથી 31 પર જીત મેળવી. વિરોધ પક્ષ એસડીએફને માત્ર એક બેઠકથી સંતોષ માનવો પડ્યો હતો અને ભાજપ-કોંગ્રેસ ખાલી હાથે રહી ગયા હતા. SKM નેતા અને સિક્કિમના મુખ્ય પ્રધાન પ્રેમ સિંહ તમંગ પ્રચંડ બહુમતી સાથે સતત બીજા કાર્યકાળ માટે તૈયાર છે. લગભગ 100 ટકા સ્ટ્રાઇક ધરાવતા પ્રભાવશાળી નેતા પ્રેમ સિંહ તમંગ વિશે જાણવા માટે દેશભરમાં ઉત્સુકતા વધી છે. ચાલો આપણે SKM નેતા વિશે વિગતવાર જાણીએ જેણે સિક્કિમની બે વિધાનસભા બેઠકો રેનોક અને સોરેંગ-ચાકુંગ પરથી ચૂંટણી લડી અને જીતી.

**પૂર્વ મુખ્યમંત્રી ચામલિંગ સામે બળવો કરીને પોતાની પાર્ટી બનાવી હતી :** પૂર્વ મુખ્યમંત્રી ચામલિંગના નેતૃત્વમાં રચાયેલા SDFના સ્થાપક સભ્ય પ્રેમ સિંહ તમંગે પાછળથી તેમની સામે બળવો કર્યો અને 2013માં સિક્કિમ રિવોલ્યુશનરી ફ્રન્ટની રચના કરી. બીજા જ વર્ષે, 2014ની વિધાનસભા ચૂંટણીમાં, તેમણે SDF પર ભ્રષ્ટાચાર અને ગેરવહીવટનો આરોપ લગાવીને હુમલો કર્યો અને SKMએ 10 બેઠકો જીતી. આ વખતે પ્રેમ સિંહ તમંગની પાર્ટીએ 32માંથી 31 વિધાનસભા સીટો પર જંગી જીત મેળવી છે.

## Quick Read

### ભયંકર ટ્રેન અકસ્માત, પંજાબમાં બે માલગાડી એકબીજા પર ચઢી ગઇ, અનેક ડબા ઉથલી પડ્યાં

માધોપુર| પંજાબના ફતેહગઢ સાહિબના સરહિંદમાં માધોપુર નજીક વહેલી સવારે મોટી દુર્ઘટના ટળી હતી. રેલવેની બે માલગાડીઓ એકબીજા સાથે ભયંકર રીતે અથડાઈ. આ અથડામણમાં બે ટ્રેન પાઈલટ ઘાયલ થયા હતા. ઘાયલોને શ્રી ફતેહગઢ સાહિબ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમની ગંભીર હાલતને જોતા તેમને સિવિલ હોસ્પિટલ ફતેહગઢ સાહિબથી રાજિન્દર હોસ્પિટલ પટિયાલામાં રિફર કરવામાં આવ્યા છે.

### હૈદરાબાદ આંધ્રપ્રદેશની રાજધાની નહીં ગણાય, બીજા રાજ્યને મળ્યું તેનું નિયંત્રણ

હૈદરાબાદ | હૈદરાબાદ આજથી તેલંગાણા અને આંધ્રપ્રદેશની સત્તાવાર સંયુક્ત રાજધાની નહીં ગણાશે. આંધ્ર પ્રદેશ પુનર્ગઠન અધિનિયમ 2014 ની કલમ 5(1) પ્રમાણે 2 જૂન, 2024થી આંધ્રપ્રદેશ અને તેલંગાણાની સામાન્ય રાજધાની હશે. આ જ અધિનિયમની કલમ 5(2)માં જણાવ્યું છે કે, હૈદરાબાદ માત્ર તેલંગાણાની રાજધાની રહેશે અને આંધ્રપ્રદેશ માટે એક નવી રાજધાની હશે. આંધ્રપ્રદેશની હજુ સુધી કોઈ કાયમી રાજધાની નથી. અમરાવતી અને વિશાખાપટ્ટનમ અંગે હજુ પણ કોર્ટમાં લડાઈ ચાલી રહી છે.

### કાવડ યાત્રા માટે યોગી સરકાર 1 લાખ વૃક્ષો કાપશે, કેન્દ્રએ પણ મંજૂરી આપી, NGT આશ્ચર્ય પામ્યું

લખનઉ | દેશમાં દર વર્ષે તાપમાનમાં વધારો થઇ રહ્યો છે અને ગ્લોબલ વોર્મિંગની અસર દરેક ઋતુમાં જોવા મળી રહી છે. પર્યાવરણ બચાવવા માટે નિષ્ણાતો વિનંતી કરી રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે ઉત્તર પ્રદેશની યોગી આદિત્યનાથની સરકારે નેશનલ ગ્રીન ટ્રિબ્યૂનલને જણાવ્યું છે કે સરકાર 111 કિમી લાંબા કાંવડ યાત્રા માર્ગ માટે એક લાખથી વધુ વૃક્ષો કાપવા જઇ રહી છે. જેમાં 33 હજારથી વધુ મોટા વૃક્ષોનો સમાવેશ થાય છે. નેશનલ ગ્રીન ટ્રિબ્યૂનલ આ સમગ્ર મામલે આઠ જુલાઈએ વધુ સુનાવણી કરશે. સરકારના આ નિર્ણયથી પર્યાવરણ પર શું અસર થશે.

### એક્ઝિટ પોલના પરિણામો પર પ્રશાંત કિશોરે કહ્યું.. તમારો કિંમતી સમય બગાડો નહીં

પટના | લોકસભા ચૂંટણીના એક્ઝિટ પોલના પરિણામો સામે આવ્યા છે. બિહારમાં રાજકીય માહોલ હાલમાં એનડીએની તરફેણમાં છે. એક્ઝિટ પોલના અંદાજ મુજબ, બિહારમાં NDA ગઠબંધનને 48 ટકા વોટ શેર મળવાની ધારણા છે. જ્યારે 'ઇન્ડિયા' એલાયન્સને 42 ટકા વોટ શેર મળવાની ધારણા છે. આ આંકડાઓના આધારે એનડીએને 29થી 33 બેઠકો મળવાની ધારણા છે. ખાસ કરીને ભાજપને 13થી 15 બેઠકો, જેડીયુને 9થી 11 બેઠકો મળી શકે છે.

### 4 જૂને 400 પારના દાવાની પોલ ખૂલશે

## PMએ સાધના કરવામાં વિલંબ કરી દીધો : શત્રુઘ્ન

(એજન્સી) મુંબઇ I તા. 02

એક્ઝિટ પોલ જાહેર થઈ ગયા બાદ બિહારી બાબુના નામે પ્રસિદ્ધ અભિનેતા શત્રુઘ્ન સિન્હાએ કહ્યું કે ચાર જૂનની રાહ જુઓ. I.N.D.I.A. ગઠબંધન સત્તામાં આવશે અને એ પણ ઐતિહાસિક જીત સાથે. બોલિવૂડના શોટગન તરીકે પ્રખ્યાત અભિનેતાએ વડાપ્રધાન મોદી વિશે બોલતાં કહ્યું કે વિવેકાનંદ રોક મેમોરિયલમાં ધ્યાન, સાધના મીડિયા અને મતદારોનું ધ્યાન આકર્ષિત કરવા માટે કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે સાધના કરવામાં વડાપ્રધાન મોદીએ વિલંબ કરી દીધો છે. હવે તેમની વિદાય નક્કી છે. પટણા સાહિબ લોકસભા ક્ષેત્રમાં કદમકુઆં ખાતે આવેલી સંત સેવરીન હાઈસ્કૂલમાં તેમણે તેમના પુત્ર લવ કુમાર સિન્હા સાથે મતદાન કર્યું હતું. સિન્હાએ કહ્યું કે ભાજપના 400 પારના દાવાની પોલ ખુલી જશે. પ.બંગાળમાં ટીએમસી શ્રેષ્ઠ પ્રદર્શન કરશે. ભાજપ નેતા રવિશંકર પ્રસાદે પણ કહ્યું હતું કે I.N.D.I.A. ગઠબંધનના સભ્યોએ સરકાર બનાવવાના સપના ન જોવા જોઇએ. દેશના ખેડૂતો, વ્યવસાયી સહિત દરેક વર્ગના લોકો ઇચ્છે છે કે મોદી ફરીવાર વડાપ્રધાન બને. ભારતનો વિકાસદર ઝડપથી આગળ વધી રહ્યો છે.



### INDIA ગઠબંધનના નેતાઓ ચૂંટણી પંચને મળશે

નવી દિલ્હી I લોકસભા ચૂંટણીના એક્ઝિટ પોલ સામે આવ્યા બાદ વિપક્ષના INDIA ગઠબંધનમાં પણ હલચલ વધી ગઈ છે. INDIA ગઠબંધનનું એક પ્રતિનિધિમંડળ આજે સાંજે 4:30 કલાકે ચૂંટણી પંચને મળશે અને તેમની ત્રણ મુખ્ય માંગણીઓ રજૂ કરશે. માંગ અનુસાર, સુપ્રીમ કોર્ટના નિર્દેશો અનુસાર VVPATમાં સ્લિપ મેચ થવી જોઈએ. પોસ્ટલ બેલેટની ગણતરી પહેલા થવી જોઈએ, દરેક રાઉન્ડ પછી ઉમેદવારોને ડેટા જાહેર કરવો જોઈએ અને દરેકના સંતોષ પછી જ આગામી રાઉન્ડની ગણતરી શરૂ થવી જોઈએ. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ એક્ઝિટ પોલ પર પોતાની પહેલી પ્રતિક્રિયા આપી છે. તેમણે તેને પીએમ મોદીના પોલ તરીકે જણાવતા નકારી કાઢ્યા હતા.

## સરહદે પાકિસ્તાન મોટું ષડયંત્ર રચી રહ્યું છે: જમ્મુ-કાશ્મીરના DGPએ આપી ચોંકાવનારી વિગતો

### પાકિસ્તાનની હાલત ખરાબ છે, પરંતુ તે હજુ પણ ભારતમાં ઘૂસણખોરો અને ઘાતક સામગ્રી મોકલવાનું છોડી રહ્યું નથી: DGP રશ્મિ રંજન

(એજન્સી) શ્રીનગર I તા. 02

જમ્મુ-કાશ્મીરના પોલીસ મહાનિર્દેશક (DGP) રશ્મિ રંજન સ્વૈને મોટી ચેતવણી આપી છે. તેમણે કહ્યું છે કે લગભગ 60 થી 70 આતંકવાદીઓ નિયંત્રણ રેખા (LOC) પર સ્થિત 'લૉન્ચ પેડ' પર 'સક્રિય' છે અને ભારતમાં ઘૂસણખોરી કરવાની યોજના બનાવી રહ્યા છે. સરહદી વિસ્તારોમાં વર્તમાન સુરક્ષા સ્થિતિનું એકંદર મૂલ્યાંકન આપતા અને ડ્રોન દ્વારા શસ્ત્રો અને અન્ય સામગ્રી છોડવાના પડકારોનો ઉલ્લેખ કરતા સ્વૈને કહ્યું કે, 'ભારતીય સુરક્ષા જવાનોની મજબૂત પ્રતિબદ્ધતાને કારણે દુશ્મન માટે સફળ થવું ખૂબ મુશ્કેલ છે.'



#### ખતરો હજુ પણ છે: DGP રશ્મિ રંજન


જમ્મુ અને કાશ્મીર પોલીસ અને ક્રિમિનલ ઇન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ (CID)નો બેવડો હવાલો સંભાળતા સ્વૈને જણાવ્યું હતું કે, "અમારા સુરક્ષા ભાગીદારો સાથેની બેઠકોમાં અમે સામાન્ય રીતે આ નિષ્કર્ષ પર આવ્યા છીએ કે તે હકીકત છે કે વિરોધી અથવા દુશ્મન લોકોને નુકસાન પહોંચાડ્યું છે અને સામગ્રી મોકલવાનું બંધ નથી કર્યું." તેમણે આ વિસ્તારમાં પશ્ચિમી પડોશી દેશના વિદેશી આતંકવાદીઓની હાજરીનો પણ ઉલ્લેખ કર્યો હતો.

#### 60-70 આતંકવાદીઓને મોકલવાની રાહ જોઈ રહ્યું છે પાક

ડીજીપી સ્વૈને કહ્યું કે કોઈ પણ સમયે અમે કદાચ શોધીશું કે પાંચ કે છના જૂથમાં 60-70 લોકો અલગ જગ્યાએથી આપણી બાજુ મોકલવાની રાહ જોવાઈ રહી છે. સેના, અર્ધલશ્કરી દળો અને જમ્મુ અને કાશ્મીર પોલીસ વચ્ચેના સમન્વયનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે,અમે સંપૂર્ણ રીતે પ્રતિબદ્ધ છીએ કે અમે ડ્રોનને ડાઉન કરવાના મુદ્દા પર દુશ્મનને સફળ બનાવવા માટે મુશ્કેલ બનાવીશું.

### રવિના ટંડનની કારને અકસ્માત નડ્યો, ટોળાએ તેની સાથે ઝપાઝપી કરી

મુંબઈ I મુંબઈમાં મોડી રાત્રે અભિનેત્રી રવિના ટંડન સાથે ટોળાએ ઝપાઝપી કરી હોવાના અહેવાલ છે. અહેવાલ અનુસાર રવિના ટંડનની કારના ડ્રાઈવરે અકસ્માત કરતાં ત્યાં એકત્રિત ટોળાએ રવિના તેમજ તેના ડ્રાઈવર બંને સાથે ઝપાઝપી કરી હતી. આ ઘટનાના કેટલાક વીડિયો સોશિયલ મીડિયા ઉપર વાયરલ થઈ રહ્યા છે, જેમાં રવિના ટોળાને એવું કહેતી સંભળાય છે કે, "મને મારશો નહીં." મુંબઈના કાર્ટર રોડ ઉપર રીઝી કૉલેજ નજીકની આ ઘટના હોવાનું કહેવાય છે. મોડી રાત્રે ડ્રાઈવરથી અકસ્માત થયો હતો જેને કારણે ત્રણ ઉંમરલાયક મહિલાઓને ઈજા થઈ હતી.



### ઈન્ડી ગઠબંધન કેટલી બેઠક જીતશે? સવાલનો રાહુલે આપ્યો જવાબ

## રાહુલ ગાંધીએ કહ્યું : સિદ્ધુ મુસેવાલાનું ગીત સાંભળો, તમને બધી ખબર પડી જશે

(એજન્સી) નવી દિલ્હી I તા. 02

લોકસભા ચૂંટણી 2024ના પરિણામોના ત્રણ દિવસ પહેલા એક્ઝિટ પોલ બહાર આવ્યા હતા. તમામ ચેનલોના સર્વેમાં ભાજપને સંપૂર્ણ બહુમતી મળવાની આગાહી કરવામાં આવી છે. ઘણા સર્વેમાં NDAનું 400 પાર કરવાનું સૂત્ર પણ શક્ય જણાય છે. જો કે સર્વેને જુઠ્ઠાણા ગણાવતા ઈન્ડી ગઠબંધને દાવો કર્યો છે કે 4 જૂને મોદી સરકાર નહીં બને. રવિવારે ઈન્ડી ગઠબંધનની બેઠક બાદ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી મીડિયાની સામે આવ્યા અને દાવો કર્યો કે ઈન્ડી ગઠબંધનની જીત નિશ્ચિત છે. જ્યારે રાહુલ ગાંધીને પૂછવામાં આવ્યું કે તેમને કેટલી બેઠકો જીતવાની અપેક્ષા છે? જવાબમાં રાહુલે કહ્યું કે, 'તમે સિદ્ધુ મુસેવાલાનું ગીત સાંભળો, ખબર પડી જશે.' કોંગ્રેસના નેતા અને રાયબરેલીથી પાર્ટીના ઉમેદવાર રાહુલ ગાંધીએ એક્ઝિટ પોલની આગાહીઓને સંપૂર્ણપણે ફગાવી દીધી છે. તેમણે કહ્યું, "આ એક્ઝિટ પોલ નથી, આ મોદી મીડિયા પોલ છે. આ તેમનો ફેન્ટસી પોલ છે." જ્યારે ઈન્ડી ગઠબંધન કેટલી બેઠકો જીતશે તે વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું, "શું તમે સિદ્ધુ મુસેવાલાનું ગીત 295 સાંભળ્યું છે? બસ એટલી જ બેઠક ઈન્ડી ગઠબંધન જીતશે."



## લોકસભા ચૂંટણી પરિણામને લઈને સટ્ટાબજાર પણ ગરમાયું

### ...તો બુકીઓ 15,000 કરોડમાં ધોવાઈ જશે

(એજન્સી) નવી દિલ્હી I તા. 02

એક બાર ફિર મોદી સરકાર. આ વખતની ચૂંટણી પણ મોદી વિરુધ્ધ બાકીના રાજકીય પક્ષો સામેની રહી છે. સાત તબક્કાનું મતદાન પૂર્ણ થતાં જ સટ્ટાબજારમાં ગરમાવો ચરમસીમા ઉપર છે. દેશભરના એક ડઝન જેટલા સ્થાનિક સટ્ટાબજારો ઉપરાંત આંતરરાષ્ટ્રીય સ્તરે ઓનલાઈન સટ્ટો રમાડતી એક ડઝન જેટલી સટ્ટા એપ્લિકેશન ઉપર રમાતો ચૂંટણી સટ્ટો ખરેખર કેટલા અબજ રૂપિયાનો હશે તેનું અનુમાન લગાવવું શક્ય જ નથી. મતદાને પૂર્ણ થયાં પછી સટ્ટાબજારના સરેરાશ અનુમાન મુજબ ફરી એક વખત મોદી સરકાર બને છે તેના ઉપર 80 ટકાથી વધુ પન્ટરોએ દાવ લગાવ્યાં છે. પ્રાથમિક અંદાજ મુજબ, જો ફરી મોદી સરકાર આવે તો પન્ટરો કમાય અને બુકીઓ રૂ. 15,000 કરોડમાં ધોવાય તેવી શક્યતાઓ છે.




બુકી બજારના ANK OF INDIA પ્રાથમિક અનુમાન મુજબ ભાજપને જ આ વખતે 305થી 307 બેઠક મળશે. જે વર્ષ 2019ની ચૂંટણીમાં ભાજપે જીતેલી બેઠકો કરતાં વધારે છે.

#### બુકી બજાર ખોટનો ધંધો કરે તેવું શક્ય નથી

સટ્ટાબજારના આંતરિક સૂત્રોનું કહેવું છે કે, બુકી બજાર ભાજપ જીતશે એટલે ખોટનો ધંધો કરે તેવું શક્ય નથી. આથી જ, બુક બ બિઝ કેટલી બેઠકો જીતશે તેના ઉપર બુકીંગ લઈને પન્ટરોને ધોઈ નાંખવાનો ખેલ નાંખી ચૂકી છે. સટ્ટાબજાર ભાજપને 305થી 307 બેઠકો તો મળશે જ તેવું જાહેર કરી ચૂકી છે તેમાં સતત અપડેટ આવતાં રહે છે. પરંતુ, પન્ટરોને ભાજપને 310, 315, 320 અને 325થી વધુ બેઠકો મળે છે તેના અલગ ભાવ કાઢવામાં આવ્યાં છે.

## ચૂંટણીના પરિણામો પહેલાં જ PM મોદી એક્શન મોડમાં

(એજન્સી) નવી દિલ્હી I તા. 02

લોકસભા ચૂંટણીમાં મતદાનનો તબક્કો પૂરો થતાંની સાથે જ બહાર આવેલા લગભગ તમામ એક્ઝિટ પોલ મોદી 3.0 સરકારની રચના દર્શાવે છે. જો કે, ચૂંટણીના અંતિમ પરિણામો મતગણતરી થશે ત્યારે 4 જૂનનાં રોજ આવશે. લોકસભા ચૂંટણીના પરિણામ હજુ આવ્યા નથી તેમ છતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફુલ એક્શન મોડમાં જોવા મળી રહ્યા છે. કારણ કે પીએમ મોદી એક દિવસમાં સાત મીટિંગો કરી રહ્યા છે. આ મીટિંગ આજે રવિવારે યોજાઈ રહી છે, જેમાં પીએમ મોદી આગામી સરકારના 100 દિવસના એજન્ડા પર ચર્ચા કરશે. આ ઉપરાંત ચક્રવાતની સ્થિતિ, હીટ વેવની સ્થિતિ, પર્યાવરણ દિવસ સહિતના અનેક મુદ્દાઓ પર પણ મીટિંગ યોજાશે.



**પીએમ મોદીએ હાઈલેવલની મીટિંગ બોલાવી :** વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશે કહેવાય છે કે તેઓ ક્યારેય બ્રેક લેતા નથી. દોઢ મહિના સુધી ચાલેલા ચૂંટણી જંગમાં તેઓ સંપૂર્ણપણે સક્રિય દેખાયા હતા. તેમણે દરરોજ વિવિધ રાજ્યોમાં ઘણી ચૂંટણી સભાઓ અને રોડ-શો કર્યા. વ્યસ્ત કાર્યક્રમ હોવા છતાં, તેમણે મહત્ત્વપૂર્ણ બેઠકોમાં હાજરી આપવાનું ચાલુ રાખ્યું. જ્યારે રેમલ ચક્રવાતનું એલર્ટ આવ્યું ત્યારે તેમણે દિલ્હીમાં અધિકારીઓ સાથે ઉચ્ચ સ્તરીય મીટિંગ યોજી હતી.

**આગામી 100 દિવસના એજન્ડા પર ફોકસ કરશે :** અહીં ચૂંટણીનો ધમધમાટ પૂરો થતાં જ બહાર આવેલા મોટાભાગના એક્ઝિટ પોલમાં ફરી એકવાર મોદી સરકારના સ્પષ્ટ સંકેતો જોવા મળ્યા હતા. જે બાદ વડાપ્રધાન ફરીથી મીટિંગમાં હાજરી આપવાના છે. PM મોદી આજે સાત સભા કરશે. આ દરમિયાન તેઓ દેશના ઘણા ભાગોમાં ચક્રવાત રેમલથી પ્રભાવિત વિસ્તારોની સમીક્ષા કરશે. ।

### સફાઈને અવરોધક પ્રવૃત્તિ કરનાર સામે કડક પગલાં લેવામાં આવ્યા

# જાહેર આરોગ્યને હાનિ પહોંચાડતા બિલ્ડરને રૂ.10 લાખનો દંડ

## કામગીરી તાત્કાલિક અસરથી બંધ કરવા તાકીદ કરવામાં આવી, પતરાં લગાવવાને બદલે કંતાન બાંધીને બેદરકારી કરી

(એજન્સી) અમદાવાદ । તા.02

અમદાવાદમાં જાહેર આરોગ્યને હાનિ પહોંચાડતા બિલ્ડરને રૂ.10 લાખનો દંડ ફટકારાયો છે. શહેરમાં બોડકદેવમાં ધૂળ, માટી ઉડાડી જાહેર આરોગ્યને હાનિ પહોંચાડતા બિલ્ડર પર તવાઈ આવી છે. જજીસ બંગલા રોડ પર VVIPની અવર જવર વચ્ચે ફ્લેટ તોડાતો હતો. જેમાં ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસના નિવાસની સામે ખૂબ વંટોળ જેવી ધૂળ ઉડતી જોવા મળી હતી. તેમાં શહેરના કેટલાક સ્થળોએ બિલ્ડિંગોના બાંધકામ દરમિયાન નિયમોનું પાલન કરાતું નથી. કામગીરી તાત્કાલિક



અસરથી બંધ કરવા તાકીદ કરવામાં આવી. AMCના ઉત્તર- પશ્ચીમ ઝોનના સોલીડ વેસ્ટ વિભાગ દ્વારા બોડકદેવ વોર્ડમાં 'સૂર્ય પૂજા ફ્લેટ' અને 'શીરીન પાર્ક'ના રીડેવલપમેન્ટની કામગીરીને કારણે ગુજરાતના હાઈકોર્ટના ચીફ જસ્ટિસના બંગલામાં અને રોડ તથા આસપાસના રહેણાંક વિસ્તારોમાં ફુટપાથ પર અને રોડ પર ધૂળ ઉડાડીને જાહેર આરોગ્યને હાનિ પહોંચાડવા બદલ બિલ્ડર - ડેવલપરને રૂ. 10 લાખનો દંડ કરવામાં આવ્યો છે અને રીડેવલપમેન્ટની કામગીરી તાત્કાલિક અસરથી બંધ કરવા તાકીદ કરવામાં આવી છે.

સોલીડ વેસ્ટ વિભાગ દ્વારા રીડેવલમેન્ટ અંતર્ગત જૂના ફ્લેટ તોડવાની કામગીરી પતરાં લગાવવાને બદલે કંતાન બાંધીને બેદરકારીપૂર્વક ન્યુસન્સ કરવા, જાહેર આરોગ્ય અને સ્વચ્છતા પ્રત્યે ઉદાસીન વલણ દાખવવા બદલ બિલ્ડરને નોટિસ અપાઈ છે. ગુજરાતના ચીફ જસ્ટીસ, અન્ય જજોના બંગલા, પ્રખ્યાત હોટલ આવેલ હોવાથી જજીસ બંગલા રોડ પર VVIPની અવર જવર રહે છે. જાહેર આરોગ્ય વિષયક બાબતોને ધ્યાનમાં લઈને રૂ. 10 લાખનો દંડ વસૂલવા અને દબાણ ખાતા દ્વારા પરવાનગી આપવામાં ન આવે ત્યાં સુધી તાકીદની અસરથી કામ સ્થગિત કરવા પગલાં લેવા છે. સફાઈને અવરોધક પ્રવૃત્તિ કરનાર સામે કડક પગલાં લેવામાં આવ્યા. તાજેતરમાં મોર્નિંગ રાઉન્ડ દરમિયાન ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસના નિવાસની સામે ખૂબ વંટોળ જેવી ધૂળ ઉડતી જોવા મળી હતી અને તે અંગે તપાસ કરતાં સામે આવેલી સૂર્યપૂજા ફ્લેટ અને શીરીન પાર્કમાં રીડેવલપમેન્ટની જુના ફ્લેટ તોડવાની કામગીરી ચાલી રહી હતી અને બિલ્ડર/ડેવલપર દ્વારા સદર યુનિટની આસપાસ,ચારે બાજુ રહેણાંક અને કોમર્શિયલ એકમોમાં ઉડતી ધૂળ, રજ, વગેરે કારણે ન્યુસન્સ ન થાય તે માટે પતરા/ મેટ લગાવીને કવરેજ કરાયું નહોતું અને ફક્ત દેખાવ પૂરતી લેશમાત્ર કપડાં લગાવીને કામગીરી કરાતી હોવાનું ધ્યાન પર આવ્યું હતું અને સદર કપડાં પણ યોગ્યતા અનુસરના ન હોવાથી કપડાં ફાટીને રોડ પર વિખરાયેલા જોવા મળ્યા હતા તેમજ રોડ પર માટી, રેતી અને ગંદકી જોવા મળી હતી.

### ધો.12 સાયન્સના વિદ્યાર્થીઓની ઉત્તરવહીના રૂબરૂ મૂલ્યાંકન અંગે પરિપત્ર જાહેર






(એજન્સી) ગાંધીનગર । તા.02

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ધો.10 અને ધો.12 નું પરિણામ જાહેર કરી દેવાયુ છે ત્યારે હવે વિદ્યાર્થીઓ દ્વારા પોતાને ઓછા માર્ક આવ્યા હોય તેવી ફરિયાદ શિક્ષણ વિભાગને મળતી હોય જે સંદર્ભે બોર્ડ દ્વારા ધો.12 સાયન્સના વિદ્યાર્થીઓના પેપરનું રૂબરૂ મૂલ્યાંકન કરવા માટેની તારીખ અને સમય અંગેનો પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. ક્યારે કરી શકાશે ઉત્તરવહીનું રૂબરૂ મૂલ્યાંકન ? મળતી માહિતી મુજબ વિદ્યાર્થીઓની ઉત્તરવહીની ચકાસણી આગામી તા. 6 જૂનથી શરૂ થવાની છે અને આ પ્રક્રિયા 3 દિવસ એટલે કે 8 જૂન સુધી ચાલવાની છે. વિધાર્થીઓએ અવલોકનમાં ઉપસ્થિત રહેવા માટે પોતાનો કોલલેટર ગુજરાત બોર્ડની વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરવાનો રહેશે. હાલ આ હોલ ટિકિટ ઓનલાઈન મૂકી દેવામાં આવી છે. જે વિધાર્થીઓ ડાઉનલોડ કરી શકે છે.

## રાજુલાના કોવાયા ગામે ગુજરાત સિમેન્ટ વર્કસના સી.એસ.આર. વિભાગ દ્વારા કોવાયા ગ્રામ પંચાયત માં 28 મેં 2024 વિશ્વ માસિક દિન નિમિત્તે કિશોરી નું હિમોગ્લોબીન ટેસ્ટ કરવામાં આવ્યું

કિશોર આર. સોલંકી-જાફરાબાદ

અલ્ટ્રાટેક સિમેન્ટ ગુજરાત સિમેન્ટ વર્કસના CSR વિભાગ દ્વારા રાજુલાના ખોવાયા માં વિશ્વ માસિક દિન નિમિત્તે કિશોરીનું હિમોગ્લોબીન ટેસ્ટ કરી આપવામાં આવ્યું પી.એચ.સી. ભેરાઈ અને કોવાયા આંગણવાડી સંલગ્ન કાર્યક્રમ રાજુલા , અલ્ટ્રાટેક સિમેન્ટ ગુજરાત સિમેન્ટ વર્કસના CSR વિભાગ દ્વારા કિશોરીઓના સ્વાસ્થ્ય અંગે વારંવાર જાગૃતતા કાર્યક્રમોનું આયોજન થતું રહે છે. જેમાં નવતર દ્વારા બહેનોને પોતાના સ્વાસ્થ્ય અંગે જાગૃત કરવામાં આવે છે. અલ્ટ્રાટેક કંપનીના પ્રયાસથી આજે આસપાસના ગામોની કિશોરી ઓમા થતાં ફેરફાર અને સાવધાની અંગે ઘણી જાગૃતતા જોવા મળે છે. અલ્ટ્રાટેક સિમેન્ટ ગુજરાત સિમેન્ટ વર્કસના CSR વિભાગ દ્વારા કોવાયા ગ્રામ પંચાયત માં ૨૮ મેં ૨૦૨૪ વિશ્વ માસિક દિવસ નિમિત્તે કિશોરીઓનુ હિમોગ્લોબીન ટેસ્ટ કરવામાં આવ્યું કિશોરીઓના સ્વાસ્થ્ય માટે ભજીઈ અલ્ટ્રાટેક સિમેન્ટ કોવાયા તથા PHC ભેરાઈ અને કોવાયા આંગણવાડી તમાંમ સાથે મળીને સંલગ્ન કાર્યક્રમ કરવામાં આવ્યો હતો જેમાં કુલ ૬૯ જેટલી કિશોરી ઓનું હિમોગ્લોબીન ટેસ્ટ કરવામાં આવ્યું હતું.

## ગૃહિણીઓનું બજેટ ખોરવાયુ, લીલી શાકભાજી સાથે બટાકાના ભાવમાં થયો વધારો

(એજન્સી) ગાંધીનગર । તા.02

ગૃહિણીઓનું બજેટ ખોરવાયુ છે. જેમાં લીલી શાકભાજી સાથે બટાકાના ભાવમાં વધારો થયો છે. તેમજ ઉત્પાદન ઘટતા બટાકાના ભાવમાં વધારો થયો છે. તથા રીટેલ બજારમાં રૂપિયા 45ના કિલો બટાકા વેંચાઈ રહ્યા છે. કઠોળ, લીંબુ બાદ બટાકાનો વારો આવતાં ગૃહિણીઓનાં બજેટ ખોરવાયા છે. બજારમાં વધતી માંગની સામે ઉત્પાદન ઘટતા બટાકાના ભાવ વધારો થયો છે. બધા જ શાકમાં બટાકા સૌથી પ્રખ્યાત અને કદાચ બધા ઘરમાં સૌથી વધુ માનીતુ શાક છે. જેનું મુખ્ય કારણ તે દરેક શાકમાં ભળી જાય છે અને મોટા ભાગના શાક બટેકા સિવાય બનતાં નથી. ત્યારે હાલ છેલ્લા એકાદ મહિનાથી માર્કેટીંગ યાર્ડમાં બટેટાની આવક ઓછી થતી જોવા મળી રહે છે. આમ, ઉત્પાદન ઘટતાં અને તેની સામે માગ વધતાં ભાવમાં ઉછાળો જોવા મળ્યો છે. બટાકા બારેમાસ મળી રહે છે. પરંતુ ફેબ્રુઆરીથી માર્ચ મહિનામાં નવા બટાકાની આવક થતી હોય છે. જેમાં કાત્રી, વેફર કરવાના પણ બટાકા બજારમાં મળવા લાગે છે. ત્યારે હાલ માર્કેટીંગ યાર્ડમાં બટાકાની આવક નહીંવત અને વેંચાણ પણ નહીંવત જોવા મળી રહ્યું છે. જેનું મુખ્ય કારણ જોવા જઈએ તો સુત્રોમાંથી મળતી વિગતોનુસાર હાલ નવા બટાકાની આવક શરૂ હોય તેવા સમયે સ્ટોરેજ કરેલા જુનાં બટાકા બજારમાં વેચાણ થતાં હોય છે. જેથી મોટા ગજાનાં વેપારીઓ નવા બટાકાનો સ્ટોક કરવામાં લાગ્યા હોવાને લીધે રીટેલ બજાર સુધી બટાકા પહોંચવા દેતા નથી.

વર્ષ ભરનું સ્ટોરજ કરી ઉચા ભાવ વેંચાણ કરવાની લાલચે હાલ પોતાનાં કોલ્ડ સ્ટોરેજમાં સ્ટોક કરવાની ગતીવીધી થતી હોવાને લીધે આવક ઘટી જેની સામે ઉત્પાદમાં પણ થોડો ઘટાડો હોવાનું જણાઈ રહ્યું છે. જેથી બજારમાં નવા કે જૂનાં બન્નેમાંથી એક પણ પ્રકારનાં બટાકા હાલ બજારમાં જોવા નહીં મળતાં ગાયબ જ થઈ ગયાં છે. ગઈકાલે જૂનાગઢ યાર્ડમાં રૂ.22નાં કિલો લેખે બટાકાનું 442 ક્વિનટલ વેંચાણ નોંધાયું હતું. ગુજરાતમાં મુખ્યત્વે ડીસા અને હાલારમાં બટાકાનું વાવેતર કરવામાં આવે છે. જેની સામે માંગ પણ હાલ વધારે રહેતી હોવાને લીધે અન્ય રાજ્યોમાંથી પણ આયાત કરવાની જરૂર પડે છે. ત્યારે આ વર્ષે ઉત્પાદનમાં નોંધ પાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે.

# હારીજમાં બનેલી મારામારીની ઘટનાની માહિતી લેવા ગયેલા પત્રકારને પોલિસે ઝૂડી નાખ્યો

### હારીજમાં પોલીસ કર્મીએ પત્રકાર ને કર્યો લોહીલુહાણ, પત્રકારને સારવાર અર્થે પ્રથમ હારીજ આરોગ્ય બાદ સ્થિતી ગંભીર લાગતાં ધારપુર ખસેડાયો, પોલીસ કર્મી ને સસ્પેન્ડ કરવાની પત્રકારોની માંગ

નિતીન ઠાકર ચાણસ્મા

હારીજ ખાતે ખાનગી ન્યૂઝ ચેનલ માં કામ કરતા પત્રકાર ને પોલીસ સ્ટેશનમાં માહિતી લેવા ગયેલા પત્રકારને હારીજ પોલીસ મથકે ફરજ બજાવતા પોલીસ કર્મી એ મોઢામાં તેમજ અન્ય જગ્યાએ ગડદા પાટું નો ઢોર માર મારી લોહીલુહાણ કરતા પત્રકાર ને તાત્કાલિક 108 દ્વારા પ્રથમ હારીજ અને ત્યારબાદ પાટણની ધારપુર હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા જ્યાં પત્રકાર દ્વારા પોલીસ કર્મી વિરુદ્ધ ફરીયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું હતું





ગુજરાત રાજ્ય માં પોલીસ હવે દિન પ્રતિદિન કાયદો હાથમાં લઇ ને આમ જનતા તેમજ પત્રકારો પર હુમલા કરી પોતાનો સિંઘમ તરીકે નો રોફ જમાવી રહી છે ત્યારે રાજ્ય સરકાર ના ગૃહ વિભાગના ગૃહ મંત્રી સહિતના ડિપાર્ટમેન્ટ ના અધિકારીઓ જાણે કંઈજ નથી કરવાના તેવા વહેમ થી કેટલાય પોલીસ કર્મીઓ પાટણ જીલ્લામાં છાકટા બન્યા છે ત્યારે વધુ એક પત્રકાર પર હુમલો કરાતા પત્રકાર આલમમાં ભારે રોષની લાગણી ફેલાઈ હતી અને જવાબદાર પોલીસ કર્મી ને સસ્પેન્ડ કરવાની માંગણી કરી હતી

મળતી માહિતી મુજબ પાટણ જિલ્લાના તાલુકા મથક હારીજ ખાતે ખાનગી ન્યૂઝ ચેનલ માં કામ કરતા વિનોદ ઠાકર દ્વારા બનાવના આગલા દિવસે હારીજ ખાતે બનેલી મારામારી ની ઘટનાની માહિતી લેવા પોલીસ મથકે પહોંચતાં હાજર પોલીસ કર્મી. લાલાભાઈ નાડોદા દ્વારા પત્રકાર ને આઈ પોલીસ મથકે માહિતી લેવા માટે નહીં આવવાનું માહિતી લેવી હોય તો ટેલીફોન કરવાનો આવું જણાવીને ઢોર માર મારી લોહી લુહાણ કરતા પત્રકારને 108 દ્વારા રેફરલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ જવાયા બાદ વધુ સારવાર માટે ધારપુર મેડિકલ હોસ્પિટલ લઈ જવાયો હતો ત્યારે આ બાબતે પત્રકાર દ્વારા પોલીસ ફરિયાદ કરવાની તજવીજ હાથ ધરી હોવાનું જણાવ્યું હતું.

### પત્ની સાથે મજાક મસ્તી કરવાની ના પાડતા ઉશ્કેરાયેલા ઈસમે માથાના ભાગમાં લાકડું મરી ઈજાગ્રસ્ત કરતા ફરિયાદ

કિશોર આર. સોલંકી-જાફરાબાદ

જાફરાબાદના રોહિસા ગામે મનુભાઈ ડાયાભાઈ સાંખટ ઉ.વ. ૩૫ ના પત્ની સાથે તેજ ગામના છગનભાઈ નાનુભાઈ બાંભણિયા મજાક મસ્તી કરતા હોય જેથી મજાક મસ્તી કરવાની ના પાડતા ઉશ્કેરાઇ ગાળો બોલી બાજુમાં પડેલા લાકડા વડે માથામાં મારમારી ઈજા કરી હથિયાર બંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યાની જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

## સાપુતારા ઘાટમાર્ગમાં દીપડી સાથે બે બચ્ચાના વિડિઓ સોશ્યલ મીડિયામા વાઇરલ

સુશીલ પવાર.ડાંગ

સાપુતારા - શામગહાન માર્ગ પર રાત્રિના સમયે દીપડી સાથે બે બચ્ચા દેખાયા હતા.ત્યારે વાહન ચાલકે દીપડી અને તેના બે બચ્ચાનો વિડીયો બનાવી સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો.ત્યારે વનવિભાગ દ્વારા કેટલીક સૂચનાઓ આપવામાં આવી હતી.ડાંગ જિલ્લાના સાપુતારા - શામગહાન વિસ્તારમાં અનેક વાર દીપડો નજરે પડેલ હોવાના કિસ્સા સામે આવ્યા છે.ત્યારે ફરી એક વાર દીપડી એના બે બચ્ચા સાથે જોવા મળેલ છે.રાત્રિના 11:30નાં સમયે વાહન ચાલકો સાપુતારા - શામગહાન માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા તે વેળાએ એક દીપડી તેના બે બચ્ચા સાથે જોવા મળી હતી.ત્યારે વાહન ચાલક એ



તેનો વિડિયો બનાવ્યો હતો.જે વીડિયો હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થવા પામ્યો છે.વિડિયો વાયરલ થતા જ વિસ્તારમાં ફફડાટ જોવા મળી રહ્યો છે.ત્યારે વન વિભાગ દ્વારા પાંજરા ગોઠવવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.તેમજ વેકેશન હોવાથી સાપુતારા ખાતે પ્રવાસીઓનો વધારો થવા પામ્યો છે,ત્યારે પ્રવાસીઓને સાવચેત રહેવા માટે શામગહાન વન વિભાગ દ્વારા સૂચના આપવામાં આવેલ છે.

## મામલતદાર કચેરી ઠાસરા ગળતેશ્વર,તેમજ ડાકોર નગરપાલિકામાં એમ કુલ-5 આધારકીટની ફાળવણી થઇ

ખેડા-અશેષ વ્યાસ

તા.૧૫/૦૫/૨૦૨૪થી તા.૨૨/૦૫/૨૦૨૪ સુધી કુલ ૬૮૭ આધાર અપડેશનની કામગીરી કરવામાં આવી મામલતદાર કચેરી, ઠાસરા ખાતે નાગરીકોની વ્યવસ્થામાં વધારો કરવા જિલ્લા કક્ષાએથી કુલ ૦૫ આધારકીટની ફાળવણી કરવામાં આવી છે. વધુ ગામના નાગરિકોને આ સુવિધાનો લાભ મળે તે હેતુથી જિલ્લાકક્ષાએથી મળેલ કુલ ૫ કીટ પૈકી બે કીટ મામલતદાર કચેરી, ઠાસરા ખાતે, એક કીટ મામલતદાર કચેરી, ગળતેશ્વર ખાતે કીટમાં ટેકનિકલ કારણસર બંધ થતાં મામલતદાર કચેરી ગળતેશ્વર ખાતે તથા અન્ય ૨ કીટ ડાકોર નગરપાલિકા ખાતે રાખવામાં આવી છે. ઉપરાંત આ કીટો દ્વારા નિયમ અનુસાર FIFO પદ્ધતિ મુજબ અરજદારોને આધારકાર્ડ બાયોમેટ્રીક અપડેશન કરવામાં આવે છે. જે અન્વયે તા.૧૫/૦૫/૨૦૨૪થી તા.૨૨/૦૫/૨૦૨૪ સુધી કુલ ૬૮૭ આધાર અપડેશનની કામગીરી કરવામાં આવી છે એમ મામલતદારશ્રી ઠાસરા દ્વારા જણાવવામાં આવ્યું છે.

# કન્યાકુમારીમાં સાધનામાંથી નવા સંકલ્પો બહાર આવ્યા: શ્રી નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

મારા વ્હાલા દેશવાસીઓ ,

લોકશાહીની જનનીમાં લોકશાહીના સૌથી મોટા પર્વનું એક સીમાચિહ્ન આજે 1લી જૂને પૂર્ણ થઈ રહ્યું છે. કન્યાકુમારીમાં ત્રણ દિવસની આધ્યાત્મિક યાત્રા પછી, હું હમણાં જ વિમાનમાં દિલ્હી જવા માટે બેઠો જ છું... કાશી અને બીજી ઘણી બેઠકો પર મતદાન ચાલી રહ્યું છે. ઘણા બધા અનુભવો છે, ઘણી બધી સંવેદનાઓ છે હું મારી અંદર અનંત ઊર્જાનો પ્રવાહ અનુભવું છું.

ખરેખર, 24ની આ ચૂંટણીમાં ઘણા સુખદ સંયોગો બન્યા છે. અમૃતકાળની આ પ્રથમ લોકસભા ચૂંટણીમાં, મેં 1857ના પ્રથમ સ્વતંત્રતા સંગ્રામના પ્રેરણા સ્થળ મેરઠથી પ્રચારની શરૂઆત કરી હતી. મા ભારતીની આસપાસ પરિક્રમા વખતે, આ ચૂંટણીની મારી છેલ્લી સભા પંજાબના હોશિયારપુરમાં થઈ હતી. સંત રવિદાસજીની તપોભૂમિ, આપણા ગુરુઓની ભૂમિ એવા પંજાબમાં છેલ્લી સભા યોજવાનું સૌભાગ્ય પણ ખૂબ જ વિશેષ છે. આ પછી મને કન્યાકુમારીમાં ભારત માતાના ચરણોમાં બેસવાની તક મળી. એ શરૂઆતની ક્ષણોમાં મારા મનમાં ચૂંટણીનો ઘોંઘાટ ગુંજતો હતો. રેલીઓ અને રોડ શોમાં જોયેલા અસંખ્ય ચહેરાઓ મારી નજર સમક્ષ આવી રહ્યા હતા. માતાઓ, બહેનો અને પુત્રીઓના અપાર પ્રેમની એ લહેર, તેમના આશીર્વાદ... તેમની આંખોમાં મારા માટેનો વિશ્વાસ, એ સ્નેહ... હું બધું જ ગ્રહણ કરી રહ્યો હતો. મારી આંખો ભીની થઈ રહી હતી... હું શૂન્યતામાં જઈ રહ્યો હતો, ધ્યાનમાં પ્રવેશી રહ્યો હતો.

થોડી જ ક્ષણોમાં, રાજકીય ચર્ચાઓ, હુમલાઓ અને વળતા હુમલાઓ... આક્ષેપોના અવાજો અને શબ્દો, તે બધા આપોઆપ અદૃશ્ય થઈ ગયા. મારા મનમાં અલિપ્તતાની લાગણી વધુ તીવ્ર બની ગઈમારું મન બહારની દુનિયાથી સાવ અલિપ્ત થઈ ગયું.

આટલી મોટી જવાબદારીઓ વચ્ચે આવી સાધના અઘરી છે , પરંતુ કન્યાકુમારીની ભૂમિ અને સ્વામી વિવેકાનંદની પ્રેરણાએ તેને આસાન બનાવી દીધી છે. હું મારી સાંસદ તરીકેની ચૂંટણી મારા કાશીના મતદારોના ચરણોમાં છોડીને અહીં આવ્યો છું.

હું ભગવાનનો પણ આભારી છું કે તેણે મને જન્મથી જ આ મૂલ્યો આપ્યા. હું એ પણ વિચારી રહ્યો હતો કે સ્વામી વિવેકાનંદજીએ એ જગ્યાએ ધ્યાન કરતી વખતે શું અનુભવ્યું હશે ! મારા આધ્યાત્મિક અભ્યાસનો કેટલોક ભાગ આ પ્રકારના વિચાર પ્રવાહમાં વહેતો હતો.

આ વિરક્ત ભાવ વચ્ચે, શાંતિ અને મૌન વચ્ચે, મારા મનમાં ભારતના ઉજ્જવળ ભવિષ્ય માટે, ભારતના ધ્યેયો માટે સતત વિચારો આવતા હતા. કન્યાકુમારીના ઉગતા સૂર્યે મારા વિચારોને નવી ઊંચાઈ આપી, સમુદ્રની વિશાળતા આપી. મારા વિચારોને વિસ્તૃત કર્યા અને મારી ક્ષિતિજોને વિસ્તૃત કરી, મને બ્રહ્માંડના ઊંડાણમાં હાજર એકતાનો સતત અનુભવ કરાવ્યો. જાણે હિમાલયની ગોદમાં દાયકાઓ પહેલા કરેલા વિચારો અને અનુભવો ફરી જીવંત થઈ રહ્યા હોય એવું લાગતું હતું.

મિત્રો,

કન્યાકુમારીનું આ સ્થળ હંમેશા મારા હૃદયની ખૂબ નજીક રહ્યું છે. કન્યાકુમારીમાં વિવેકાનંદ રોક મેમોરિયલ શ્રી એકનાથ રાનડે દ્વારા બનાવવામાં આવ્યું હતું. મને એકનાથજી સાથે ઘણી મુસાફરી કરવાની તક મળી. આ સ્મારકના નિર્માણ દરમિયાન થોડો સમય કન્યાકુમારીમાં રહીને ત્યાંની મુલાકાત લેવી સ્વાભાવિક હતું.

કાશ્મીરથી કન્યાકુમારી સુધી... દરેક દેશવાસીના હૃદયમાં આ આપણી સમાન ઓળખ છે. આ તે શક્તિપીઠ છે જ્યાં માતા શક્તિએ કન્યા કુમારીના રૂપમાં અવતાર લીધો હતો. આ દક્ષિણ છેડે, માતા શક્તિએ તપસ્યા કરી અને ભગવાન શિવની રાહ જોઈ જેઓ ભારતના ઉત્તરના છેડે હિમાલય પર બેઠા હતા.



કન્યાકુમારી એ સંગમની ભૂમિ છે. આપણા દેશની પવિત્ર નદીઓ જુદા જુદા સમુદ્રોને મળે છે અને અહીં તે સમુદ્રોનો સંગમ થાય છે. અને અહીં બીજો એક મહાન સંગમ દેખાય છે - ભારતનો વૈચારિક સંગમ!

વિવેકાનંદ રોક મેમોરિયલની સાથે, સંત તિરુવલ્લુવર, ગાંધી મંડપમ અને કામરાજર મણિ મંડપમની વિશાળ પ્રતિમા છે. મહાન વીરોના વિચારોની આ ધારાઓ અહીં રાષ્ટ્રીય વિચારનો સંગમ રચે છે. આનાથી રાષ્ટ્ર નિર્માણ માટે મહાન પ્રેરણા મળે છે. જેઓ ભારત એક રાષ્ટ્ર અને દેશની એકતા પર શંકા કરે છે, તેમને કન્યાકુમારીની આ ધરતી એકતાનો અમીટ સંદેશ આપે છે.

કન્યાકુમારીમાં સંત તિરુવલ્લુવરની વિશાળ પ્રતિમા સમુદ્રમાંથી મા ભારતીના વિસ્તરણને જોઈ રહી હોય તેવું લાગે છે. તેમનું સર્જન 'થિરુક્કુરલ' તમિલ સાહિત્યના રત્નોથી જડેલા તાજ જેવું છે. તે જીવનના દરેક પાસાઓનું વર્ણન કરે છે, જે આપણને આપણા પોતાના અને રાષ્ટ્ર માટે શ્રેષ્ઠ આપવા માટે પ્રેરણા આપે છે. આવા મહાન વ્યક્તિત્વને શ્રદ્ધાંજલિ આપીને મને ખૂબ આનંદ થયો.

મિત્રો,

સ્વામી વિવેકાનંદજીએ કહ્યું હતું - Every Nation Has a Message To deliver, a mission to fulfil, a destiny to reach.

ભારત હજારો વર્ષોથી આ ભાવના સાથે સાર્થક હેતુ સાથે આગળ વધી રહ્યું છે. ભારત હજારો વર્ષોથી વિચારોના સંશોધનનું કેન્દ્ર રહ્યું છે. આપણે જે કમાણી કરી છે તેને ક્યારેય આપણી અંગત મૂડી તરીકે ગણવામાં આવી નથી અને તેને ક્યારેય આર્થિક કે ભૌતિક માપદંડો પર તોલવામાં આવી નથી. એ કારણે , ' ઈદમ ના મમ ' ભારતના પાત્રનો સહજ અને સહજ ભાગ બની ગયો છે.

આપણી સ્વાતંત્ર્ય ચળવળ એ ભારતના કલ્યાણનું એક મોટું ઉદાહરણ છે જે વિશ્વના કલ્યાણ તરફ દોરી જાય છે, ભારતની પ્રગતિ વિશ્વની પ્રગતિ તરફ દોરી જાય છે. 15 ઓગસ્ટ 1947ના રોજ ભારત આઝાદ થયું. તે સમયે વિશ્વના ઘણા દેશો ગુલામીમાં હતા. તે દેશોને પણ ભારતની આઝાદીમાંથી પ્રેરણા અને તાકાત મળી, તેમણે આઝાદી મેળવી. અત્યારે કોરોનાના મુશ્કેલ સમયનું ઉદાહરણ પણ આપણી સામે છે. જ્યારે ગરીબ અને વિકાસશીલ દેશો વિશે આશંકા વ્યક્ત કરવામાં આવી રહી હતી, પરંતુ ભારતના સફળ પ્રયાસોએ ઘણા દેશોને પ્રોત્સાહન અને સહકાર આપ્યો.

આજે ભારતનું ગવર્નન્સ મોડલ વિશ્વના ઘણા દેશો માટે ઉદાહરણ બની ગયું છે. માત્ર 10 વર્ષમાં 25 કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢ્યા એ અભૂતપૂર્વ છે. લોકો તરફી સુશાસન, મહત્વાકાંક્ષી જિલ્લો, એસ્પિરેશનલ બ્લોક જેવા નવતર પ્રયોગો જેની ચર્ચા આજે દુનિયામાં થઈ રહી છે. ગરીબોના સશક્તીકરણથી લઈને લાસ્ટ માઈલ ડિલિવરી સુધી, સમાજના છેલ્લા વ્યક્તિને પ્રાથમિકતા આપવાના અમારા પ્રયાસોએ વિશ્વને પ્રેરણા આપી છે. ભારતનું ડિજિટલ ઈન્ડિયા અભિયાન આજે સમગ્ર વિશ્વ માટે એક ઉદાહરણ છે કે કેવી રીતે આપણે ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ગરીબોને સશક્ત કરવા, પારદર્શિતા લાવવા અને તેમને તેમના અધિકારો અપાવવા માટે કરી શકીએ છીએ. ભારતમાં આજે, ગરીબોને માહિતી અને સેવાઓની સુલભતા સુનિશ્ચિત કરીને સસ્તો ડેટા સામાજિક સમાનતાનું માધ્યમ બની રહ્યો છે. આખું વિશ્વ ટેક્નોલોજીના આ લોકશાહીકરણને સંશોધનના દૃષ્ટિકોણથી જોઈ રહ્યું છે અને મોટા વૈશ્વિક સંગઠનો ઘણા દેશોને અમારા મોડેલમાંથી શીખવાની સલાહ આપી રહ્યા છે.

આજે ભારતની પ્રગતિ અને ભારતનો ઉદય એ માત્ર ભારત માટે જ મોટી તક નથી. વિશ્વભરના આપણા તમામ સાથી દેશો માટે પણ આ એક ઐતિહાસિક અવસર છે. G-20ની સફળતા બાદ વિશ્વ ભારતની આ ભૂમિકાને વધુ સ્વરપૂર્વક સ્વીકારી રહ્યું છે. આજે ભારતને વૈશ્વિક દક્ષિણના મજબૂત અને મહત્વપૂર્ણ અવાજ તરીકે સ્વીકારવામાં આવી રહ્યું છે. ભારતની પહેલ પર જ આફ્રિકન યુનિયન G-20 જૂથનો ભાગ બન્યો. આ તમામ આફ્રિકન દેશોના ભવિષ્યમાં મહત્વનો વળાંક સાબિત થયો છે.

મિત્રો,

નવા ભારતનું આ સ્વરૂપ આપણને ગર્વ અને ગૌરવથી ભરી દે છે, પરંતુ સાથે સાથે તે 140 કરોડ દેશવાસીઓને તેમના કર્તવ્ય પ્રત્યે જાગૃત પણ કરાવે છે. હવે એક પણ ક્ષણ બગાડ્યા વિના આપણે મોટી જવાબદારીઓ અને મોટા ધ્યેયો તરફ પગલાં ભરવા પડશે. આપણે નવા સપના જોવાના છે. તમારા સપનાઓને તમારું જીવન બનાવો અને તે સપનાઓ જીવવાનું શરૂ કરો.

આપણે ભારતના વિકાસને વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં જોવો પડશે અને આ માટે આપણે ભારતની સહજ ક્ષમતાને સમજવી જરૂરી છે. આપણે ભારતની શક્તિઓને સ્વીકારવી પડશે, તેમને મજબૂત બનાવવી પડશે અને વિશ્વના હિતમાં તેનો સંપૂર્ણ ઉપયોગ કરવો પડશે. આજના વૈશ્વિક સંજોગોમાં, એક યુવા રાષ્ટ્ર તરીકે ભારતની ક્ષમતા એ આપણા માટે એક સુખદ સંયોગ અને તક છે જ્યાંથી આપણે પાછળ વળીને જોવાની જરૂર નથી.

આજે 21મી સદીની દુનિયા ભારત તરફ મોટી અપેક્ષાઓ સાથે જોઈ રહી છે. અને વૈશ્વિક પરિદ્રશ્યમાં આગળ વધવા માટે આપણે ઘણા ફેરફારો કરવા પડશે. આપણે સુધારાને લઈને આપણી પરંપરાગત વિચારસરણી પણ બદલવી પડશે. ભારત સુધારાને માત્ર આર્થિક ફેરફારો સુધી મર્યાદિત કરી શકે નહીં. આપણે જીવનના દરેક ક્ષેત્રમાં સુધારા તરફ આગળ વધવાનું છે. આપણા સુધારાઓ પણ 2047 સુધીમાં વિકસિત ભારતના સંકલ્પને અનુરૂપ હોવા જોઈએ.

સુધારણા કોઈ પણ દેશ માટે ક્યારેય અલગ પ્રક્રિયા ન હોઈ શકે. તેથી જ મેં દેશ માટે રિફોર્મ, પરફોર્મ અને ટ્રાન્સફોર્મનું વિઝન આગળ રાખ્યું. રિફોર્મની જવાબદારી નેતૃત્વની છે. તેના આધારે આપણી બ્યુરોક્રસી પરફોર્મ કરે છે અને પછી જ્યારે જનતા તેની સાથે જોડાય છે, ત્યારે ટ્રાન્સફોર્મ થતા જોઈ શકાય છે.

ભારતને વિકસિત ભારત બનાવવા માટે આપણે શ્રેષ્ઠતાને આપણું મૂળ મૂલ્ય બનાવવું પડશે. અમારે ચારેય દિશામાં ઝડપથી કામ કરવું પડશેઃ સ્પીડ, સ્કેલ, સ્કોપ અને સ્ટાન્ડર્ડ. આપણે ઉત્પાદનની સાથે ગુણવત્તા પર ભાર મૂકવો પડશે, આપણે શૂન્ય ખામી - શૂન્ય અસરના મંત્રને આત્મસાત કરવો પડશે .

મિત્રો,

આપણને દરેક ક્ષણે ગર્વ હોવો જોઈએ કે ભગવાને આપણને ભારતની ભૂમિમાં જન્મ આપ્યો છે. ભગવાને અમને ભારતની સેવા કરવા અને તેની ટોચ સુધીની સફરમાં અમારી ભૂમિકા ભજવવા માટે પસંદ કર્યા છે.

પ્રાચીન મૂલ્યોને આધુનિક સ્વરૂપે અપનાવીને આપણા વારસાને આધુનિક રીતે નવી રીતે વ્યાખ્યાયિત કરવાના છે .

એક રાષ્ટ્ર તરીકે આપણે આપણી જૂની વિચારસરણી અને માન્યતાઓને પણ સુધારવી પડશે. આપણે આપણા સમાજને વ્યાવસાયિક નિરાશાવાદીઓના દબાણમાંથી મુક્ત કરવો પડશે . આપણે યાદ રાખવું જોઈએ કે, નકારાત્મકતામાંથી મુક્તિ એ સફળતાની સિદ્ધિ સુધી પહોંચવા માટેની પ્રથમ ઔષધિ છે. સકારાત્મકતાના ખોળામાં જ સફળતા ખીલે છે.

ભારતની અસીમ અને અમર શક્તિમાં મારી શ્રદ્ધા, આદર અને આસ્થા પણ દિવસેને દિવસે વધી રહી છે. મેં છેલ્લા 10 વર્ષોમાં ભારતની આ સંભાવનાને વધુ જોયેલી અને અનુભવી છે .

જેમ આપણે આપણી આઝાદી માટે 20મી સદીના ચોથા-પાંચમા દાયકાનો ઉપયોગ કર્યો છે, તેવી જ રીતે આપણે 21મી સદીના આ 25 વર્ષોમાં વિકસિત ભારતનો પાયો નાખવો પડશે. સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન દેશવાસીઓ માટે બલિદાન આપવાનો સમય હતો. આજનો સમય બલિદાનનો નથી પરંતુ સતત યોગદાનનો છે.

સ્વામી વિવેકાનંદે 1897માં કહ્યું હતું કે આપણે આગામી 50 વર્ષ માત્ર રાષ્ટ્રને સમર્પિત કરવાના છે. તેમના આહ્વાનના બરાબર 50 વર્ષ પછી, ભારત 1947માં સ્વતંત્ર થયું.

આજે આપણી પાસે આવી સુવર્ણ તક છે. ચાલો આગામી 25 વર્ષ રાષ્ટ્ર માટે જ સમર્પિત કરીએ. આપણા આ પ્રયાસો આવનારી પેઢીઓ અને આવનારી સદીઓ માટે નવા ભારતના મજબૂત પાયા તરીકે અમર રહેશે. દેશની ઊર્જા જોઈને હું કહી શકું છું કે ધ્યેય બહુ દૂર નથી. આવો, આપણે ઝડપથી આગળ વધીએ ચાલો સાથે મળીને આગળ વધીએ અને ભારતનો વિકાસ કરીએ.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

લોકોના જીવને જોખમમાં મુક્યા:વલસાડના પારનેરા સુગર ફેક્ટરી સામે મણિબા કોમ્પ્લેક્ષમાં ગેરકાયદેસર રીતે 12 દુકાનો સક્ષમ અધિકારીઓની પરવાનગી મેળવી નહતી

# વલસાડમાં સંચાલકે ફાયર NOC મેળવ્યા વિના ગેરકાયદેસર દુકાનો ભાડે આપી




(એજન્સી) વલસાડ | તા.02

વલસાડ પારનેરા સુગર ફેક્ટરી સામે આવેલા મણિબા કોમ્પ્લેક્ષને ગેરકાયદેસર રીતે 12 દુકાનો બાંધી સક્ષમ અધિકારીઓની પરવાનગી લીધા વિના દુકાનો ભાડે આપી હતી. જેમાં એક દુકાન કેમિકલ એજન્સીની સંચાલીક મહિલાને ભાડે આપી હતી. મહિલાના પિતા અને ભાઈને કેમિકલનો કોઈ અભ્યાસ કે અનુભવ ન હોવા છત્તા દુકાનમાં બેસી સંચાલક કર્યું હતું. જે દરમ્યાન ગત 2જી ઓક્ટોબર 2023ના રોજ આગ લાગતા કોમ્પ્લેક્ષમાં આવેલી 12 દુકાનના સંચાલકો અને આજુબાજુમાં રહેતા લોકોને જીવ જીખમમાં મુક્યા હતા. તે બદલ કોમ્પ્લેક્ષના સંચાલકો અને ગીત કેમ સ્પેશ્યાલિસ્ટની દુકાનનું સંચાલન કરતા પિતા પુત્ર અને દીકરી સહિત કુલ 6 ઈસમો સામે વલસાડ રૂરલ પોલીસ મથકે જેનિશ બીપીનભાઈ પટેલે ફરિયાદ નોંધાવી હતી. વલસાડ રૂરલ પોલીસે ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

વલસાડના પારનેરા સુગર ફેક્ટરી સામે મણિબા કોમ્પ્લેક્ષમાં ગેરકાયદેસર રીતે 12 દુકાનો સક્ષમ અધિકારીઓની પરવાનગી મેળવી ન હતી. કોમ્પ્લેક્ષમાં ફાયર NOC કે સક્ષમ અધિકારીઓની પરવાનગી મેળવ્યા વિના ઈશ્વરભાઈ ડાહ્યાભાઈ પટેલ, ઉષાબેન ઈશ્વરભાઈ પટેલ અને જીગ્નેશ ઉર્ફે જીગો ઈશ્વરભાઈ પટેલે ગેરકાયદેસર રીતે કોમ્પ્લેક્ષમાં આવેલી 12 દુકાનો ભાડે આપી હતી. કોમ્પ્લેક્ષમાં આવેલી દુકાન ન. 10 પ્રિયંકા રાહુલ બાગલેને દુકાન ભાડે આપી હતી. પ્રિયંકા બાગલે ગીત કેમ સ્પેશ્યાલિસ્ટ કેમિકલ ટ્રેડિંગનો ધંધો કરતી હતી. ગીત કેમ સ્પેશ્યાલિસ્ટ કેમિકલ ટ્રેડિંગમાં કેમિકલનો વેપાર કરતી હતી.

પ્રિયંકાબેન બાગલેના પિતા રાજેન્દ્રભાઈ ગંગારામ મંડલીક અને ભાઈ હિમાલય રાજેન્દ્રભાઇ મંડલીક કેમેકલ અંગે કોઈપણ યોગ્ય જાણકારી ન હોવા છત્તા ગીત કેમ સ્પેશ્યાલિસ્ટ કેમિકલની એજન્સીનું સંચાલન કરતા હોવાનું સામે આવ્યું હતું. 2જી ઓક્ટોબર 2023ના રોજ અગમ્ય કારણોસર મણિબા કોમ્પ્લેક્ષમાં આગ ભભૂકી ઉઠી હતી. આગની ઘટનામાં કોમ્પ્લેક્ષ સંચાલકો અને ગીત કેમ સ્પેશ્યાલિસ્ટ કેમિકલ એજન્સીના સંચાલકોની બેદરકારીને લઈને આગની ઘટનામાં કેટલાક લોકોને જીવ ગયા હતા. જ્યારે કેટલાક લોકો દાજી ગયા હતા. ઘટનામાં કોમ્પ્લેક્ષ સંચાલકે ફાયર NOC મેળવ્યા વિના ગેરકાયદેસર રીતે કોમ્પ્લેક્ષ ઉભું કર્યું હતું. ફાયર સેફટીના અભાવે દુર્ઘટના ઘટી હતી. જેને લઈને જેનિશ બીપીનભાઈ પટેલે વલસાડ રૂરલ પોલીસ મથકે 6 ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી. વલસાડ રૂરલ પોલીસે ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

**ન્યૂઝ કોર્નર**

## બાઇક પર લગ્ન પ્રંસગે દાહોદ જતા પરિવારને અકસ્માત: દંપતીનું મોત

વડોદરા | દાહોદ વતનમાં લગ્ન પ્રસંગે જતા દંપતીની બાઇકને વહેલી સવારે આજવા ચોકડી પાસે અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતા દંપતીનું સ્થળ પર જ કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે ચાર વર્ષ અને દોઢ વર્ષના બાળકોને સામાન્ય ઈજા થતા સયાજી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના બીલવાણી ગામે રહેતો વિક્રમ સવસીંગભાઈ ભાભોર તેની પત્ની અને બે બાળકો સાથે વાઘોડિયા રોડ ગાયત્રી મંદિર પાસે શ્રીનાથ સોસાયટીમાં રહે છે અને કડિયા કામની મજૂરી કરે છે. તેની સાથે દોઢ અને ચાર વર્ષના બે બાળકો રહે છે. જ્યારે અઢી વર્ષનો પુત્ર કાળુ વતનમાં દાદા - દાદી સાથે રહે છે.

## વડોદરામાં સમાધાન માટે બોલાવી 4 લોકોએ હુમલો કર્યો

વડોદરા | જૂના ઝઘડાના સમાધાન માટે બોલાવી બેલ્ટ અને બ્લેડ વડે હુમલો કરી ચાર આરોપીઓ ભાગી ગયા હતા. જે અંગે કપુરાઇ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.વાઘોડિયા રોડ કાન્હા લક્ઝરીયા એપાર્ટમેન્ટમાં રહેતા વિદ્યાર્થી દિક્ષીત મુકેશભાઇ જયસ્વાલે કપુરાઇ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, ગત તા. ૨૯ મી એ હું મારા મિત્ર વંશ ઠક્કર, હેત શાહ સાથે બહાર ફરવા નીકળ્યો હતો. મારા મિત્ર વંશ ઠક્કર પર ક્રિશના વારંવાર ફોન આવતા હતા. વંશે ફોન રિસિવ કરતા ક્રિશે કોઇ ઝઘડાના સમાધાન માટે હોટલ મેરિલેન્ડ બોલાવ્યા હતા. જેથી, અમે ત્રણેય રાતે સાડા દશ વાગ્યે હોટલ મેરિલેન્ડની નીચે જય દ્વારકાધિશ પાનની પાસે પહોંચ્યા હતા. ત્યાં સઈમ શેખ, ક્રિશ, યાસર પટેલ અને જેનિલ માયાવંશી હાજર હતા. તેઓ અમને ગાળો બોલવા લાગ્યા હતા. સઈમ શેખ બેલ્ટ કાઢીને અમને મારવા લાગ્યો હતો. ચાર પૈકી એક આરોપીએ બ્લેડ જેવા હથિયાર વડે હુમલો કર્યો હતો.

# અકસ્માતોમાં 10 મોત, 57 ઘાયલ...

## નવસારીમાં પાંચ વાહન વચ્ચે ટક્કર, વડોદરામાં બાઈકને અકસ્માત નડતા આઈસર અને લક્ઝરી બસ પલટી મારતા અકસ્માત સર્જાયો

(એજન્સી) વડોદરા | તા.02

શનિવારે મોડાસા, નવસારી, વડોદરા અને પાલીમાં વિવિધ અકસ્માતોમાં ગુજરાતના 10 લોકોનાં મોત નીપજ્યાં અને 57 લોકોને ઈજા પહોંચી હતી. મોડાસામાં બાઈક સવારને બચાવવા જતાં એસટી અને લક્ઝરી બસ વચ્ચે ટક્કર થતાં 3 લોકોનાં મોત થયા જ્યારે 26 મુસાફરોને ઈજા પહોંચી છે. વડોદરામાં વિચિત્ર અકસ્માત સર્જાયો. જેમાં બાઇક સવારને અજાણ્યા વાહનચાલકે ટક્કર મારતા દંપતીના મોત થયા. જ્યારે નવસારીમાં ટેમ્પો, બે કાર, એક રિક્ષા અને બાઇક વચ્ચે ટક્કર થતાં 3 લોકો અકસ્માતનો ભોગ બન્યા છે. તો રાજસ્થાનના પાલીમાં એસયુવીએ કારને ટક્કર મારતા ભુજના વતની પરિવારમાંથી માતા-પુત્રનું મોત થઇ ગયુ. જ્યારે પિતા ઉપરાંત ત્રણ સંતાનો ઈજા પહોંચી છે.



## ભુજના પરિવારને પાલીમાં, મોડાસામાં જગન્નાથપુરીથી પરત થતાં પ્રવાસીઓને અકસ્માત નડ્યો

### બાઈક સવાર દંપતી ભોગ બન્યું

વડોદરા નેશનલ હાઈવે 48 ઉપર આજવા બ્રિજ પાસે લક્ષ્મી સ્ટુડિયો નજીક સુરત થી અમદાવાદ તરફ જઈ રહેલા બાઈક સવારને અજાણ્યા વાહને ટક્કર મારતા દંપત્તિનું મોતની હતુ ત્યારે બે માસુમ બાળકોનો બચાવ થયો હતો આ ઘટનાને પગલે અમદાવાદ થી સુરત તરફ જઈ ધીમી ગતિએ જઈ રહેલા આઈસર ટેમ્પાને પૂર ઝડપે પાછળથી ઘસી આવેલી લક્ઝરી બસ એ ટક્કર મારતા બંને પલટી ખાઈ ગયા હતા લક્ઝરી બસના 20 મુસાફરોને ઈજા પહોંચી હતી.

**મોડાસા | બાઈક વચ્ચે આવતાં અકસ્માત :** મોડાસા-માલપુર હાઈવે પર આવેલા સાકરિયામાંથી પસાર થતી એસટીના ચાલકે બાઈક ચાલકને બચાવવા જતાં બસ ડિવાઈડર કૂદી રોંગ સાઈડે જતી રહેતાં સામેથી આવી રહેલી લક્ઝરીને ટકરાતાં અકસ્માતમાં બાઈક ચાલક, લક્ઝરીનો ક્લીનર અને બસમાં મુસાફરી કરી રહેલી મહિલાના કમકમાટી ભર્યા મોત નિપજ્યા હતા. વડોદરા જિલ્લાના સાવલીના પ્રવાસીઓ જગન્નાથપુરી દર્શન કરી પરત ફરી રહ્યા હતા. 26 પ્રવાસીઓને ઈજાઓ પહોંચી હતી.

### પાલી | માતા-પુત્રનું મોત, પિતા-3 પુત્ર ઘાયલ

ભુજ | હીના પાર્કમાં રહેતો ખત્રી પરિવાર કાર લઈ અજમેર જઈ રહ્યો હતો ત્યારે રાજસ્થાનના પાલી નજીક અકસ્માત નડ્યો હતો.જેમાં ગંભીર ઈજાઓ થતા માતા અને પુત્રનું મોત થયું છે જયારે પિતા અને ત્રણ પુત્ર ઈજાગ્રસ્ત થતા સારવાર તળે ખસેડાયા છે. પાલી-સોજત હાઈવે પર પુરપાટે જતી એસયુવી કાર આગળ જતી અન્ય કાર સાથે ભટકાઈ હતી.અકસ્માત બાદ એસયુવી કાર ઝાડ સાથે અથડાઈ ચાર પલટી ખાઈ ગઈ હતી.

### નવસારી | ટેમ્પો-બે કાર, રિક્ષા અને બુલેટ વચ્ચે ગોઝારો અકસ્માત સર્જાયો

ખારેલ | નવસારીમાં 24 કલાક વાહન વ્યવહારથી વ્યસ્ત રહેતા નવસારી પાસેના ને.હા.નં.48 અષ્ટગામ પાસે આઈસર ટેમ્પો ચાલકે કાબૂ ગુમાવતા સામેની લાઈનમાં ધસી જતા બે કાર, રિક્ષા અને બાઈકને અડફેટે લીધી હતી. આ અકસ્માત બનાવમાં 2 યુવકના ઘટનાસ્થળે મોત નિપજ્યા હતા. જ્યારે એક યુવતીનું ટૂંકી સારવાર બાદ ખાનગી હોસ્પિટલમાં મોતને ભેટી હતી. જ્યારે 7 વ્યક્તિને ગંભીર ઈજા પહોંચી હતી.

# મહેસાણામાં સોસાયટીમાં મકાન જોવા ગયેલા દંપતીનું નવું એક્ટિવા ચોરાયું

(એજન્સી) મહેસાણા | તા.02



મહેસાણામાં દસ દિવસ અગાઉ ગુજરાત હાઉસિંગ બોર્ડ એક માળિયા પાસે આવેલા રાધા સ્વામી સોસાયટી બહાર પાર્ક કરેલ નવું નક્કોર એક્ટિવા સાંજે અજાણ્યા તસ્કરો ચોરી ગયા હતા. ઘટનાના પગલે ફરિયાદીએ એક્ટિવાની શોધખોળ આદરી હતી. જોકે, એક્ટિવા ક્યાંય ન મળતા તેઓએ મહેસાણા શહેર એ ડિવિઝન પોલીસમાં એક્ટિવા ચોરી અંગે ફરિયાદ નોંધાવી છે.

મહેસાણામાં આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડમાં રહેતા રેખાબેન વ્યાસ પોતાના પતિ યોગેશ કુમાર સાથે 21 મેં ના રોજ પોતાનું નવું એક્ટિવા લઈ સાંજે પોણા સાતે રાધાસ્વામી સોસાયટીમાં મકાન જોવા ગયા હતાં. જ્યાં સોસાયટી બહાર એક્ટિવા પાર્ક કરી મકાન જોવા ગયા એ દરમિયાન અજાણ્યા તસ્કરો તેઓનું એક્ટિવા ચોરી ફરાર થઈ ગયા હતા.

બાદમાં મકાન જોઈ લીધા બાદ એક્ટિવા લેવા આવતા એક્ટિવા જોવા ન મળતા તેઓએ આસપાસના વિસ્તારમાં તપાસ કરી હતી. જોકે, એક્ટિવા ક્યાંક ન મળતા તેઓએ આજે મહેસાણા શહેર એ ડિવિઝન પોલીસમાં 85 હજારની કિંમતનું એક્ટિવા ચોરી અંગે ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદીએ જણાવ્યું કે તેઓએ પોતાના ઘર વપરાસ માટે નવું એક્ટિવા 4 મેં ના રોજ લીધું હતું. હજુ એક માસ પણ થયો નથી ત્યાં તસ્કરો એક્ટિવા ચોરી જતા ફરિયાદ નોંધાવી છે. તેમજ શહેરમાં લાગેલા નેત્રમ કેમેરામાં તપાસ કરતા તેમાં એક્ટિવા મહેસાણા શહેરમાં અલગ અલગ વિસ્તારમાં ફરતું જોવા મળ્યું હતું.

# મહેસાણામાં બ્લીસ વોટર પાર્ક પાછળ રૂમમાં મુકેલા ભંગારમાં વહેલી સવારે આગ લાગી...

મહેસાણા | મહેસાણાના ઊંઝા હાઈવે પર આવેલા બ્લીસ વોટર પાર્ક પાછળ રૂમમાં પડેલા ભંગારમાં આજે વહેલી સવારે આગ લાગી હતી. જેની જાણ થતાં જ પાલિકાના ફાયર બ્રિગેડ દોડતા થયા હતા. ઘટના સ્થળે ફાયર ટીમોએ પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી પરત ફર્યા હતા. જોકે, આગની ઘટનામાં કોઈ મોટી જાનહાની સર્જાઈ ન હતી.

ગઈ કાલે બપોરે બેચરાજીના ડેડાણા રોડ પર આવેલા વાડામાં રહેલા ભંગારમાં ભારે આગ લાગી હતી. આ ઘટનાના 24 કલાક થયા નથી ત્યાં આજે વહેલી સવારે 5.30 કલાક આસપાસના અમયમાં મહેસાણા ઊંઝા હાઈવે પર આવેલા બ્લીસ એકવા વર્લ્ડ વોટર પાર્કની પાછળના ભાગે આવેલ રૂમમાં પડેલા ભંગારમાં અગમ્ય કારણોસર આગ લાગતા આગના ધુમાડા રૂમ બહાર આવી ગયા હતા. તેમજ આગની જ્વાળા રૂમ બહાર આવતા હાજર સ્ટાફના કર્મીઓએ મહેસાણા પાલિકાના ફાયર વિભાગને જાણ કરી હતી.

ફાયર ટીમોને આગનો કોલ મળતા જ તાબડતોબ પોતાની ટીમ સાથે ઘટના સ્થળે પહોંચી 15000 લીટર પાણીનો મારો ચલાવી દોઢ કલાકની ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવી ફાયર ટીમો પરત ફરી હતી. જોકે, આગની ઘટનામાં કોઈ જાનહાની થઈ ન હોવાની વિગતો સામે આવી છે.

# રાંદેરના વેપારીના ઘરેથી 42 લાખનું LSD ડ્રગ્સ, હાઈબ્રિડ ગાંજો મળ્યો

(એજન્સી) સુરત | તા.02

પાલનપુર પાટિયાની કૃષ્ણકુંજ સોસાયટીમાં હીરાવેપારીના ઘરે એસઓજીના સ્ટાફે શનિવારે સાંજે ચેકિંગ કર્યું હતું. આ દરમિયાન વેપારીના ઘરમાં કબાટમાંથી LSD ડ્રગ્સની 9 પડીકી 170 મિલિગ્રામ અને હાઈબ્રિડ ગાંજો મળી 42.65 લાખના નશીલા પદાર્થો મળી આવ્યા હતા. આ નશીલા પદાર્થો આરોપી વેપારી ડાર્ક વેબ પરથી મંગાવતો હતો. 3 દિવસ પહેલાં LSD ડ્રગ્સનું પાર્સલ બેંગકોકથી આવ્યું હોવાનું જાણવા મળતાં સ્પેશિયલ ઓપરેશન ગૃપના સ્ટાફે વેપારીને ત્યાં દરોડા પાડ્યા હતા. હાલમાં હીરા વેપારી પાર્થ કેતન મંદિરવાલા (30) (રહે. કૃષ્ણકુંજ સોસા, પાલનપુર પાટિયા, રાંદેર, મૂળ રહે, ભીનમાલ, રાજસ્થાન)ને વોન્ટેડ જાહેર કર્યો છે.

પાર્થ મંદિરવાલા હાલમાં 29 મેએ થાઈલેન્ડ ગયો હતો. તેના પરિવારે જણાવ્યું હતું કે, પાર્થ નશીલા પદાર્થનું સેવન કરે છે.' પાર્થ દુબઈ-થાઈલેન્ડ હીરાના ધંધા માટે જતો હોવાની ઘરે વાત કરી હતી. ડ્રગ્સના વેપલાની આશંકા લાગી રહી છે. LSDના એક ગ્રામનો ભાવ 25 હજાર છે. 170 મિલિગ્રામ ડ્રગ્સ ઘરમાંથી મળી આવતાં વેચાણ પણ કરતો હોવાની શક્યતા છે.

# પાટણ નગરપાલિકામાં 4 બહેનોનો વિદાય સન્માન કાર્યક્રમ યોજાયો...

(એજન્સી) પાટણ | તા.02

પાટણ નગરપાલિકા ખાતે એક વર્ષના કરાર આધારિત ટ્રેનિંગ બેજ ઉપર નોકરી કરતી 4 બહેનોનો ફરજ પરનો સમયગાળો શનિવારે પૂર્ણ થતાં પાલિકાના વેરા શાખા ખાતે કારોબારી ચેરમેન મુકેશભાઈ પટેલ, ઉપપ્રમુખ હીનાબેન શાહ, કોર્પોરેટર ડો.નરેશ દવે, વેરા શાખા અધિકારી લક્ષ્મણભાઈ પટેલ, સંજયભાઈ પટેલ સહિતના સ્ટાફની ઉપસ્થિતિમાં વિદાય માન કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. પાટણ નગર પાલિકાની વેરા શાખામાં કરાર આધારિત એક વર્ષની ટ્રેનિંગ બેજ પર નિષ્ઠા પુર્વકની ફરજ બજાવી વિદાય લઈ રહેલા દિવ્યા પટેલ, કેના પટેલ, આયુષી પટેલ, અંજલિ ઠાકોરને ઉપસ્થિત સૌએ હુંફાળુ વિદાય માન આપી ભવિષ્યની શુભકામનાઓ સાથે વેરાશાખા અધિકારી લક્ષ્મણભાઈ પટેલ અને સંજયભાઈ પટેલે ચારેય બહેનોને પુષ્પગુચ્છ અને પેન આપી સન્માનિત કરી હતી.



# પોલીસ જાપ્તામાં મારી નાખ્યાના આક્ષેપ બાદ બે કોન્સ્ટેબલ સામે હત્યાનો ગુનો

(એજન્સી) સુરત | તા.02

અઢી વર્ષ પૂર્વે હત્યાની કોશિશના ગુનામાં આરોપી નાગેન્દ્ર રામઆશરે ગૌતમને પાંડેસરા પોલીસના બે કર્મચારીઓ યુપીથી પકડી પાડી ટ્રેનમાં સુરત લઈને આવતા હતા. રસ્તામાં ભુસાવલ સ્ટેશન પાસે ટ્રેન ધીમી પડતા આરોપીએ ટોઈલેટનું બહાનું કરી ચાલુ ટ્રેનમાંથી હાથકડી સાથે કૂદી ભાગી ગયો હતો. બીજી તરફ આરોપીના ભાઈએ પોલીસકર્મીઓ સામે ભાઈનું પોલીસ જાપ્તામાં મૃત્યુ નીપજાવ્યું હોવાનો આક્ષેપ કરી કોર્ટમાં સર્ચ વોરંટની અરજી કરી હતી. જેને લઈ કોર્ટના હુકમ આધારે પાંડેસરા પોલીસે જાતે ફરિયાદી બની ભેસ્તાન પોલીસના હેડ.કોન્સ્ટેબલ સંજય રણછોડ પરમાર અને પાંડેસરા પોલીસના કોન્સ્ટેબલ પ્રતિક લક્ષ્મણ રાઠોડ સામે હત્યાનો ગુનો નોંધ્યો છે.

આરોપીના ભાઈ ઓમપ્રકાશ ગૌતમે પોલીસ સામે આક્ષેપ કર્યો કે પોલીસકર્મીઓએ મારા ભાઈને ગોંધી રાખી તેને માર મારી લાશને સગેવગે કરી નાખી છે અને વર્ષ 2022માં કોર્ટમાં સર્ચ વોરંટ અરજી કરી હતી.

2021માં ભેસ્તાનમાં નાગેન્દ્ર ગૌતમે જ્યપ્રકાશના 13 અને 11 વર્ષના બે બાળકોને ત્રીજા માળે ધાબેથી નીચે ફેંકી દીધા હતા. જેમાં ગંભીર ઈજા થઈ હતી.

**બ્રેકિંગ ન્યૂઝ**

## સરદાર ભવનના ખાંચામાં રોડ માપી ગેરકાયદે દબાણો તોડી પાડવા માગ

વડોદરા | ખાંચામાં સાંકડા રોડ પર પસાર થવું પણ મુશ્કેલ બની ગયું છે અને દબાણો તથા પાર્કિંગના પ્રશ્નો છે, ત્યારે આ રોડની માપણી કરી દબાણ કરેલા બાંધકામો દૂર કરવાની માગણી મ્યુનિ. કમિશનર સમક્ષ કરવામાં આવી છે.વિશ્વામિત્રી બચાવો સમિતિએ આ અંગે રજૂઆત કરી છે કે સરદાર ભવન ખાતામાં ફાયરની એનઓસી અને બિલ્ડીંગ યુઝ પરમિશન નહીં હોવાથી ખોટી રીતે ખુલી ગયેલા શોરૂમો સીલ કરવામાં આવ્યા છે. અહીં વર્ષોથી રહેણાંક વિસ્તાર છે. આજકાલ ખુલી ગયેલા બે અને ત્રણ માળના શોરૂમોના બાંધકામો કોમર્શિયલ પરવાનગી સાથે હોવા જોઈએ.

## વિસનગરમાં વાતાવરણમાં પલટો, જોરદાર પવન સાથે વરસાદની શરૂઆત

વિસનગર | હજુ તો ઉનાળાની ઋતુ ચાલે છે તેવામાં મેઘરાજાએ એન્ટ્રી કરી લીધી છે. વિસનગરમાં વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો હતો. જેમાં દિવસભરની ગરમીને લઈ સાંજના સમયે એકાએક જોરદાર પવન સાથે જોરદાર વરસાદની શરૂઆત થઈ હતી. જેમાં અચાનક ભારે ગરમી બાદ એકાએક વરસાદ પડતા વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી જવા પામી હતી. છેલ્લા કેટલાય દિવસોથી લોકો ગરમીથી ત્રાહિમામ થઈ તોબા પોકારી ઊઠ્યા હતા. જેમાં વિસનગર વાસીઓ પણ ગરમીમાં અકળાયા હતા.

# દમણના એક બારમાં એક યુવકને અન્ય યુવકે કાચની બોટલ વડે માર માર્યો...

(એજન્સી) વલસાડ | તા.02

વલસાડ જિલ્લાને અડીને આવેલા સંઘપ્રદેશ દમણમાં ફરી એકવાર બાર એન્ડ રેસ્ટોરન્ટમાં મારામારીની ઘટના બની છે. જૂની અદાવતમાં એક યુવાને અન્ય યુવાનના શરીરે કાચની બોટલ વડે ઘાતકી પ્રહાર કરી લોહીલુહાણ કરી દેતા ઈજાગ્રસ્ત યુવાનને ગંભીર અવસ્થામાં હોસ્પિટલ ખાતે સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યો છે. મળી રહેલી માહિતી પ્રમાણે શુક્રવારની મોડી રાત્રે દમણના પાતલિયામાં આવેલ નિકિતા બાર એન્ડ રેસ્ટોરન્ટમાં પારડી તાલુકાના રેંટલાવ ગામના યુવાનો દારૂ બિયરની મહેફિલ માણી રહ્યા હતા. જે દરમિયાન દમણના સ્કૂલ ફળિયા મોટી વાંકડ ગામમાં રહેતો 28 વર્ષીય યુવાન વિશાલ પટેલ તેની મોપેડ ઉપર ત્યાં આવી પહોંચ્યો હતો. બંને યુવાનો વચ્ચે અગાઉ લગ્ન પ્રસંગમાં થયેલા ઝઘડાની અંગત અદાવતને લઈને બોલાચાલી થઈ હતી. જે બોલાચાલી ઝગડાના રૂપમાં પરિવર્તિત થઈ હતી. જે દરમિયાન બંને યુવાનો વચ્ચે સામસામે મારામારી થઈ હતી. જ્યાં રેંટલાવ ગામનો 30 વર્ષીય યુવાન જેકી પટેલે ગુસ્સામાં આવીને વિશાલ પટેલના માથાના ભાગે, હાથ ઉપર અને કમરના ભાગે કાચની બોટલ વડે જીવલેણ વાર કર્યા હતા.

જેમાં વિશાલ લોહીલુહાણ હાલતમાં જમીન ઉપર પટકાયો હતો. ઘટના બાદ આ કામનો આરોપી તથા તેના સાગરીતો ત્યાંથી ભાગી છૂટયા હતા. વિશાલને થયેલી ગંભીર ઈજાઓને લઈને લોહીલુહાણ હાલતમાં તાત્કાલિક સારવાર અર્થે સેલવાસની વિનોબાભાવે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

આ તરફ ઘટનાની જાણકારી કડૈયા પોલીસ ને થતાં પોલીસની એક ટીમ જગ્યા સ્થળે પહોંચી બાર એન્ડ રેસ્ટોરન્ટના CCTV ફૂટેજ તથા ઘટના નિહાલના લોકોના નિવેદન મેળવી આગળની તપાસ હાથ ધરી હતી.


# ટ્રેલર ભડકે બળ્યું:સિદ્ધપુર હાઇવે પર ટ્રેલરમાં ભીષણ આગ લાગતા બળીને ખાખ, ડ્રાઈવર અને કંડક્ટરનો આબાદ બચાવ

(એજન્સી) પાટણ | તા.02

સિદ્ધપુરના ખળી ચાર રસ્તા હાઈવે પર શનિવારે રાત્રે કોઈ અગમ્યો કારણોસર સિમેન્ટ ભરીને જઈ રહેલા ટ્રેલરમાં ભીષણ લાગી હતી. જોકે, સમય સુચકતા વાપરી ડ્રાઈવરે ટ્રેલર સાઈડમાં કરી નીચે ઉતરી ગયો હતો. જેથી ડ્રાઈવર અને કંડક્ટરનો બચાવ થયો હતો. જોકે, ટ્રેલર બળીને ખાખ થઈ ગયું હતું.

પાટણના સિદ્ધપુર ખળી ચાર રસ્તા હાઈવે પર શનિવારે રાત્રે સિમેન્ટ ભરેલુ ટ્રેલર જઈ રહ્યું હતું, તે સમયે ટ્રેલરના વાયરીંગમાં શોર્ટ સર્કિટ થવાનાં કારણે આગ લાગી હોવાનું જાણવા મળ્યું હતું, સમય સૂચકતાના કારણે ડ્રાઈવર કંડક્ટરે ગાડી સાઈડમાં પાર્ક કરી દીધી ઉતરી ગયા હતા. બીજી તરફ જોત જોતમાં જ ટ્રેલરમાં ભીષણ આગ લાગતા કેબિન બળીને થયું ખાખ થઈ ગયું હતું. સદનસીબે ડ્રાઈવર અને કંડકટરનો આબાદ બચાવ થયો હતો.

ટ્રેલરમાં આગ લાગી હોવાની જાણ સિદ્ધપુર નગર પાલિકાના ફાયર વિભાગને કરાતા ફાયર ફાઈટર અને પોલીસ સ્ટાફ ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા. જ્યાં ટ્રેલરમાં લાગેલી આગ પર પાણીનો મારો ચાલવી આગ કાબુમાં લીધી હતી. આગ દરમિયાન ટ્રેલરનું કેબીન બળીને ખાખ થયું હતું.



# બોટાદ પાલિકાએ પ્રજાને અંધારામાં રાખી વેરામાં 45 ટકા સુધીનો વધારો ઝીંકયો

(એજન્સી) બોટાદ | તા.02

બોટાદ નગરપાલિકા દ્વારા પ્રજાજનોને અંધારામાં રાખીને ખાનગી રાહે પાણી અને ગટરનો વેરો બમણો કરાયો છે. આ ઉપરાંત સફાઈ અને દિવાબત્તીનો ટેક્ષ ૧૫ ટકાનો સીધો ૪૫ ટકા કરવામાં આવતા તેના લોકોમાં ઘેરા પ્રત્યાઘાતો પડયા છે.આ અસહ્ય વધારો તાત્કાલીક અસરથી પાછો ખેંચી લેવાની રહિશોએ માંગ કરી છે અને જો આ માંગ નહિ સંતોષાય તો ઉગ્ર આંદોલનની પણ ચિમકી ઉચ્ચારાઈ છે.બોટાદમાં પાલિકા દ્વારા શહેરીજનો પર બમણાથી ત્રણ ગણો વેરો ઝીંકી દેવાયો છે. એકબાજુ અનેક સોસાયટીઓમાં રોડ, લાઈટ સહિતની પ્રાથમિક સુવિધાઓ આપવામાં આવી નથી તેમ છતાં પાલિકા દ્વારા છુપી રીતે ડબલ વેરા વધારો લાગુ કરી દેવાતા ભારે રોષ ફેલાયો છે. એકબાજુ પાલિકાએ ગત વર્ષની સરખામણીમાં વેરામાં બમણો વધારો કરાયો છે. સ્થાનિક પ્રજાને અંધારામાં રાખીને તેની વિધિવત જાહેરાત કર્યા બાદ વેરો વધારી દીધો છે. આ અગાઉ પાલિકા દ્વારા શહેરીજનો પાસેથી પાણી વેરો રૂા ૬૦૦ વસુલાતો હતો તેમાં વધારો કરી રૂા ૧૨૦૦ અને ગટરના રૂા ૧૨૦ ના ૨૪૦ કરી દેવામાં આવ્યા છે. આ વેરો ગત જાન્યુઆરી માસથી વધારી દેવામાં આવ્યો છે. હાલમાં નગરપાલિકા સુપરસીડ થઈ હોવાથી વહિવટદાર શાસન ચલાવી રહ્યા છે. ત્યારે આવા અસહ્ય વેરા લોકોની જાણ બહાર વધારી દેવામાં આવતા લોકોમાં પ્રબળ આક્રોશ ભભૂકી ઉઠયો છે. આથી આ કમ્મરતોડ વેરા વધારો વહેલી તકે લોકોના હિતમાં પાછો ખેંચવામાં આવે તેવી લોકો માંગ કરી રહ્યા છે.

## ન્યુઝ ફ્લેશ

### સ્કૂલવાન અને બસમાં શાળાએ જતા વિધાર્થીઓની સલામતી માટે સુચનો કરાયા

આણંદ | આણંદમાં આવેલી ૨૫૦થી વધુ સ્કુલના વિદ્યાર્થીઓ અગામી ૧૦મી જૂન પછી શાળાઓમાં જનાર છે.જેઓ આ સ્કુલોમાં બસ તથા સ્કુલ વાન થકી જતા હોય છે જે સીએનજી ગેસ કીટના વપરાશથી ચાલતી હોવાથી વાહન વ્યવહાર કમિશ્નર અને આણંદ પોલીસ કચેરી તરફથી શાળાના આચાર્યોને આણંદ આરટીઓ કચેરી દ્વારા એક બેઠક થકી સૂચનો આપવામાં આવ્યા છે.આણંદ જિલ્લામાં ૨૫૦થી વધુ સ્કુલ આવેલ છે.આ સ્કુલોમાં વિદ્યાર્થીઓને સ્કુલે લઈને આવતી સ્કુલ વાન અને બસો સીએનજી કીટનો વપરાશ સૌથી વધુ થતો હોવાથી શાળાના સંચાલકો, આચાર્યો અને આણંદ આરટીઓ કચેરી દ્વારા શનિવારે ડી.એન હાઈસ્કુલ આણંદ ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

### પેટલાદમાં ફાયર સેફ્ટી અંગે 6 હોસ્પિટલ સહિત 15 એકમોને નોટિસ

આણંદ : ફાયર સેફ્ટી અંગે વડોદરાના રિજીયોનલ ફાયર ઓફિસર દ્વારા ઓચિંતુ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ૬ હોસ્પિટલ સહિત ૧૫ જેટલા એકમોમાં ક્ષતિ જોવા મળતા નોટિસો ફટકારવામાં આવી હતી.વડોદરા સ્ટેટ ફાયર પ્રિવેન્શન સર્વિસીસના રીજીયોનલ ફાયર ઓફિસર દ્વારા પેટલાદ શહેરના વિવિધ એકમોમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ૬ હોસ્પિટલો સહિત ૧૫ એકમોમાં ફાયર સેફ્ટી અંગે ક્ષતિ જણાતા નોટિસ ફટકારી હતી. જેમાં આરૂશી હોસ્પિટલ, પલક હોસ્પિટલ, આદિત્ય હોસ્પિટલ, ક્રિષ્ના હોસ્પિટલ, હિૃદાંશ હોસ્પિટલ, મલ્ટી સ્પેશીયાલિટી હોસ્પિટલ સહિત સીટી લાઈટ સિનેમા, પટેલ પેટ્રોલ પંપ, શ્રી સાંઈ ટ્રેડર્સ, બાબા ટ્રેડર્સ, મનન ટ્રેડર્સ, અતિથી હોટલ, સેફ્રોન હોટેલ, સહકાર મોલ, જી.પી.કે. મોલનો સમાવેશ થાય છે.

### ગાંધીનગરના કોલેરાગ્રસ્ત વિસ્તારમાં બરફની ફેક્ટરીઓ પણ બંધ કરાવાઇ

ગાંધીનગર | ગાંધીનગર જિલ્લામાં દહેગામ અર્બન વિસ્તાર, ચિલોડા - શિહોલી મોટી, ઉપરાંત રામદેવપુરાવાસ કલોલ અને નવા વણકરવાસ પેથાપુરમાં કોલેરાના કેસ મળતા જિલ્લા કલેકટર મેહુલ દવેએ તાત્કાલિક અસરથી આ વિસ્તારોને કોલેરાગ્રસ્ત જાહેર કરી આ વિસ્તારોની મુલાકાત લઈ જરૂરી પગલાં ભરવા પ્રાંત અધિકારી અને મામલતદાર તેમજ આરોગ્ય વિભાગના અધિકારીઓએ આદેશ આપ્યા હતા.ગાંધીનગર જિલ્લા કલેકટરે સિવિલહોસ્પિટલની રૂબરૂ મુલાકાત લીધી હતી અને દર્દીઓના ખબર અંતર પૂછી તેમના પરિવાર પાસેથી સારવાર અંગેની સુવિધાની જાત માહિતી મેળવી હતી અને દર્દીઓના પરિવારજનોએ હોસ્પિટલની સુવિધા - સારવારથી સંતોષ વ્યક્ત કર્યો હતો.જેના પગલે તમામ અસરગ્રસ્ત વિસ્તારોમાં વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગની ટીમ દ્વારા તાત્કાલિક અસરથી જરૂરી કાર્યવાહી હાથ ધરાઈ હતી.

### વિવિધ જાહેર સ્થળોએ છાસવારે આખલા યુધ્ધના મંડાણ

# સિહોર શહેરમાં રખડતા પશુઓનો ત્રાસ વધવા છતાં તંત્રના આંખ આડા કાન

(એજન્સી) સિહોર | તા.02

સિહોર શહેરમાં છેલ્લા એક વર્ષથી રખડતા ખુંટીયા તથા ગાયોનો ત્રાસ દિન પ્રતિદિન વધી રહ્યો છે. તાજેતરમાં સિહોરમાં રખડતા ભટકતા ઢોરએ બે વ્યકિતઓનો ભોગ લીધો હતો તેમજ ત્રણથી ચાર વ્યકિતઓને ઈજાગ્રસ્ત કર્યા હોવા છતાં અંધેર તંત્રની આંખ ઉઘડતી ન હોય શહેરીજનોમાં સત્તાતંત્ર સામે પ્રબળ આક્રોશ ભભૂકી ઉઠયો છે.

સિહોર શહેરમાં આવેલા રેલવે સ્ટેશન રોડ, અમદાવાદ રોડ, દાદાની વાવ, વડલા ચોક, પ્રગટનાથ રોડ, ધનકેડી રોડ, મેઈન બજાર, શાક માર્કેટ, કંસારી બજાર, જુના સિહોર સહિતના અનેક વિસ્તારોમાં ૨૦ થી ૨૫ ઢોરના ટોળાઓ અને ઘણીવાર ખૂંટીયાઓ એકાએક દોટ મુકીને આખડી પડતા હોય ત્યારે ત્યાંથી પસાર થનાર રાહદારીઓ અને વાહનચાલકોને અડફેટે લેતા હોય છે.તાજેતરમાં સિહોરમાં રખડતા ઢોરએ ઢીંક મારતા રહિમભાઈ મુસાણી અને જૈતુનબેન સૈયદના મોત નિપજયા હતા. અત્યાર સુધીમાં સિહોર શહેરમાં ખૂંટીયાએ ઢીંક મારતા ગંભીર રીતે ઘવાયેલા ૫ થી ૬ વ્યકિતઓના મોત નિપજયા હતા.ઉપરોકત વિસ્તારોમાં



દિવસ અને રાત્રી દરમિયાન આ પશુઓ લાંબો સમય સુધી અડીંગા જમાવીને રોડ પર અડચણરૂપ પડયા પાથર્યા રહેતા હોય છે. આ ગંભીર બાબતે હાઈકોર્ટ દ્વારા ઢોર પકડવાનો હુકમ કરાયો હોવા છતાં સિહોર નગરપાલિકા દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવતી ન હોય શહેરીજનોમાં રોષ વ્યાપેલ છે. હાઈકોર્ટની તાકિદ હોવા છતાં સિહોરમાં જાણે કે, ઉલટી ગંગા વહેતી જોવા મળી રહેલ છે. નગરપાલિકા દ્વારા આવા બિનવારસી રખડતા પશુઓને પકડવાની કોઈ કાર્યવાહી કરવામાં આવતી ન હોય જેના કારણે દિન પ્રતિદિન રખડતા ઢોરની સંખ્યા વધતી જતી હોય છે. ઉપરોકત મેઈન બજારોમાં બહારગામથી હટાણા કરવા આવતા લોકોના લીધે ભારે ભીડ રહેતી હોય છે જેથી આવા લોકો રખડતા ઢોરની ઝપટે ન ચડી જાય અને વધુ કોઈ નિર્દોષ વ્યકિતનો ભોગ ન લેવાય તે માટે નગરપાલિકાએ આવા રખડતા ઢોરને પકડવા માટે અસરકારક ઝુંબેશ હાથ ધરવી જોઈએ.

## ગાંધીધામમાં ત્રણ અને અંજારમાં એક ગેમ ઝોન પર સીલ માર્યા બાદ ફરિયાદ દાખલ કરાઇ

(એજન્સી) ગાંધીધામ | તા.02

પૂર્વ કચ્છના આથક પાટનગર ગાંધીધમા અને વડા મથક અંજારમાં પણ હવે રાજકોટ અગ્નિકાંડવાળા ગેમ ઝોનના પડઘા પડતા હોય તેમ કાર્યવાહી શરૂ કરી નાખવામાં આવી છે જેમાં ગાંધીધામમાં ૩ અને અંજારમાં એક એમ કુલ ૪ ગેમ ઝોનને સીલ મારી સંચાલક વિરૂદ્ધ ફાયર સેફ્ટી યોગ્ય ન હોવાથી ફરિયાદ નોંધવામાં આવી છે. આ બાબતે જાણવા મળતી વધુ વિગતો અનુસાર રાજકોટ અગ્નિકાંડ બાદ તમામ તંત્રો દોડતાં થયાં છે. ત્યારે અંજાર શહેરના સવાસર નાકા તળાવ પર આવેલ ફન પ્લેક્સ ગેમ ઝોન પર તપાસ કરવામાં આવી હતી. દરમિયાન સંયુક્ત ટિમ દ્વારા કરવામાં આવેલી તપાસમાં ગેમ ઝોનમાં લાઈટ ફીટીંગમાં વાયરિંગ જોખમી, એક્ઝિટ ગેટનો અભાવ, ફાયર સેફ્ટીના પૂરતા સાધનોનો અભાવ, ગેલ્વેનાઈઝ શેડના કારણે વાયરિંગ જોખમી છે અને થ્રી ફેઝ વીજ જોડાણ માટે અલગ રૂમની વ્યવસ્થા નથી તેમજ શેડની મંજૂરી લીધી ન હોવાથી અંજાર પોલીસના હેડ કોન્સટેબલ મહેન્દ્રસિંહ જાડેજા દ્વારા ગેમ ઝોનના સંચાલક હિમાંશુ ઠક્કર વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.


### જમીન વિવાદમાં પુલ નીચે ફેંકી દેવાતા યુવાને ભાવનગર હોસ્પિટલમાં દમ તોડયો

# બોટાદના ખોખાઈના યુવકનો મૃતદેહ સ્વીકાર્યો, પોલીસે 4 હત્યારા ઝડપ્યા

(એજન્સી) ભાવનગર | તા.02

બોટાદ તાલુકાના ખોખાઈ ગામે જમીન વિવાદમાં યુવાનને તેના કાકા સહિતના શખ્સોએ પુલ ઉપરથી નીચે ફેંકી દેતા ઈજાગ્રસ્તનું સારવારમાં મૃત્યુ થતાં મામલો હત્યામાં પરિણમ્યો હતો. બનાવને છ દિવસ થવા છતાં આરોપીઓ ન પકડાતા પરિવારજનોએ મૃતદેહ સ્વીકારવાનો નનૈયો ભણ્યો હતો. ત્યારબાદ પોલીસની સમજાવટથી આખરે લાશ સ્વીકારવામાં આવી હતી. બીજી તરફ પોલીસે પિતા-પુત્ર સહિત ચારેય હત્યારાની ધરપકડ પણ કરી લીધી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર બોટાદના ખોખાઈ ગામે આઠ દિવસ પહેલા જમીન વિવાદને લઈ વિજયભાઈ નામના યુવાનને ઘરમાં ઘૂસી તેના કાકા કમા રૂપાભાઈ રાઠોડ, પિતરાઈ ભાઈ મહેશ રાઠોડે બે લાફા ઝીંકી ઘરની બહાર લઈ જઈ બાઈક ઉપર બેસાડી કમા રાઠોડ, મહેશ રાઠોડ, અરવિંદ કમાભાઈ, ભીખા નારાયણભાઈ પરમાર સહિતના શખ્સોએ ગામના સીમાડે આવેલા પુલ ઉપરથી નીચે ફેંકી દઈ ગંભીર ઈજા પહોંચાડી હતી. જેને સારવાર માટે બોટાદ બાદ ભાવનગર સર ટી.હોસ્પિટલ ખસેડવામાં આવતા વિજયભાઈનું ગઈકાલે શનિવારે સાંજે સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું.




આ બનાવ બાદ મૃતકના પરિવારજનોએ જ્યાં સુધી હત્યારાઓ ન ઝડપાઈ ત્યાં સુધી લાશ સ્વીકારવા નનૈયો ભણતા પોલીસે દોડી જઈ સમજાવટ કરી હતી. જેથી આજે શનિવારે મૃતક વિજયભાઈના મૃતદેહને પરિવારજનોએ સ્વીકાર્યો હોવાનું જાણવા મળ્યું છે.જ્યારે યુવાનને પુલ ઉપરથી નીચે ફેંકી ચારેય શખ્સ છેલ્લા એક અઠવાડિયાથી નાસતા-ફરતા હોય, પોલીસે શખ્સોની ધરપકડ કરવા ચક્રોગતિમાન કરી આજે શનિવારે કમા રૂપાભાઈ રાઠોડ, મહેશ કમાભાઈ રાઠોડ, અરવિંદ કમાભાઈ રાઠોડ અને ભીખા નારાયણભાઈ પરમારને ઝડપી લીધા હતા. ચારેય શખ્સને આવતીકાલે રિમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજૂ કરાશે તેમ પોલીસ સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.રાવળે જણાવ્યું હતું.



## નડિયાદમાં ફૂટપાથ પરના બ્લોક સત્વરે નાખવા માંગણી કરાઇ

(એજન્સી) નડિયાદ | તા.02

નડિયાદ નગરપાલિકાની હદ વિસ્તારમાં આવતા એક સી. સી. રસ્તાનું કામ કરોડોની ગ્રાંટથી માર્ગ અને મકાન વિભાગ પાસે કરાવાયુ હતુ. જેના પગલે કરોડોની ગ્રાંટ આપી દેવાઈ હોવા છતાં માર્ગ અને મકાન વિભાગ આ રોડની કામગીરી સંપૂર્ણ રીતે પૂર્ણ કરાવવામાં ઉણો ઉતર્યો છે. જેના કારણે નાગરીકોને મુશ્કેલી વેઠવાનો વખત આવ્યો છે.નડિયાદ નગરપાલિકા રોડના કામ કરવામાં નબળી પુરવાર થતી આવી છે. જેના પગલે ૧૨ જૂન, ૨૦૨૩ના રોજ ૨.૪૧ કરોડના ખર્ચે નાના કુંભનાથથી કિડની તરફના રોડનું કામ માર્ગ અને મકાન (સ્ટેટ) વિભાગ પાસે કરાવવાનું નિશ્ચિત કરાયુ હતુ. આ કામગીરી માર્ગ અને મકાન વિભાગ દ્વારા એજન્સીને કોન્ટ્રાક્ટ આપી શરૂ કરાવાઈ હતી. જો કે, આજે આ કોન્ટ્રાક્ટ ફાળવ્યા બાદ કામગીરી શરૂ કર્યાને ૩૫૫ દિવસ પૂર્ણ થયા છે ત્યારે હજુ સુધી આ સી.સી. રોડનું કામ માર્ગ અને મકાન વિભાગ પૂર્ણ કરી શક્યુ નથી.



## પેટલાદ રામનાથ તળાવની પાળ પગથિયા જર્જરિત, અકસ્માતનો ભય

(એજન્સી) આણંદ | તા.02

પેટલાદમાં આવેલ રામનાથ મહાદેવ પાસેના તળાવને લઈ જાગૃત નગરજનો દ્વારા આણંદ કલેક્ટરને લેખિત રજુઆત કરવામાં આવી છે. રામનાથ મહાદેવ પાસેના તળાવની પાળો છેલ્લા કેટલાય વર્ષોથી તુટેલી તથા જર્જરીત હાલતમાં છે. આગામી થોડા સમયમાં ચોમાસાની ઋતુ શરુ થવાની આરે છે.ચોમાસાની ઋતુમાં હિન્દુઓના અનેક તહેવારો પણ આવવાના હોવાથી રામનાથ મહાદેવ પાસે પેટલાદ તથા આસપાસનો લોકોની ભીડ વધુ પ્રમાણમાં હોય છે. જેથી કોઈ અઈચ્છનિય બનાવ ન બને તે હેતુથી અનેક વખત રામનાથ મહાદેવ ટ્રસ્ટ દ્વારા નગરપાલિકાને જાણ કરવામાં આવી છે. પેટલાદ નગરપાલિકા દ્વારા અનેક વખત આજીજી કરતા ૨૦૧૮માં આ તળાવની પાળ અને પગથિયાનું કામ નગરપાલિકા દ્વારા કરવામાં આવ્યું હતુ. ત્યાર બાદ આ કામ આગળ વધ્યુ નથી.




## આણંદ જિલ્લાના 6 શખ્સો સામે 1.46 લાખની છેતરપિંડીની ફરિયાદ

(એજન્સી) આણંદ | તા.02

આણંદ જિલ્લાના છ શખ્સો ફેસબૂક પર લોન આપવાની લોભામણી જાહેરાતો મૂકી પાંચ વ્યક્તિઓ સાથે રૂ.૧.૪૬ લાખની છેતરપિંડી આચરી હોવાની વિદ્યાનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે ચાર શખ્સોને ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે. આણંદ પાસેના મોગરી ગામે રહેતો વિશાલ મહીજીભાઈ અને હર્ષિત અશોકભાઈ સોલંકી પોતાના ફેસબુક એકાઉન્ટમાં લોન અપાવવાની લોભામણી જાહેરાત ખોટા નામથી પોસ્ટ કરી છેતરપિંડી આચરી રહ્યાં હોવા અંગે વિદ્યાનગર પોલીસને બાતમી મળી હતી. જેથી પોલીસે આ અંગે તપાસ કરી બંને શખ્સોને રાઉન્ડઅપ કરી તપાસ હાથ ધરતા મસમોટું રેકેટ ઉજાગર થયું છે. આવી જાહેરાત જોઈ કોઈ ગ્રાહક લોન મેળવવા માટે સંપર્ક કરે ત્યારે વિરલ વિનોદભાઈ ખ્રિસ્તી, દિપક ફતેસિંહ ગોહેલ પાર્થ મનોજભાઈ ગોહેલ અને રોકન મુકેશભાઈ પારેખ જે-તે ગ્રાહક સાથે વાતચીત કરી લોન મેળવવા માટે રૂા.૨,૨૫૦ ભરી લોગઈન કરવું પડશે તેમ કહી તેમના એકાઉન્ટમાં નાણાં ટ્રાન્સફર કરાવતા હતા.



## કપડવંજમાં નવનિર્મિત રોડ નબળી ગુણવત્તાવાળો હોવાનો આક્ષેપ

(એજન્સી) કપડવંજ | તા.02

કપડવંજમાં ફાયર સ્ટેશન નજીક બની રહેલા નવા રોડમાં નબળી ગુણવત્તાની કામગીરી કરવામાં આવી રહી હોવાની ફરિયાદો ઉઠી છે. ત્યારે આ અંગે પાલિકા દ્વારા જરૂરી ટેસ્ટિંગ કરાવી તપાસ હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠી છે. કપડવંજમાં ફાયર સ્ટેશન બહાર નીકળતા મુખ્ય રસ્તા ઉપર અવાર-નવાર પાણીની નિક ભરાતી હતી. જેથી કપડવંજ પાલિકા દ્વારા તેના યોગ્ય નિકાલ અર્થે સરકારની ગ્રાન્ટમાંથી ટેન્ડર પ્રક્રિયા મુજબ અમદાવાદની એન્જોય કંસ્ટ્રક્શન કંપનીને કામ સોંપાયું હતું. જે કંપની દ્વારા નવો આરસીસી રોડ બનાવવામાં આવ્યો છે. ત્યારે ગરમીનું કારણ આગળ ધરીને રાત્રીના સમયે આ રસ્તાનું નિર્માણ કરવામાં આવ્યું હોવાનું તેમજ નબળી ગુણવત્તાનું મટીરીયલ ઉપયોગમાં લેવામાં આવ્યું હોવાના આક્ષેપ ગ્રામજનોમાંથી ઉઠયાં છે. અગાઉ ત્રણ-ચાર વર્ષ પહેલાં અંતિસર દરવાજા હાઈસ્કૂલ નજીકના નવનિર્મિત આરસીસી રોડ ઉપર ટૂંકાગાળામાં સિમેન્ટ નીકળીને કપચી ઉપસી આવતા લગભગ ત્રણ વખત રોડ રીફ્રેશ કરાવવો પડયો હતો.

### ધારિયાના ઘા ઝીંકી ધડથી માથું નોખું કરી નાંખ્યું હતું

# મોટી કુંડળ ગામે ખેતમજૂરનું માથું કાપી હત્યા કરનાર શખ્સ ઝડપાયો

(એજન્સી) ગઢડા | તા.02


ગઢડા તાલુકાના મોટી કુંડળ ગામની સીમમાં ઉપાડના રૂપિયા લઈ જવા મુદ્દે થયેલા ઝઘડામાં શખ્સે ઉશ્કેરાઈ જઈ ખેતમજૂરનું માથું કાપી હત્યા કરી નાંખ્યાની ચકચારી ઘટનામાં પોલીસે હત્યારા શખ્સને નિંગાળાની સીમમાંથી દબોચી લીધો હતો. બનાવની મળતી વિગત અનુસાર ગઢડા તાલુકાના મોટી કુંડળ ગામે ગત સોમવારે રાત્રિના સમયે વાડીમાં ભાગિયા તરીકે કામ કરતા ભયલાલ જીવણભાઈ ભીલ નામનો શખ્સ ઉપાડ પેટે લીધેલા ૧૦ હજાર રૂપિયા લઈ પોતાના વતન ભાગી જવાનો હોય, જે વાતને લઈ ભયલાલ ભીલ અને મગનભાઈ ઉધવાભાઈ ભીલ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જે વાતને લઈ ઉશ્કેરાઈ ગયેલા ભયલાલ ભીલ નામના શખ્સે મગનભાઈને ગળાના ભાગે ધારિયાનો ઘા ઝીંકી ધડથી માથું નોખું કરી કરપીણ હત્યા કરી નાંખી હતી. હત્યાના આ ચકચારી બનાવ અંગે રાજુભાઈ પરશોત્તમભાઈ વનાળિયાએ નોંધાવેલી ફરિયાદના આધારે ગઢડા પોલીસે હત્યારા શખ્સને ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યા હતા. આ દરમિયાન હત્યારો ફોનનો ઉપયોગ કરતો નહીં હોવાથી તેમજ પોતે પરિવારથી અલગ એકલો અલગ-અલગ ગામના સીમ વિસ્તારમાં મજૂરી કામ કરી પોતાનું ગુજરાન ચલાવતો હોવાથી તેમજ તેના વતન કે સગાસબંધીઓમાં કોઈ સંપર્ક ધરાવતો નહીં હોવાથી શખ્સને શોધવો મુશ્કેલ બન્યો હતો. જેના કારણે ગઢડા પીઆઈ એમ.જી. જાડેજા, પીએસઆઈ જી.જે. ગોહિલે અલગ-અલગ ટીમો બનાવી હ્યુમનસોર્સ, ટેકનિકલ સોર્સની મદદ લઈ સોશિયલ મીડિયામાં આરોપીનો વોન્ટેડ તરીકે ફોટો વાયરલ કરવામાં આવ્યો હતો.

### હાલના આકરા ઉનાળાની ગરમીના કારણે

# ભાવનગર લગત 10 જળાશયો તળીયા ઝાટક બન્યા, શેત્રુંજીમાં હાલ 15 ફુટ પાણી

(એજન્સી) ભાવનગર | તા.02

હાલના આકરા ઉનાળાની ગરમીના કારણે જમીનમાં પાણીના તળ નીચા જવા પામ્યા છે અને ભાવનગર જિલ્લાને લગત ૧૬ જળાશયોમાંથી ૧૦ જળાશયો હાલ તળીયા ઝાટક બન્યા હોવાનું જણાયું છે. જો કે ગત વર્ષે ચોમાસાની સિઝન દરમ્યાન મોટાભાગના જળાશયોમાં પાણીની સારી આવક થઈ હતી અને ૮ ઓવરફ્લો થયા હતા. જ્યારે ભાવનગરની જીવાદોરી સમાન શેત્રુંજી ડેમમાં હાલ ૧૫ ફુટ પાણી હોવાનું જણાયું છે. મળતી વિગતો મુજબ આ વર્ષે ઉનાળો આકરો બન્યો છે અને ગત માસ દરમ્યાન સતત ૩૮ થી ૪૪ ડિગ્રી જેટલું ઉંચુ તાપમાન રહેતા લોકો અકળાઈ ઉઠયા છે.



તો ઘણા ગ્રામ્ય વિસ્તારમાં પાણીનો પોકાર ઉઠવા પામ્યો છે. ભાવનગરના જીવાદોરી સમાન શેત્રુંજી ડેમ ગત વર્ષે ૧૦૦ ટકા ભરાયો હતો. જેમાંથી સાત પાણ ડાબા-જમણા કાંઠાની કેનાલ મારફત પિયત માટે પાણી અપાયુ અને અન્ય સોસ્થી પણ પાણીનો ઉપયોગ થયો પરંતુ આ ગરમીના કારણે હાલ ડેમની ૩૪ ફુટની ઓવરફ્લોની સપાટી સામે ૧૫ ફુટ પાણી સ્ટોરેજ રહ્યું છે. તો જિલ્લાના રજાવળ, ખારો, માલણ, હમીરપરા, હણોલ, બગડ, જસપરા(મા), પીંગળી, ખાંભડા, ઉતાવળી (ગુંદા), ડેમમાં પાણી સાવ સુકાઈ જતા તળીયા ઝાટક બન્યા છે. જ્યારે ખોડીયાર ધારીમાં ૨૨ ફુટ, રંઘોળામાં ૨૧, ફુટ અને લાખણકામાં ૧૧ ફુટ પાણી હોવાનું જાણવા મળ્યું છે. જો કે ગત વર્ષની જો વાત કરીએ તો ભાવનગરને લગત કુલ ૧૬ જળાશયોમાંથી ૮ જળાશયો ઓવરફલો થયા હતા જ્યારે બાકીના છલક સપાટીએ પહોંચ્યા હતા. પરંતુ હાલની સ્થિતિએ જળાશયો ખાલી થઈ જવા પામ્યા છે.

## અગ્નિકાંડ : કચ્છભરમાં ફાયર સેફટીના સાધનોની ડિમાન્ડ

(એજન્સી) ભુજ | તા.02


રાજકોટમાં ટીઆરપી ઝોનમાં ઘટેલી દુર્ઘટનાએ ગુજરાતભરમાં પડઘા પડયા છે. તંત્ર દોડતું થયું છે જેને પગલે અનેક ગેમઝોન તાત્કાલીક બંધ કરવામાં આવ્યા છે. તેમજ તંત્ર દ્વારા અનેક હોસ્પિટલો, સ્કૂલ, કોલેજો, બિલ્ડિંગોમાં ચકાસણી હાથ ધરી છે. અને ફાયર સેફટીના નિયમો પણ આકરા કરી દેવામાં આવ્યા છે. આથી, લોકોમાં પણ ડરનો માહોલ છવાયો છે, જેની સીધી અસર ફાયર સેફટીના સાધનો ખરીદવા પર પડી છે. તંત્ર દ્વારા જ્યાં ફાયર સેફટીના સાધનો નહીં હોય તે તમામ જગ્યાઓ સીલ કરવામાં આવી રહી છે. આ ડરનો વ્યાપ વધ્યો અને કચ્છમાં પણ ફાયર સેફટીના સાધનો ખરીદવા માટે પડાપડી છે. કહેવાય છે કે, આગ લાગે ત્યારે કુવો ખોદવો આ કહેવત હવે સાર્થક થઈ રહી છે કે જ્યારે રાજકોટ ગેમઝોનમાં આગની મોટી દુર્ઘટના સર્જાણી અને ૨૮ જિંદગીઓ આ આગમાં હોમાય ત્યારે હવે તંત્ર સજાગ બન્યું છે. કચ્છની વાત કરીએ તો ભુજ સહિત તાલુકા મથકોએ પણ આ ઘટનાના પાંચ જ દિવસમાં જ ફાયર સેફટીના ખરીદવામાં ૧૦૦ ટકાનો વધારો થયો છે.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**

તમે જે પણ કાર્ય કરશો, તમને સફળતા મળશે. જો તમે કોઈ નવું કામ શરૂ કરવા જઈ રહ્યા છો તો અચાનક તમારી ફંડ સંબંધિત સમસ્યા પણ દૂર થઈ જશે.



**વૃષભ (બ,વ,ઉ)**

આજે તમને તમારા સાથીદારોથી સાવધાન રહેવાની સલાહ આપવામાં આવી રહી છે, આજે તેઓ તમને નુકસાન પહોંચાડી શકે છે.




**મિથુન (ક,છ,ઘ)**

આજે પણ ધંધાની કેટલીક મૂંઝવણ તમને પરેશાન કરી શકે છે. જો તમે તમારો રસ્તો સરળ અને સીધો બનાવવા માગતા હોવ તો એવું કરો કે તાત્કાલિક લાભ મળે.



**કર્ક (ડ,હ)**

સવારથી કંઈક વિચિત્ર વાતાવરણ રહેશે. દૈનિક ઘરના કામો પણ અમૂક અટકળો પછી જ પૂર્ણ થશે. ધંધો કરતા લોકોના જીવનમાં લાંબા સમયથી ચાલી રહેલી સમસ્યા આજે સમાપ્ત થઈ શકે છે.



**સિંહ (મ,ટ)**

આજે તમારા ઉપર કોઈ વિશેષ કાર્યનું દબાણ આવી શકે છે. આ માટે તમારે તમારા કામમાંથી થોડો સમય પણ આપવો પડી શકે છે.




**કન્યા (પ,ઠ,ણ)**

તમારી આ પદ્ધતિ તમને તમારા કાર્યક્ષેત્રમાં આજે અપાર સફળતા પ્રાપ્ત કરાવી શકે છે. નવો વ્યવસાય શરૂ કરવા જઈ રહ્યા છો તો નિષ્ણાતનો અભિપ્રાય લો.



**તુલા (ર,ત)**

કોઈ કારણસર અથવા બીજા કારણે બિનજરૂરી ખર્ચનો યોગ છે. આજે તમારે વ્યર્થ મુસાફરી પણ કરવી પડી શકે છે. કોઈપણ સ્પર્ધાના બાકી પરિણામો આજે આવે તેવી પણ સંભાવના છે.



**વૃશ્ચિક (ન,ય)**

તમે શેર-બજારના મામલામાં ફસાઈને ઘણા પૈસા બગાડ્યા છો. તમારા માટે સારું રહેશે કે તમે જૂની ઘટનાઓથી શીખો. સમજદારીથી રોકાણ કરો.




**ધન (ભ,ધ,ફ)**

આજે પૈસા કમાવવાના ઘણા રસ્તા ખુલશે. રોકાણમાં પણ લાભની સંભાવના છે. જમીન-મકાનની ખરીદી કરતા પહેલા એકવાર લોકોનો અભિપ્રાય લો.



**મકર (ખ,જ)**

તમારે નિરાશ થવાની જરૂર નથી. તમે ફક્ત એક જ વસ્તુ ધ્યાનમાં રાખો કે જો તમે સાચા છો અને અધિકાર માટે અવાજ ઉઠાવો છો, તો પછી કોઈને કંઇ પણ કહેવામાં ડરશો નહીં.



**કુંભ (ગ,શ,સ)**

આજે તમને કોઈ ખૂબ મહત્વનું ઓફિસનું કામ આપવામાં આવશે. તમે આ કાર્ય પૂર્ણ કરી શકશો કે નહીં તે વિચારવાના બદલે કાર્ય પૂર્ણ કરવાનો પ્રયાસ કરો.



**મીન (દ,ચ,ઝ,થ)**

ધ્યાનમાં રાખો કે આ સમય તમારા સ્વાસ્થ્ય પર વધુ ધ્યાન આપવાનો છે. કારણ કે જો માનસિક સ્વાસ્થ્ય સારું નહીં હોય તો સખત મહેનત કરવી મુશ્કેલ બનશે.

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2080, વૈશાખ વદ-11**

# ચોમાસાનું આગમન

ચોમાસાનાં વાદળોએ કેરળનો સ્પર્શ કરી લીધો છે અને તે આખા દેશ માટે સુખદ અને સ્વાગત કરવા જેવા સમાચાર છે. ગરમીથી તપતા ઉત્તર ભારતમાં પણ હવે એ બહુ સંતોષની વાત છે કે ભારત પર ચોમાસાના વરસાદની શરૂઆત થઈ ચૂકી છે અને તેનાં વાદળ હવે નિરંતર નજીક આવતાં જશે. કેરળ જ નહીં, પૂર્વોત્તરનાં રાજ્યોમાં પણ ચોમાસું આવી પહોંચ્યું છે. જોકે કેરળ અને દક્ષિણ ભારતના અનેક વિસ્તારોમાં ચોમાસા પહેલાંનો વરસાદ થઈ રહ્યો હતો. પૂર્વોત્તરમાં પણ ચક્રવાતના પ્રભાવને કારણે અનેક વિસ્તારો પાણીમાં ડૂબી ગયા હતા, છતાં ચોમાસાનું આગમન, તે પણ બે દિવસ પહેલાં ખાસ અર્થ ધરાવે છે. ભૂવિજ્ઞાનીઓ માટે એ અધ્યયનનો વિષય છે કે ચોમાસું બે દિવસ પહેલાં કેવી રીતે આવ્યું? શું આ ભારત ભૂમિ પર વધુ પડતી ગરમી કે તાપની અસર છે? હવામાન સંબંધી આપણાં અનુમાન જો સચોટ નથી બેસતાં તો તે પણ વિચારવાનો વિષય છે. જોકે કેરળ તટ પર ચોમાસું પહોંચવાની તિથિ ૧ જૂન જ છે, પરંતુ તે ક્યારેક વહેલું તો ક્યારેક મોડું પહોંચે છે. ચોમાસું આગળ વધીને મહારાષ્ટ્રને પાર કરવામાં દસ દિવસ લાગશે અને જૂન મહિનાના આખર સુધીમાં તે ઉત્તર ભારતને પણ ભીંજવશે. જોકે માનવામાં આવે છે કે દક્ષિણમાં ચોમાસું આવવાની અસર ઉત્તર ભારતના હવામાન પર પણ પડે છે. ઉત્તર ભારતમાં લોકો ભીષણ ગરમીથી છૂટકારાની રાહ જોઈ રહ્યા છે. ઠેર-ઠેર આગચંપીની ઘટનાઓના સમાચાર પણ આવી રહ્યા છે. ભારતમાં ગરમીથી પણ વધારે મોટી સમસ્યા પાણી કે પીવાના પાણીનો અભાવ છે અને એનાથી પણ મોટી સમસ્યા આગના બનાવોની છે. આ તમામ સમસ્યાઓનું મોટું સમાધાન ચોમાસા પાસે જ છે તેથી તેની કાગડોળે રાહ જોવાય તે સ્વાભાવિક છે. ચોમાસું ખુદમાં એક સંપૂર્ણ સંસ્કૃતિ છે, જેને દુનિયાભરના અનેક વિદ્વાનો બહુ રસથી જુએ છે. અંગ્રેજ લેખક એલેક્ઝેન્ડર ફ્રેટરે ૧૯૮૦ના દાયકાના આખરમાં એક વર્ષ ચોમાસાનો પીછો કર્યો હતો, કેરળના સમુદ્રી તટથી ચેરાપૂંજી સુધી અને એક આખું પુસ્તક 'ચેઝિંગ ધ મોન્સૂન' લખી નાખ્યું હતું. આજે પણ ભારતીય સમાજ રાહત માટે તત્પર છે. ચોમાસાના સમયે જીવનશૈલીની સાથે-સાથે પહેરવેશ અને ખાનપાનમાં પણ પરિવર્તન આવી જાય છે. સાંસ્કૃતિક રૂપે દેશ વધુ સમૃદ્ધ થઈ જાય છે. જોકે ચોમાસાનો સમય ભારતીયો માટે સાવધાનીનો સમય છે. પૂર અને પાણી ભરાવાથી પણ મોટા પાયે નુક્સાન થાય છે. એકંદરે આ પણ એક ખુશખબરી છે કે ભારતીય હવામાન વિજ્ઞાન વિભાગે આ વર્ષે સામાન્યથી વધુ વરસાદની ભવિષ્યવાણી કરી છે. દેશભરમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસું વરસાદ ચાર ટકાની મોડલ ત્રુટિ સાથે લાંબી અવધિના સરેરાશના ૧૦૬ ટકા થવાની સંભાવના છે. સારા વરસાદનું વ્યાપક મહત્ત્વ છે, કારણ કે ભારતીય કૃષિ તંત્ર પણ ઘણી હદ સુધી વરસાદ પર નિર્ભરછે. આખી ગ્રામીણ અર્થવ્યવસ્થાનું સીધું વરસાદ સાથે જોડાણ છે અને ગામડાંમાં જો વરસાદને કારણે ખુશહાલી આવે છે, તો તેનાથી શહેરોને પણ લાભ નક્કી છે. બીજી એક વાત ધ્યાન આપવાની છે કે આ વખતે પહાડો અને જંગલોમાં બહુ આગ લાગી છે. ઉત્તરાખંડથી લઈને જમ્મુ-કાશ્મીર સુધી આગની ફરિયાદો આવી છે. વૈજ્ઞાનિકો પણ એમ માને છે કે ગરમીના દિવસોમાં જંગલોમાં લાગનારી આગનો અસલી ઉપચાર વરસાદ છે.

# શણગારેલા બળદગાડામાં પરણવા નીકળી જાન...

# દાયકાઓ જૂની પરંપરા ફરીથી જીવંત થવા પામી

## મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના આંકડિયા ગામમાં મોંઘી કારમાં નહીં પરંતુ બળદ ગાડામાં નીકળી જાન

જગદીશ ત્રિવેદી | ખારોલ

સામાન્ય રીતે વર્તમાન સમયમાં લગ્નગાળાની સિઝનમાં વિવિધ પ્રકારના વાહનો મારફતે આપણે લગ્નમાં જતા હોઈએ છીએ, જાનમાં જતા હોઈએ છીએ ત્યારે ગાડામાં બેસીને જાનમાં જવું અથવા તો ગાળામાં બેસીને પરણવા માટે જવું એ પણ એક અનોખો અનુભવ જ હોય છે આજના સમયમાં હવે પહેલા જેવું લગ્નનું મહત્વ જણાતું નથી જ્યારે પહેલાંના સમયમાં શણગારેલા બળદ ગાળામાં તેમજ શણગારેલી વહેલોમાં વરરાજા એક ગામથી બીજે ગામ જાન લઈને પરણવા માટે જતા હતા જ્યારે આજે તું હેલિકોપ્ટરમાં પણ વરરાજા પરણવા માટે આવતા હોવાના કિસ્સાઓ સાંભળવા મળી રહ્યા છે.

ત્યારે ભૂતકાળની યાદોની તેમજ દાયકાઓ જૂની પરંપરાઓ ફરી જીવંત થવા પામી છે, જેમાં મહીસાગર જિલ્લામાં એક અનોખો લગ્નનું કિસ્સો સામે આવવા પામ્યો છે જેને લઈને ભૂતકાળની પરંપરા તાજી થવા પામી છે અને જિલ્લા ની પ્રાચીન પરંપરાની જીવંત કરવામાં આવી છે.

ક્યારે મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના આકલીયા ગામે એક લગ્ન પ્રસંગ યોજવામાં આવ્યો હતો



જે લગ્ન પ્રસંગમાં વરરાજા ફોરવ્હીલર મોંઘી કારમાં કે અન્ય વાહનમાં બેસીને પરણવા ન જતા વરરાજા શણગારેલા બળદગાડામાં બેસીને જાન લઈને પરણવા માટે નીકળ્યા હતા વરરાજાની જાન જાહેર માર્ગ ઉપર બળદગાડા માં વાજતે ગાજતે પસાર થઈ રહેલી જણાય છે અને લગ્નના મધુર ગીતોની સાથે વરરાજા ની જાન ના ગાળા ની પાછળ ગામ લોકો પણ નાચતા કૂદતા જાનમાં જોડાયેલા જણાય છે.

આજના યુગમાં સાદુ ગાડું પણ ભાગ્યે જ જોવા મળતું હોય છે. નાનપણમાં વડીલોની વાતોમાં એવું પણ સાંભળવા મળતું હતું કે અમારા લગ્ન તો બળદગાડામાં થયા હતા ત્યારે તે સમયે નાના નાના ભૂલકાઓ ને બળદગાડામાં લગ્ન કેવી રીતે થતા હશે ? બળદગાડામાં જાન કેવી રીતે જતી હશે ? વિગેરે બાબતો જાણવાની ભારે ઉત્સુકતા દેખવા મળતી હતી ભૂતકાળમાં બળદ ગામડાના જીવન સાથે વણાયેલું પશુ હતું તે માનવ જીવનનું એક અભિન્ન અંગ હતું. ડાકોરના મંદિર સાથે ભક્ત બોડાણા ની વાતો આપણા પૌરાણિક ગ્રંથોમાં જોવા મળી રહી છે ડાકોરથી દ્વારકાનું 500 કિલોમીટરનું અંતર બળદગાડામાં જ બોડાણાએ મુસાફરી કર્યા ની વાતો સૌ કોઈ જાણે છે ત્યારે તે સમયે બળદગાડાનું આટલું મોટું મહત્વ જોવા મળતું હતું.

ક્યારે મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના આકલીયા ગામે બળદ ગાડામાં વરરાજા જાન લઈને પરણવા નીકળ્યા તે બાબત લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બનવા પામી છે આધુનિક યુગમાં પણ શણગારેલા બળદગાડામાં જાન નીકળતો જૂની પરંપરા તાજી થવા પામી છે અને ગામડાના આ યુવકે ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરી છે અને લગ્ન ઉત્સવની જાન આકર્ષણનું કેન્દ્ર બની દાયકાઓ પહેલી જૂની રૂઢિ પરંપરાની આબેહૂબ તાદ્રશ્ય કરાવ્યું છે.



# ભારતમાં યુવાનો અને તરણોમાં વધતું હાઈપર ટેન્શન

એક બહુરાષ્ટ્રીય કંપનીમાં કામ કરતાં નીતિનને માથાના દુખાવાની તકલીફ શરૂ થઈ. ક્યારેક વધારે તો ક્યારેક ઓછું માથું દુખે ત્યારે નીતિન દવાવાળાની દુકાને મળતી માથાનો દુખાવો દૂર કરતી પીડાનાશક ગોળી લઈ લેતો હતો. થોડા સમય બાદ તો માથાના દુખાવા પર આ દર્દશામક દવા પણ બીનઅસરકારક પુરવાર થઈ. એટલે નીતિન ફેમિલી ડોક્ટર પાસે ગયો. ફેમિલી ડોક્ટરે પણ નીતિનના માથાના દુખાવાને કામની તાણનું પરિણામ જાણી દર્દશામક ગોળીનો ભારે ડોઝ આપ્યો. જોકે આ દવા પણ જ્યારે નીતિનનો માથાનો દુખાવા દૂર કરવામાં નિષ્ફળ નીવડી ત્યારે ફેમિલી ડોક્ટરે તેને નિષ્ણાત ડોક્ટર પાસે જવાની સલાહ આપી. નિષ્ણાત ડોક્ટરે નીતિનની પૂરતી તપાસ કરી તેને 'હાઈપર ટેન્શન' એટલે કે હાઈ-બ્લડપ્રેશર ઉચ્ચ રક્તચાપની તકલીફ હોવાનું નિદાન કર્યું. નીતિન તો ડોક્ટરની વાત સાંભળી દિગ્મૂઢ બની ગયો. કારણ કે તેના મતે તો ૪૫ કે ૫૦ વર્ષ બાદ જ ઉચ્ચ રક્તચાપની તકલીફ થાય છે અને તેની ઉંમર તો માત્ર ૨૮ વર્ષ જ છે. નીતિનનો કિસ્સો અપવાદરૂપ નથી. હમણા ૧૭મે એ 'વર્લ્ડ હાઈપરટેન્શન' દિવસ ઉજવાયો ત્યારે પણ એ વાત પર ભાર મૂકવામાં આવ્યો હતો કે આખા વિશ્વને આ રોગ ભરડો લઈ રહ્યો છે. તેમાં ભારતમાં આ વ્યાધિનું પ્રમાણ ચોંકાવનારી હદે વધી રહ્યું છે. આપણા દેશમાં દર આઠ વ્યક્તિએ એક જણ હાઈપરટેન્શન, ડિપ્રેશન જેવી બીમારીથી પીડાય છે. મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) ના લોક આરોગ્ય વિભાગે તાજેતરમાં બિનસંસર્ગજન્ય રોગો માટે હાથ ધરેલી તપાસમાં જાણવા મળ્યું હતું કે દર ચાર મુંબઈગરાએ એકને હાઈપરટેન્શનની તકલીફ હોય છે



ત્યારે બીજી તરફ નેશનલ હેલ્થ મિશનની માહિતી મુજબ ૨૦૧૮-૧૯માં સમગ્ર મહારાષ્ટ્રમાં હોસ્પિટલોના આઉટ પેશન્ટ ડીપાર્ટમેન્ટ (ઓપીડી)માં હાઈપરટેન્શનના સૌથી વધુ કેસ મુંબઈમાં હોવાનું નોંધાયું હતું. મુંબઈમાં ગયા વર્ષે લગભગ ૧,૭૮,૦૯૭ દરદીઓને હાયપરટેન્શનની તકલીફની સારવાર આપવામાં આવી હતી. આ પૈકી ૧,૭૭,૩૪૧ જણાએ સાર્વજનિક તો ૭૫૬ જણાએ ખાનગી હોસ્પિટલોમાં સારવાર લીધી હતી. એક અભ્યાસ મુજબ મહારાષ્ટ્રમાં છેલ્લાં સાત વર્ષમાં હાઈપરટેન્શનના દરદીઓની સંખ્યામાં ૯૭ ટકાનો વધારો થયો છે.મોટા ભાગના દરદીઓને તો હાઈપરટેન્શનનો શિકાર બન્યાની જાણ જ નહોતી અને નિદાન બાદ તેમની સારવાર શરૂ કરાઈ હતી. વ્યક્તિને પાંચ કે તેથી વધુ સપ્તાહ હાઈ બ્લડ પ્રેસર રહે તો તેને હાઈપરટેન્શનની તકલીફ ગણવામાં આવે છે. છેલ્લા કેટલાક સમયમાં યુવાનોમાં હૃદયરોગનો હુમલો આવવાના કેસ વધારે જોવા મળ્યા છે અને તેમાં પણ મોટાભાગના કેસમાં હાઈપર ટેન્શન જવાબદાર રહ્યું છે. ડોક્ટરોના મતે કોવિડ બાદ નોકરી, વ્યવસાયને લગતી સમસ્યામાં વધારો થતાં હાઈપર ટેન્શનના દર્દીઓમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. અલબત્ત, આજે પણ હાઈપર ટેન્શન અંગે જાગૃતિનો અભાવ છે અને જેના કારણે તેના લક્ષણો હોવા છતાં સમયસર તેની સારવાર કરાવનારાઓનું પ્રમાણ ઓછું જોવા મળે છે. ડોક્ટરોના મતે હાઈપર ટેન્શન સાયલન્ટ કિલર સમાન છે. અનેક લોકો હાઇ બ્લડ પ્રેશરની સમસ્યા ધરાવતા હોવા છતાં તેનાથી વાકેફ નહીં હોવાથી તેની અવગણના કરે છે. જેના કારણે હાઈપર ટેન્શનનું પ્રમાણ વધી જાય ત્યારે દર્દીની ગંભીર સ્થિતિ થઇ જવાના કિસ્સા અવાર-નવાર જોવા મળે છે. હાઈપર ટેન્શન માટે સ્ટ્રેસ ઉપરાંત લાઈફસ્ટાઈલ, ભોજનમાં મીઠાનું વધુ પડતું સેવન, ફાસ્ટફૂડ, કસરતનો અભાવ, અનિયમિત જીવનશૈલી જેવા મહત્ત્વના પરિબળો છે. અગાઉ ૪૦થી વધુ વયમાં હાઈપર ટેન્શન, બ્લડ પ્રેશરની સમસ્યા જોવા મળતી હતી. પરંતુ હવે સ્થિતિ બદલાઇ રહી છે અને ૨૦થી ૪૦ના વયજૂથમાં પણ હાર્ટ એટેકના કેસ જોવા મળી રહ્યા છે. હવે ૨૦ થી ૩૦ની વયજૂથ તેમજ મેડિકલ, એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓમાં પણ હાઈપર ટેન્શન જોવા મળી રહ્યું છે, આ એક ચિંતાજનક તારણ છે.

# શું તમે પણ તમારી કારમાં પ્લાસ્ટીકની બોટલ રાખો છો?

શું તમને પણ ગાડીમાં પ્લાસ્ટીકની બોટલ રાખો છો? જો તમને પણ આવી આદત હોય તો બીજા બધા કામ બાજુમાં મુકીને પહેલાં આ માહિતી જાણી લેજો. કારણકે, આ માહિતી સીધી તમારા સ્વાસ્થ્ય સાથે જોડાયેલી છે. આપણે બધા કારમાં પાણીની બોટલ રાખીને મુસાફરી કરીએ છીએ જેથી ડ્રાઈવ દરમિયાન તરસ લાગે તો બોટલમાંથી પાણી પી શકીએ. મોટાભાગના લોકો આ માટે પ્લાસ્ટિકની બોટલનો ઉપયોગ કરે છે. આ એટલા માટે પણ છે કારણ કે જ્યારે આપણે પ્રવાસ પર હોઈએ છીએ અને દુકાનમાંથી પાણી ખરીદીએ છીએ ત્યારે તે પ્લાસ્ટિકની બોટલોમાં જ મળે છે. જો કે ઉનાળામાં પ્લાસ્ટિકની બોટલમાં પાણી લઈ જવું સારું નથી. પ્લાસ્ટિક હાનિકારક છે અને ઉનાળાની ઋતુમાં ઊંચા તાપમાનને કારણે માઈક્રોપ્લાસ્ટિક પાણીમાં ઓગળી શકે છે. આ લાંબા ગાળે તમારા સ્વાસ્થ્યને અસર કરી શકે છે. આ સિવાય જ્યારે તમે ઉનાળામાં કારની અંદર પ્લાસ્ટિકની બોટલમાં પાણી રાખો છો તો તે ઝડપથી ગરમ થઈ જાય છે. હવે, જો તમે ઉનાળાની ઋતુમાં ગરમ પાણી પીવા નથી માંગતા, તો તે સંદર્ભમાં પણ



પ્લાસ્ટિકની બોટલોમાં રાખેલ પાણી તમારા માટે યોગ્ય નથી. તમે સ્ટેનલેસ સ્ટીલ અથવા કોપર બોટલનો ઉપયોગ કરી શકો છો. તમે ધાતુની બનેલી બોટલનો ઉપયોગ કરી શકો છો અને પાણીને લાંબા સમય સુધી ઠંડુ રાખી શકો છો. આવી બોટલોમાં પાણી રાખો જેથી કરીને લાંબી મુસાફરી દરમિયાન તમે તમારી જાતને હાઈડ્રેટ કરી શકો અને તમને સ્વચ્છ પાણી પણ મળી શકે. આ સિવાય, જો તમારે બહારની દુકાનમાંથી પાણીની બોટલ ખરીદવી હોય તો પણ તે પાણી પ્લાસ્ટિકની બોટલમાંથી તમારી મેટલની બોટલમાં ટ્રાન્સફર કરો. પ્લાસ્ટિકની બોટલનું પાણી પીવું સ્વાસ્થ્ય માટે તો હાનિકારક છે જ પરંતુ પ્લાસ્ટિક પર્યાવરણ માટે પણ હાનિકારક છે.

# બાળકોને ચોક્કસ ઉંમર સુધી સવલતો આપવાથી બચો

પેરેન્ટિંગ એ આજના સમયનું અત્યંત મહત્ત્વનું પાસું બની ગયું છે. કારણ કે યોગ્ય પેરેન્ટિંગનો પ્રભાવ માત્ર એક પરિવાર કે કુટુંબ પૂરતો જ સીમિત નથી રહેતો, પરંતુ યોગ્ય પેરેન્ટિંગનો લાભ આખા સમાજ અને રાષ્ટ્રને મળતો હોય છે. આખરે આપણે વિશાળ પરિપ્રેક્ષ્યમાં જેને સિવિક સેન્સ કહીએ છીએ એના મૂળ પેરેન્ટિંગ એટલે કે ઉછેરમાં જ રહેલા છે અને જો ઉછેરના ઠેકાણા નહીં હોય તો આખા સમાજે એ રાષ્ટ્રએ ભોગવવું પડે છે. સામાજિક સ્તરે આપણે જોઈ જ રહ્યાં છીએ કે છાસવારે કાચી ઉંમરના લબરમૂછીયાઓ કાર હંકારી મૂકીને લોકોને મારી નાંખે છે કે જતે દિવસે ડ્રગ્સ કે ચોરીમાં પકડાય છે.

આજકાલ સાર્વત્રિક રીતે જોવા મળે છે કે આજકાલના બાળકો કે સંતાનો મિલેનિયલ્સ કે એની આગલી પેઢીના લોકોના માથા ભાંગે એવા છે. આ પેઢી અત્યંત સ્વકેન્દ્રી અને પોતાની સ્વતંત્રતા સ્પષ્ટ છે. એક સમયે તો બાળકો તેમના માતાપિતાના ભયથી પણ ઘરે આવ્યું હોય તો 'નમસ્તે કેમ છો' કરતી, પરંતુ એકવીસમી સદીમાં જન્મેલી પેઢી સામે ઊભેલા માણસ સાથે આંખથી આંખ મિલાવવાની કે તેમને નાનકડું સ્મિત આપવાની પણ દરકાર રાખતી નથી. કેમ? તો કે એમને સામેન માણસ સાથે કોઈ લેવાદેવા નથી તો પછી તેઓ શું કામ એમની સાથે વાત કરે? એકવીસમી સદીમાં જન્મેલી પેઢીની બીજી એક ખાસિયત એ છે કે એક સમયે સામાન્યપણે જે પારિવારિક કે સામાજિક મુલ્યો દેખાતા કે નાનીનાની વસ્તુઓની કદર થતી એ કદર આ પેઢીમાં ઘણી ઓછી છે. એક સમયે તો ઘરમાં ટીવી આવતું તો એ ટીવીને રોજ સવારે સાફ કરાતું, પરંતુ આ પેઢીના ડ્રોવરમાં તમને ત્રણ-ચાર બગડેલા મોબાઈલ મળી શકે છે! કેમ? તો કે એક તો એમને વસ્તુની વપરાશ બાબતે ઝાઝી ગંભીરતા નથી કે નથી તો



એમને પૈસાની કોઈ કદર! તેમને મન તો એક જ વાત હોય કે, એમાં શું થઈ ગયું? નવું આવી જશે!

જોકે નવી પેઢીનો આ એટિટ્યુડના મૂળમાં એક અત્યંત મહત્ત્વનું કારણ છે. કે પાછલા ત્રણેક દાયકામાં સરેરાશ ભારતીયની આવક અને લાઈફસ્ટાઈલમાં અત્યંત મોટો ફેરફાર આવ્યો છે. એટલે કે સમૃદ્ધિ ભારતીયોના ઘરમાં પહોંચી છે અથવા તો યેનકેનપ્રકારેણ ભારતીયોનું જીવન ભૌતીક સ્મૃદ્ધિથી તરબતર થયું છે. એમાં કશું ખોટું નથી. સમૃદ્ધિ તો હોવી જોઈએ. પરંતુ એ સમૃદ્ધિની અસર બાળ ઉછેર પર થઈ જ છે. કારણ કે સમૃદ્ધિને કારણે બાળકોને જોઈતી લગભગ દરેક વસ્તુ તેમની સામે હાજર થઈ જાય છે અને એ સવલતોને કારણે જ તેમની સાયકોલોજી અને તેમની બિલિફ સિસ્ટમમાં અત્યંત મોટો ફેરફાર આવે છે. બીજી તરફ માતા-પિતા પણ વેવલા વેવલા થઈને ફરે છે તેમના બબુને અમુક સવલતો નહીં આપશે તો તેમનું બબુ રઝળી પડશે.

આ કારણે એક્સપર્ટ્સ કહે છે કે બાળકોને એક ચોક્કસ ઉંમર સુધી અમુક સવલતો આપવાથી બચો. અને ખાસ તો તેઓ માગે એટલે તરત તેમની સામે મૂકી દેવાનું ટાળો. તેમને અમુક સંઘર્ષો કરવા દો. તેમને થોડી રાહ જોવા દો અને તેમને થોડો જીવબળાપો કરવા દો. જેનાથી બીજો કોઈ ફાયદો થાય કે નહીં થાય પરંતુ તેમનામાં ધીરજ જરૂર કેળવાશે. આખરે આજની પેઢીની જો કોઈ સૌથી મોટી સમસ્યા હોય તો એ સમસ્યા છે ધીરજનો અભાવ. જેને કારણે આ પેઢીને સાવ ક્ષુલ્લક બાબતમાં માથે પસ્તાળ પડે છે અને જાણે જગ લૂંટાઈ ગયું હોય એવો કકળાટ કરે છે. તો તરત તેમની સામે સવલતો ન મૂકવાનો એક બીજો ફાયદો એ રહેશે કે આ પેઢીને દરેક વસ્તુની કદર કિંમત થશે! એક્સપર્ટ્સ એમ પણ કહે છે કે ધારો કે તમારું સંતાન એડલ્ટ ન થાય ત્યાં સુધી કે તેનામાં અમુક ધીરજ અને જવાબદારી ન આવે ત્યાં સુધી તેને મોપેડ કે બાઈક ન અપાવો તો પણ કંઈ ખાટુંમોળું નથી થવાનું. બીજા પાસે મોપેડ છે એટલે મારું સંતાન પાછું પડે જશે એ માનસિકતા જ નબળી છે. બલ્કે સરકારે નક્કી કરેલા નિયમો પાળીશું તો બાળક પબ્લિક ટ્રાન્સપોર્ટેશન વાપરતાં શીખશે, જેને કારણે તે સ્વતંત્ર તો થશે જ, પરંતુ સામાજિક વિવિધતા જોઈ, એ વિવિધતા સાથે પનારો પાડી એ સહેજે મેચ્યોર પણ થશે. બાકી, પોતાની જ બાઈક કે પોતાની કારમાં રખડતા પાપાની પરીઓ અને મમ્માના રાજાઓ અનેક બાબતોમાં નાદાન રહી ગયા હોય છે એના એકથી વધુ દાખલા આપણને આપણી આસપાસમાં જ મળી રહેશે!

# એકાદશી : "જે મે માંગ્યું તે આપ્યું દુઃખ પડતાં પહેલા કાપ્યું..."

ધન્ય એકાદશી એકાદશી કરીએ તો વ્રજ સુખ પામીએ..

એકાદશી નું વ્રત એ ભગવાન વિષ્ણુ ના ભકતો ને અત્યંત પ્રિય હોય છે. મહિનાના માં આવતી બે એકાદશી ને ભગવાન વિષ્ણુ ની પ્રિયાઓ ના સ્વરૂપ માનવામાં આવે છે.મહિનામાં આવતી એકાદશી ભક્તને સાચા માર્ગ એ ભગવાનની ભક્તિ તરફ દોરીને સુખ સમૃદ્ધિ શાંતિ નું વરદાન આપે છે. નિત્ય એકાદશી નું વ્રત કરવાથી ભક્ત પર ભગવાન પ્રસન્ન રહેતા હોય છે. ભગવાન ભક્ત ના જીવનમાં સમસ્યા આવે એ પહેલા જ એનો નાશ કરી નાખતા હોય છે.

"જે મે માંગ્યું તે આપ્યું દુઃખ પડતાં પહેલા કાપ્યું.."..



**એકાદશીનું માહત્મ્ય**

**- રુપાલી દવે**

વૈશાખ વદ અગિયારસ મતલબ અપરા એકાદશી ને અચલ એકાદશી પણ કહેવામાં આવે છે.આ એકાદશી વ્રત ના ફળ અને નામ વિશે યુધિષ્ઠિર એ ભગવાન શ્રી કૃષ્ણ ને પૂછ્યું ત્યારે ભગવાન શ્રી કૃષ્ણ એ યુધિષ્ઠિર ને કહ્યું હતું કે આ વ્રત ને અપરા કે અચલા એકાદશી એટલા માટે છે કે હું વ્રત કરનાર ભક્ત ની સુખ સમૃદ્ધિ, અર્શ્વય અને સુખ અચલ રહે એવું વરદાન આપું છું.આ વ્રત કરનાર ગમે તેવો પાપી કે અધમ કેમ ના હોય છતાંય વ્રતના પ્રભાવથી એના બધા પાપ નષ્ટ થઈ જતાં હોય છે. ઉપવાસી રહીને વામન ભગવાનની વિધિવિધાન થી પૂજા કરવાથી અવશ્ય નિશ્ચિત ફળની પ્રાપ્તિ થાય છે.આ પ્રમાણે યુધિષ્ઠિર ને અપરા એકાદશીનું મહાત્મ્ય અને ફળ સમજાવી ને દ્વારિકા પધારી ગયા..

એકાદશી નું વ્રત કરનાર ભક્ત ને ભગવાન ગમે તેટલી મોટી મુશ્કેલી માંથી ઉગારે છે. રાજા અમરિશ ચુસ્ત વૈષ્ણવ મતલબ વિષ્ણુ ભક્ત હતા એણે એકાદશીનું વ્રત હદયથી ધારણ કર્યું હતું.દરેક એકાદશીનું વ્રત કર્યા બાદ અતિથિ ને જમાડી ને વ્રત ના પારણાં કરવાનો એનો નિયમ હતો. એકાદશી ના દિવસે એને ત્યાં ઋષિ દુર્વાસા પધાર્યા.ઋષિ એ કહ્યું કે સ્નાન સંધ્યા કરીને આવું ત્યાં સુધી માં ભોજન તૈયાર રાખજે.એ દિવસે દ્વાદશી માત્ર બે ઘડી હતી નિયમ અનુસાર અગિયાર બાદ દ્વાદશી માં પારણાં કરવાના હોય છે.જો દ્વાદશી અમુક ઘડી બાદ પૂરી થઈ ને તેરસ બેસી જાય તો વ્રતિ નું વ્રત પંદર દિવસ લંબાઈ છે. નિયમ અનુસાર રાજા અમરીશ એ દ્વાદશી બે ઘડી હોવાથી માત્ર પાણી પીધું હતું.સ્નાન સંધ્યા બાદ ઋષિ એ મહેલમાં આવતાની ની સાથે એની સામે ઉભેલ રાજા ના મુખ પર તેજ નિહાળતા ગુસ્સે થયા. મુનિ એ કહ્યું કે દુષ્ટ!! રાજા,તારા ચહેરાની ચમક બોલે છે કે તે અતિથિને ભોજન કરાવ્યા વગર અન્ન જળ લીધું છે. ઋષિ હાથમાં પાણીની અંજલિ લઈને રાજા ને શ્રાપ આપવા જતા હતા ત્યાંજ રાજા અમરીશ આગળ ભગવાન શ્રી વિષ્ણુ પ્રગટ થયાને અમરીશ રાજા નો શ્રાપ પોતાના પર લઈ લીધો.ઋષિના શ્રાપ મુજબ ભગવાન ધરતી પર ગોપ ગોવાળો સાથે જન્મ થી લઈને મોટા થયા.

એકવાર બ્રહ્મવાદી સભા સત્રમાં મોટામોટા ઋષિઓ વચ્ચે ચર્ચા થઈ કે સહનશીલતા માં કોની મોટી? સહન શીલ સ્વભાવ માત્ર ને માત્ર ઈશ્વર નો જ શક્ય છે.ભક્ત ગમે તેટલા અપશબ્દ બોલશે પણ ભગવાન એના ભક્તને ખુદનું સર્જન માની ને માફ કરતા હોય છે. આ બાબતે ભૃગુ ઋષિએ ત્રણેય દેવમાં ક્યાં દેવ મોટા? બ્રહ્મા,વિષ્ણુ કે મહેશ.આ ત્રણેય દેવોની પરીક્ષા કરવા ભૃગુ ઋષિ વાર ફરતી ત્રણેય લોકમાં ગયા.સૌથી પહેલા ભૃગુ ઋષિ બ્રહ્મલોકમા ગયા ત્યાં જોયું તો બ્રહ્માજી સભામાં બેઠા હતા ને એની આસપાસ દેવો ઉપસ્થિત હતા. ભૃગુ ઋષિ સભામાં પ્રવેશ્યા બાદ પણ બ્રહ્માજી ને દૂરથી પણ નમસ્કાર ના કર્યા ને એને એકપણ પ્રતિભાવ ના આપ્યો.બ્રહ્માજી ને ભૃગુ ઋષિના વર્તન થી દુઃખ થયું ને શ્રાપ આપવા જતા હતા ત્યાં શબ્દો ને મનમાં રાખતા બોલ્યા કે દીકરા ને શ્રાપ આપીશ તો બાપ નું સ્તર શું રહેશે? ભૃગુ ઋષિ બ્રહ્મ લોક થી સીધા કૈલાસ એટલે શિવ લોક ગયા ત્યાં ભગવાન સદાશિવ પત્ની પાર્વતી સાથે બિરાજમાન હતા અચાનક ભૃગુ ને આવતા જોતાજ સદાશિવ ઉભા થઈને ને ભૃગુ ને ભેટવા ગયા પરંતુ ભૃગુ એ હાથ થી ઈશારો કરીને એને રોક્યા. ભગવાન ભોળાનાથ ભૃગુ ઋષિ ના અપમાન જનમ વર્તન થી ગુસ્સે થયા ને ત્રિશૂળ એને મારવા ઉઠાવ્યું. માતા પાર્વતી એ ભગવાન ભોળાનાથ ને એમ કરતાં અટકાવ્યા.શિવ લોક માંથી ભૃગુ ઋષિ સીધા વૈકુંઠ ગયા ત્યાં ભગવાન વિષ્ણુ પત્ની લક્ષ્મીજી ના ખોળા માં માથું મૂકીને સુખ શૈયા પર સૂતાં હતા. એકાએક ભૃગુ ઋષિ એ દોડી ને ભગવાન વિષ્ણુ ની છાતી માં પગ થી પ્રહાર કર્યો. ભૃગુ ઋષિ ના પગ નો પ્રહાર ભગવાન ની છાતી પર વાગે એ પહેલા ભગવાન વિષ્ણુ એ ભૃગુ ઋષિ ના પગ પકડી ખુદ હદયમાં પધરાવતા કહ્યું કે આપના પગ કોમળ છે ને મારી છાતી કઠોર.ક્ષમા કરજો આપને કષ્ટ ના પડે એટલે મે ખુદ મારા હદયમાં આપના ચરણો પધરાવ્યા છે.ભૃગુ ઋષિ પર ના પાદ પ્રહાર થી ભગવાન વિષ્ણુ ને ગુસ્સો ના આવ્યો.ભગવાન વિષ્ણુ એ ભૃગુ ઋષિ ને કહ્યું કે નિંદ્રા મા હતો પરંતુ સંત ના આગમને આસુરી નિંદ્રા માંથી જગાડ્યો. ભગવાન વિષ્ણુ ના સ્વરૂપ ના દર્શન કરશો તો ભગવાનના ડાબી બાજુના વક્ષસ્થળ પર "ભૃગુ ઋષિ ના ચારણો ના ચિન્હ" ના દર્શન થશે.આ ચિન્હ ને "શ્રી વત્સ" એટલે કહેવામાં આવે છે કે સ્વયં લક્ષ્મીજી નો નિવાસ ભગવાન વિષ્ણુ ના હદયમાં હોય છે. "ધન્ય એકાદશી" એટલે પણ કહેવામાં આવે છે કે એકાદશી નું વ્રત કરનાર નું અપમૃત્યુ નથી થતું.શાસ્ત્ર અનુસાર એકાદશીનું વ્રત જીવંત પર્યંત પૂરા વિધિવિધાન થી કરનાર વ્યક્તિ ને સ્વયં ભગવાન લેવા આવે છે. આમ તો કાળ સ્વયં ભગવાન છે ને કાળ સ્વરૂપમાં ભગવાન જનોઈ ધારી બ્રાહ્મણ નું સ્વરૂપ ધારણ કરે છે. ભગવાન શ્રી કૃષ્ણના આઠ પટરાણીઓ માના એક "કાલિન્દી" એ સ્વયં સુર્ય ભગવાન ના પુત્રી છે.પુરાણો અનુસાર ભગવાન સૂર્ય એ પુત્રી કાલિન્દી માટે ભગવાન શ્રી કૃષ્ણ તપશ્ચર્યા થી પ્રાપ્ત કરી લગ્ન કરવાના હેતુ જાણી ને યમુનાજીની અંદર મહેલ નિર્માણ કરાવ્યું હતું.યમુનાજી ની અંદર કાલિન્દી એ ભગવાનની ઉગ્ર તપશ્ચર્યા કરીને ભગવાન શ્રી કૃષ્ણ ને પ્રાપ્ત કર્યા હતા.ભગવાન શ્રી કૃષ્ણ ના કાલિન્દી ના લગ્ન થયા બાદ માનવામાં આવે છે કે પત્ની સાથેનો નિત્ય નિવાસ યમુનાજી મા હોય છે એટલે તો યમુના જળ અને યમુનાસ્ટક માં એવી તાકાત છે કે યમ પણ એનાથી દૂર દૂર ભાગે છે.એકાદશીના વ્રત થી ભગવાન સાથે એમના પત્ની પણ ભક્ત પર નિત્ય ખુશ થઈ ને આશીર્વાદ આપતા હોય છે.

**THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSES ONLY AND IS NOT A PROSPECTUS ANNOUNCEMENT. THIS DOES NOT CONSTITUTE AN INVITATION OR OFFER TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE TO SECURITIES. THIS PUBLIC ANNOUNCEMENT IS NOT INTENDED FOR PUBLICATION OR DISTRIBUTION, DIRECTLY OR INDIRECTLY OUTSIDE INDIA.**

Vilas Transcore Limited
The Core People
(An ISO 9001 : 2008 certified company)

# VILAS TRANSCORE LIMITED

Our Company was originally incorporated as "Bravil Powercore Private Limited" on November 28, 2006 vide Registration Certificate No. 049469 under the provisions of the Companies Act, 1956 with the Registrar of Companies, Gujarat, Dadra and Nagar Havelli (RoC). Further, pursuant to shareholder's resolution passed at the Extra Ordinary General Meeting held on March 07, 2007, the name of our company was changed from "Bravil Powercore Private Limited" to "Vilas Transcore Private Limited" vide a fresh certificate of incorporation dated March 15, 2007 issued by the Registrar of Companies, Gujarat, Dadra and Nagar Havelli (RoC). Subsequently pursuant to a takeover agreement dated April 23, 2007 the business of a proprietorship firm "M/s Vilas Transcore", which was being carried out by our Promoter Mr. Nilesh Jitubhai Patel, was transferred to our Company as a going concern Further, pursuant to Special Resolution passed by the Shareholders at the Extra Ordinary General Meeting, held on February 22, 2011 our Company was converted into a Public Limited Company and the name of our Company was changed from "Vilas Transcore Private Limited" to "Vilas Transcore Limited" vide a fresh certificate of incorporation dated April 09, 2011, CIN: U31102GJ2006PLC049469 issued by the Registrar of Companies, Gujarat, Dadra and Nagar Havelli (RoC).

**Registered Office:** Plot No 435 To 437, Nr Galaxy Hotel, N H No 8, Village Por, Vadodara, Gujarat, 391243. ; **Tel No:** +91- 9328026762; **E-mail:** nilesh@vilastranscore.com ; **Website:** www.vilastranscore.com ;
**Contact Person:** Gandhali Gurunath Paluskar, Company Secretary & Compliance Officer

## OUR PROMOTERS: NILESH JITUBHAI PATEL AND NATASHA NILESH PATEL

**"THE ISSUE IS BEING MADE IN ACCORDANCE WITH CHAPTER IX OF THE SEBI ICDR REGULATIONS (IPO OF SMALL AND MEDIUM ENTERPRISES) AND THE EQUITY SHARES ARE PROPOSED TO BE LISTED ON SME PLATFORM OF NSE LIMITED ("NSE Emerge").**

We are engaged in the manufacturing and supply of components used in the power distribution and transmission sector, primarily to transformer and other power equipment's manufacturer in India and abroad.

## BASIS OF ALLOTMENT

**INITIAL PUBLIC OFFER OF 64,80,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10/- EACH (THE "EQUITY SHARES") OF VILAS TRANSCORE LIMITED ("OUR COMPANY" OR "THE ISSUER") AT AN ISSUE PRICE OF ₹147 PER EQUITY SHARE (INCLUDING SHARE PREMIUM OF ₹137 PER EQUITY SHARE) FOR CASH, AGGREGATING UP TO ₹9525.60 LAKHS ("PUBLIC ISSUE") OUT OF WHICH 3,26,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹10 EACH, AT AN ISSUE PRICE OF ₹147 PER EQUITY SHARE FOR CASH, AGGREGATING ₹479.22 LAKHS WILL BE RESERVED FOR SUBSCRIPTION BY THE MARKET MAKER TO THE ISSUE (THE "MARKET MAKER RESERVATION PORTION"). THE PUBLIC ISSUE LESS MARKET MAKER RESERVATION PORTION I.E. ISSUE OF 61,54,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹10 EACH, AT AN ISSUE PRICE OF ₹147 PER EQUITY SHARE FOR CASH, AGGREGATING UPTO ₹9046.38 LAKHS IS HEREIN AFTER REFERRED TO AS THE "NET ISSUE". THE PUBLIC ISSUE AND NET ISSUE WILL CONSTITUTE 26.47% AND 25.14% RESPECTIVELY OF THE POST- ISSUE PAID-UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY.**

**THE FACE VALUE OF THE EQUITY SHARE IS RS.10 AND ISSUE PRICE IS RS. 147 EACH. THE ISSUE PRICE IS 14.7 TIMES OF THE FACE VALUE OF THE EQUITY SHARE**
**ANCHOR INVESTOR ISSUE PRICE: RS. 147 PER EQUITY SHARE. THE ISSUE PRICE IS 14.7 TIMES OF THE FACE VALUE**

**BID/ ISSUE PERIOD**

**ANCHOR INVESTOR BIDDING DATE WAS: FRIDAY, MAY 24, 2024**
**BID / ISSUE OPENED ON: MONDAY, MAY 27, 2024**
**BID / ISSUE CLOSED ON: WEDNESDAY, MAY 29, 2024**

## RISKS TO INVESTORS:

a) Our business is dependent on the sale of our products to certain key customers. The loss of any such customers or a significant reduction in the sales made to such customers, could materially adversely affect our business, results of operations and financial condition.
b) Pricing pressure from customers may adversely affect our gross margin, profitability and ability to increase our prices, which may in turn materially adversely affect our results of operations and financial condition.
c) The Merchant Banker associated with the Issue has handled 48 public issues in the past three years out of which 2 Issue closed below the Issue Price on listing date.
d) Average cost of acquisition of Equity Shares held by the Individual Promoters is

| Sr. No. | Name of the Promoters | Average cost of Acquisition (in ₹) |
|---|---|---|
| 1. | Nilesh Jitubhai Patel | 0.81 |
| 2. | Natasha Nilesh Patel | Nil |

and the Issue Price at the upper end of the Price Band is Rs. 147 per Equity Share.
e) The Price/ Earnings ratio based on Diluted EPS for Fiscal 2023 for the company at the upper end of the Price Band is 13.08.
f) Weighted Average Return on Net worth for Fiscals 2023, 2022 and 2021 is 15.41%.
g) The Weighted average cost of acquisition of all Equity Shares transacted in the last 1 year, 18 months and 3 years from the date of RHP is as given below:

| Period | Weighted Average Cost of Acquisition (in Rs.) | Upper end of the Price Band (Rs. 147) is 'X" times the weighted Average cost of Acquisition | Range of acquisition price: Lowest Price – Highest Price (in Rs.) |
|---|---|---|---|
| Last 1 year/ Last 18 months/ Last 3 years | 1.03 | 142.72 | 0-130 |

h) The Weighted average cost of acquisition compared to Floor Price and Cap Price

| Types of transactions | Weighted average cost of acquisition (₹ per Equity Shares) | Floor price (i.e. ₹ 139) | Cap price (i.e. ₹ 147) |
|---|---|---|---|
| WACA of primary issuance (exceeding 5% of the pre issue capital) | NA^ | NA^ | NA^ |
| WACA for secondary sale / acquisition (exceeding 5% of the pre issue capital) | NA^^ | NA^^ | NA^^ |
| Weighted average cost of acquisition of primary issuances/ secondary transactions as per paragraph 8(c) above | 130 | 1.07 | 1.13 |

*Note:*
*^There were no primary/ new issue of shares (equity/ convertible securities) except bonus as mentioned in paragraph 8(a) above, in last 18 months from the date of the Prospectus.*
*^^There were no secondary transactions exceeding 5% of the pre issue capital, in last 18 months from the date of the Prospectus.*

## PROPOSED LISTING: MONDAY, JUNE 3, 2024*

The Issue was being made through the Book Building Process, in terms of Rule 19(2)(b)(i) of the Securities Contracts (Regulation) Rules, 1957, as amended ("SCRR") read with Regulation 253 of the SEBI ICDR Regulations, as amended, wherein not more than 50% of the Net Issue was available for allocation on a proportionate basis to Qualified Institutional Buyers ("QIBs", the "QIB Portion"), Our Company in consultation with the Book Running Lead Manager has allocated upto 60% of the QIB Portion to Anchor Investors on a discretionary basis in accordance with the SEBI ICDR Regulations ("Anchor Investor Portion"). Further, not less than 15% of the Net Issue shall be available for allocation on a proportionate basis to Non-Institutional Bidders and not less than 35% of the Net Issue was made available for allocation to Retail Individual Bidders in accordance with the SEBI (ICDR) Regulations, subject to valid Bids being received at or above the Issue Price. All potential Bidders (except Anchor Investors) were required to mandatorily utilise the Application Supported by Blocked Amount ("ASBA") process providing details of their respective ASBA accounts, and UPI ID in case of RIBs using the UPI Mechanism, if applicable, in which the corresponding Bid Amounts will be blocked by the SCSBs or by the Sponsor Bank under the UPI Mechanism, as the case may be, to the extent of respective Bid Amounts. Anchor Investors were not permitted to participate in the Issue through the ASBA process. For details, see ***"Issue Procedure"*** beginning on page 214 of the Prospectus.

The investors are advised to refer to the Prospectus for the full text of the Disclaimer clause pertaining to NSE. For the purpose of this Issue, the Designated Stock Exchange will be the National Stock Exchange of India Limited. The trading is proposed to be commenced on or before Monday, June 3, 2024*

*Subject to the receipt of listing and trading approval from the NSE (NSE Emerge).

## SUBSCRIPTION DETAILS

The bidding for Anchor Investors opened and closed on Friday, May 24, 2024. The Company received 9 Anchor Investors applications for 20,88,000 Equity Shares. The Anchor Investor Allocation price was finalized at Rs. 147/- per Equity Share. A total of 18,45,000 Equity Shares were allotted under the Anchor Investors portion aggregating to Rs. 27,12,15,000/-.

The Issue (excluding Anchor Investors Portion) received 3,75,664 Applications for 89,61,53,000 Equity Shares (after bid not banked cases and removing multiple and duplicate bids and before technical rejection) resulting 193.34 times subscription (including reserved portion of market maker and excluding anchor investor portion). The details of the Applications received in the Issue from various categories are as under (before technical rejections):

**Detail of the Applications Received (excluding Anchor Investors Portion):**

| Sr. No. | Category | Number of Applications | No. of Equity Shares applied | Equity Shares Reserved as per Prospectus | No. of times Subscribed | Amount (Rs.) |
|---|---|---|---|---|---|---|
| 1 | Market Maker | 1 | 3,26,000 | 3,26,000 | 1 | 4,79,22,000.00 |
| 2 | QIB (excluding Anchor investor portion) | 83 | 139544000 | 1231000 | 113.36 | 180957000 |
| 3 | Non Institutional Investor | 34430 | 415133000 | 924000 | 449.28 | 135828000 |
| 4 | Retail Individual Investors | 341150 | 341150000 | 2154000 | 158.38 | 316638000 |
| | **TOTAL** | **375664** | **896153000** | **4635000** | **193.34** | **68,13,45,000** |

**Final Demand:**
A summary of the final demand as per NSE as on the Bid/ Issue Closing Date at different Bid prices is as under:

| Sr. No. | Bid Price | Bids Quantity | % of Total | Cumulative Total | % Cumulative Total |
|---|---|---|---|---|---|
| 1 | 139.00 | 6,23,000 | 0.06% | 6,23,000 | 0.06% |
| 2 | 140.00 | 1,86,000 | 0.02% | 8,09,000 | 0.08% |
| 3 | 141.00 | 1,25,000 | 0.01% | 9,34,000 | 0.09% |
| 4 | 142.00 | 65,000 | 0.01% | 9,99,000 | 0.10% |
| 5 | 143.00 | 97,000 | 0.01% | 10,96,000 | 0.11% |
| 6 | 144.00 | 59,000 | 0.01% | 11,55,000 | 0.12% |
| 7 | 145.00 | 2,80,000 | 0.03% | 14,35,000 | 0.15% |
| 8 | 146.00 | 3,72,000 | 0.04% | 18,07,000 | 0.18% |
| 9 | 147.00 | 78,24,86,000 | 79.49% | 78,42,93,000 | 79.68% |
| 10 | CUT OFF | 20,00,53,000 | 20.32% | 98,43,46,000 | 100.00% |
| | **TOTAL** | **98,43,46,000** | **100.00%** | | |

The Basis of Allotment was finalized in consultation with the Designated Stock Exchange, being National Stock Exchange of India Limited (NSE Emerge) on May 30, 2024.

**1) Allotment to Retail Individual Investors (After Technical Rejections):**
The Basis of Allotment to the Retail Individual Investors, who have Bid at cut-off Price or at or above the Issue Price of Rs. 147 per Equity Share, was finalized in consultation with NSE. The category has been subscribed to the extent of 158.38 times. The total number of Equity Shares Allotted in this category is 21,54,000 Equity Shares to 2154 successful applicants. The details of the Basis of Allotment of the said category are as under:

| No. of Shares Applied for (Category wise) | No. of Applications Received | % of Total | Total No. of Shares Applied | % to Total | No. of Equity Shares Allotted per Applicant | Ratio | Total No. of Shares Allotted |
|---|---|---|---|---|---|---|---|
| **1000** | 341150 | 100 | 341150000 | 100 | 1000 | 5:792 | 2154000 |

**2) Allotment to Non-Institutional Investors (After Technical Rejections):**
The Basis of Allotment to the Non-Institutional Investors, who have bid at the Issue Price of Rs. 147 or above per Equity Share was finalized in consultation with NSE. The category has been subscribed to the extent of 449.28 times (after technical rejection). The total number of Equity Shares Allotted in this category is 9,24,000 Equity Shares to 821 successful applicants. The details of the Basis of Allotment of the said category are as under *(Sample Basis)*:

| No. of Shares applied for (Category wise) | Number of applications received | % of Total | Total No. of Shares applied in each category | % to Total | No of Equity Shares allotted per applicant | Ration of allottees to applicants | Total No. of shares allocated/allotted |
|---|---|---|---|---|---|---|---|
| 2000 | 13965 | 40.56 | 27930000 | 6.73 | 1000 | 4:901 | 62000 |
| 3000 | 2714 | 7.88 | 8142000 | 1.96 | 1000 | 5:754 | 18000 |
| 4000 | 1253 | 3.64 | 5012000 | 1.21 | 1000 | 8:911 | 11000 |
| 5000 | 1371 | 3.98 | 6855000 | 1.65 | 1000 | 5:457 | 15000 |
| 6000 | 2859 | 8.30 | 17154000 | 4.13 | 1000 | 13:978 | 38000 |
| 7000 | 5431 | 15.77 | 38017000 | 9.16 | 1000 | 9:575 | 85000 |
| 8000 | 1012 | 2.94 | 8096000 | 1.95 | 1000 | 9:506 | 18000 |
| 9000 | 476 | 1.38 | 4284000 | 1.03 | 1000 | 5:238 | 10000 |
| 50000 | 40 | 0.12 | 2000000 | 0.48 | 1000 | 1:10 | 4000 |
| 95000 | 9 | 0.03 | 855000 | 0.21 | 1000 | 2:9 | 2000 |
| 141000 | 2 | 0.01 | 282000 | 0.07 | 1000 | 1:2 | 1000 |
| 230000 | 3 | 0.01 | 690000 | 0.17 | 1000 | 2:3 | 2000 |
| 276000 | 2 | 0.01 | 552000 | 0.13 | 1000 | 1:2 | 1000 |
| 330000 | 1 | 0.00 | 330000 | 0.08 | 1000 | 1:1 | 1000 |
| 407000 | 3 | 0.01 | 1221000 | 0.29 | 1000 | 1:1 | 3000 |
| 580000 | 1 | 0.00 | 580000 | 0.14 | 1000 | 1:1 | 1000 |
| 1426000 | 1 | 0.00 | 1426000 | 0.34 | 3000 | 1:1 | 3000 |
| 1687000 | 1 | 0.00 | 1687000 | 0.41 | 4000 | 1:1 | 4000 |
| 1710000 | 1 | 0.00 | 1710000 | 0.41 | 4000 | 1:1 | 4000 |
| 1800000 | 1 | 0.00 | 1800000 | 0.43 | 4000 | 1:1 | 4000 |
| 1838000 | 1 | 0.00 | 1838000 | 0.44 | 4000 | 1:1 | 4000 |
| 2041000 | 1 | 0.00 | 2041000 | 0.49 | 5000 | 1:1 | 5000 |
| 2086000 | 1 | 0.00 | 2086000 | 0.50 | 5000 | 1:1 | 5000 |
| 3060000 | 1 | 0.00 | 3060000 | 0.74 | 7000 | 1:1 | 7000 |
| 3078000 | 5 | 0.01 | 15390000 | 3.71 | 6000 | 1:1 | 30000 |
| | | | | | | 4:5 | 4000 |

**3) Allotment to QIBs excluding Anchor Investors (After Technical Rejections):**
Allotment to QIBs, who have bid at the Issue Price of Rs. 147 or above per Equity Share has been done on a proportionate basis in consultation with NSE. This category has been subscribed to the extent of 113.36 times of QIB portion. The total number of Equity Shares allotted in the QIB category is 12,3,000 Equity Shares, which were allotted to 80 successful Applicants.

| CATEGORY | FIS/BANKS | MF'S | IC'S | NBFC'S | AIF | FPI | VC'S | TOTAL |
|---|---|---|---|---|---|---|---|---|
| **QIB** | 147000 | - | 13000 | 392000 | 291000 | 388000 | - | **12,31,000** |

**4) Allotment to Anchor Investors (After Technical Rejections):**
The Company in consultation with the BRLM has allocated 18,45,000 Equity Shares to 9 Anchor Investors at the Anchor Investor Issue Price of Rs.147 per Equity Shares in accordance with the SEBI (ICDR) Regulations. This represents upto 60% of the QIB Category.

| CATEGORY | FIS/BANKS | MF'S | IC'S | NBFC'S | AIF | FPI | OTHERS | TOTAL |
|---|---|---|---|---|---|---|---|---|
| **ANCHOR** | - | - | - | 274000 | 739000 | 832000 | - | **18,45,000** |

The Board of Directors of our Company at its meeting held on May 30, 2024 has taken on record the basis of allotment of Equity Shares approved by the Designated Stock Exchange, being NSE and has allotted the Equity Shares to various successful applicants. The Allotment Advice Cum Refund Intimation will be dispatched to the address of the investors as registered with the depositories. Further, instructions to the SCSBs have been dispatched / mailed for unblocking of funds and transfer to the Public Issue Account on or before May 31, 2024. In case the same is not received within ten days, Investors may contact the Registrar to the Issue at the address given below. The Equity Shares allotted to the successful allottees shall be uploaded on May 31, 2024 for credit into the respective beneficiary accounts subject to validation of the account details with the depositories concerned. The Company is in the process of obtaining the listing and trading approval from NSE and the trading of the Equity Shares is expected to commence trading on June 3, 2024.

**Note:** All capitalized terms used and not defined herein shall have the respective meanings assigned to them in the Prospectus dated May 30, 2024 filed with the Registrar of Companies, Ahmedabad ("RoC").

## INVESTORS, PLEASE NOTE

**The details of the allotment made has been hosted on the website of the Registrar to the Issue, Bigshare Services Private Limited at website: www.bigshareonline.com**

**TRACK RECORD OF BOOK RUNNING LEAD MANAGER:** The Merchant Banker associated with the Issue has handled 48 SME Public Issues in the past three years out of which 2 SME Public Issue was closed below the Issue Price on listing date.

All future correspondence in this regard may kindly be addressed to the Registrar to the Issue quoting full name of the First/ Sole Bidder Serial number of the ASBA form, number of Equity Shares bid for, Bidder DP ID, Client ID, PAN, date of submission of the Bid cum Application Form, address of the Bidder, the name and address of the Designated Intermediary where the Bid cum Application Form was submitted by the Bidder and copy of the Acknowledgment Slip received from the Designated Intermediary and payment details at the address given below:

**Bigshare Services Private Limited**
**Address:** S6-2, 6th Floor, Pinnacle Business Park, Next to Ahura Centre, Mahakali Caves Road, Andheri (East) Mumbai – 400093, Maharashtra, India. ; **Tel No:** +91 22 6263 8200; **Email:** ipo@bigshareonline.com ;
**Investor Grievance Email:** investor@bigshareonline.com ; **Website:** www.bigshareonline.com ;
**Contact Person:** Jibu John ; **SEBI Reg. No.:** MB/INR000001385 ; **CIN:** U99999MH1994PTC076534

**On behalf of Board of Directors**
**Vilas Transcore Limited**
**Sd/-**
**Gandhali Gurunath Paluskar**
**Company Secretary and Compliance Officer**

**Place: Vadodara**
**Date: May 31, 2024**

**THE LEVEL OF SUBSCRIPTION SHOULD NOT BE TAKEN TO BE INDICATIVE OF EITHER THE MARKET PRICE OF THE EQUITY SHARES ON LISTING OR THE BUSINESS PROSPECTS OF VILAS TRANSCORE LIMITED**

**Disclaimer:** Vilas Transcore Limited has filed the Prospectus with the RoC on May 30, 2024 and thereafter with SEBI and the Stock Exchange. The Prospectus is available on the website of the BRLM, Hem Securities Limited at www.hemsecurities.com and the Company at: www.vilastranscore.com, and shall also be available on the website of the NSE and SEBI. Investors should note that investment in Equity Shares involves a high degree of risk and for details relating to the same, please see ***"Risk Factors"*** beginning on page 26 of the Prospectus. The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the ***"Securities Act"***) or any state securities laws in the United States, and unless so registered, and may not be issued or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the Securities Act and in accordance with any applicable U.S. state securities laws. The Equity Shares are being Issued and sold outside the United States in 'offshore transactions' in reliance on Regulation under the Securities Act and the applicable laws of each jurisdiction where such Issues and sales are made. There will be no public Issuing in the United States.

# અભિષેક બેનર્જીએ એક્ટર્સની ફી વિશે ખુલાસો કર્યો

**સ્ટાર્સ નકામી ફીની કરે છે ડિમાન્ડ, સપોર્ટિંગ એક્ટર્સની કમાણી સ્ટાર્સના બોડીગાર્ડ્સથી પણ ઓછી**



(એજન્સી) મુંબઈ | ફેમસ એક્ટર અને કાસ્ટિંગ ડિરેક્ટર અભિષેક બેનર્જીએ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલ એક સત્યનો ચોંકાવનારો ખુલાસો કર્યો છે. તેમણે કહ્યું કે ઘણી વખત ફિલ્મના સપોર્ટિંગ એક્ટર્સ સ્ટાર્સના બોડીગાર્ડ્સ કરતાં પણ ઓછી કમાણી કરે છે. એક ઈન્ટરવ્યૂ દરમિયાન અભિષેકે એક્ટર્સની વધતી ફી અંગે ચર્ચા કરી હતી. તેણે ફિલ્મના બજેટ પર એક્ટર્સની ફીની અસર વિશે પણ વાત કરી હતી.

એક મીડિયા સાથે વાતચીત દરમિયાન જણાવ્યું હતું કે, તે સંપૂર્ણપણે એક્ટરના સ્ટારડમ પર નિર્ભર કરે છે. આ માટે એક્ટરને દોષ ન આપી શકાય. આ બાબત નિર્માતાઓ દ્વારા નક્કી કરવામાં આવે છે. હું ઘણા વર્ષો સુધી ઘણી ફિલ્મો અને શોનો કાસ્ટિંગ ડિરેક્ટર પણ હતો. સ્ટાર્સ ક્યારેક વાહિયાત માગણી કરે છે. જેના કારણે ઘણા કલાકારોને પૈસા મળતા નથી. અભિષેકે પોતાની વાત આગળ વધારતા કહ્યું- મેકર્સ મને ઓછા પૈસામાં કલાકારોને કાસ્ટ કરવાનું કહે છે. મને ખબર નથી કે મોટા સ્ટાર્સ આ જાણે છે કે નહીં. આ જ કારણ છે કે ક્યારેક સારા કલાકારોને બહુ ઓછો પગાર મળે છે. તેમણે કહ્યું- એ સાચું છે કે મોટા સ્ટાર્સ જ દર્શકોને થિયેટર તરફ ખેંચે છે. પરંતુ સહાયક કલાકારોનો પણ અગત્યનો ફાળો હોય છે. અમે તેમની મહેનતને નકારી શકીએ નહીં. કેટલાક કલાકારોને સ્ટાર્સના બોડીગાર્ડ્સ કરતાં ઓછો પગાર મળે છે.

અભિષેક કહે છે કે ફિલ્મનું આખું બજેટ સ્ટાર્સ પર જાય છે. જેના કારણે સહાયક કલાકારોના બજેટમાં ઘટાડો થવા લાગે છે. આ તેમને શરૂઆતથી જ નિરાશ કરે છે અથવા તો તમે તેમની જગ્યાએ કોઈ એવી વ્યક્તિ સાથે બદલો છો કે જેઓ તેમનું કામ સારી રીતે કેવી રીતે કરવું તે જાણતા નથી. આ બધાની અસર સ્ક્રીન પર પણ જોવા મળે છે. આ કારણે; જો ફિલ્મ ફ્લોપ થાય છે, તો નિર્માતાઓ એવા આઘાતમાં જાય છે, જાણે તેમને ખબર જ ન હોય કે શું થઈ રહ્યું છે. અભિષેકના આગામી પ્રોજેક્ટ્સની વાત કરીએ તો તે 'સ્ત્રી 2'માં રાજકુમાર રાવ અને શ્રદ્ધા કપૂર સાથે જોવા મળશે. આ સિવાય તે જોન અબ્રાહમની ફિલ્મ 'વેદ'માં પણ જોવા મળશે.

# તાહા શાહથી હેરાન-પરેશાન હતા હીરામંડી ના રાઇટર

## તેમને એક સીનમાં રડતો સીન આપવાની હતી ઈચ્છા; એક્ટરે કહ્યું, 'પુરુષો થોડા રડે?'



(એજન્સી) મુંબઈ | સંજય લીલા ભણસાલીની વેબ સિરીઝ 'હીરામંડી' રિલીઝ થઈ ત્યારથી જ ચર્ચામાં છે. 'હીરામંડી' એક્ટર તાહા શાહ બદુશાની પણ દરેક જગ્યાએ ચર્ચામાં છે. હાલમાં જ તેમની સાથે જોડાયેલી એક ઘટના સામે આવી છે. હકીકતમાં સંજય લીલા ભણસાલી સાથે દિગ્દર્શક તરીકે કામ કરનાર સ્નેહિલ દીક્ષિત મહેરાએ તાહા શાહ બદુશા સાથે સંબંધિત એક કિસ્સો કહ્યો છે. તેમણે 'હીરામંડી'ના સેટ પરથી પોતાનો અનુભવ શેર કર્યો છે. તેમણે કહ્યું કે ઈન્ડસ્ટ્રીના મોટા લોકો સાથે કામ કરવાનું કેવું લાગે છે. તાહાએ 'હીરામંડી'માં તાજદારનો રોલ નિભાવ્યો હતો, જે દર્શકોને ખુબ જ પસંદ આવ્યો હતો.

બોલિવૂડ લાઈફ સાથે વાત કરતી વખતે સ્નેહિલ દીક્ષિત મહેરાએ કહ્યું કે તાહાએ તેમના એક સીનથી અનેક મુશ્કેલી હતી. આ કારણે સ્નેહિલને એક વાર તાહા પર ગુસ્સો આવ્યો હતો. પણ તાહા તેની વાત સાંભળતો ન હતો. આ પાછળની એવી વાત છે કે એક ખાસ સીન હતો. જેમાં તે તાહાની આંખોમાં આંસુ જોવા માગતી હતી. આના પર તાહાએ તેને કહ્યું કે પુરુષ થોડા રડે. આ પછી પણ સ્નેહિલ વારંવાર તેને આ સીનમાં રડવાનું કહેતી હતી.

સ્નેહિલ કહે છે કે તે આ ફિલ્મમાં પહેલીવાર ડિરેક્ટર તરીકે કામ કરી રહી હતી. આવી સ્થિતિમાં, ફરીદા જલાલ, પ્રખ્યાત સિનેમેટોગ્રાફર સુદીપ ચેટર્જી અને મહેશ લિમયે જેવા ઉદ્યોગના મોટા કલાકારો સાથે પ્રથમ વખત કામ કરવું તેમના માટે એક જબરદસ્ત અનુભવ હતો.

કહ્યું, ઘણા એવા સીનો હતા જેને એકથી વધુ રીટેક કરવાની જરૂર હતી કારણ કે હું પહેલીવાર દિગ્દર્શન કરી રહી હતી. ક્યારેક મને ગભરાટ થતો હતો, જ્યારે ફરીદા જલાલ જેવી કોઈ વ્યક્તિ છે, જેને આટલો બધો અનુભવ છે, અમે તેમને જોઈને મોટા થયા છીએ, તમે તેમને કેવી રીતે કહી શકો કે શું કરવું? ફર્સ્ટ ટાઈમ ડિરેક્ટર હોવાને કારણે હું ખૂબ જ નર્વસ અનુભવતી હતી.

### શાહરૂખે તેની આગામી ફિલ્મ કિંગનું સ્પેનમાં શૂટિંગ શરૂ કર્યાની અટકળો

મુંબઈ | ૨૦૨૩માં બોક્સ ઓફિસ પર જબરદસ્ત સફળતા મેળવનારા શાહરૂખખાનના આગામી પ્રોજેક્ટ પર બધાની નજર છે. એક્સ પર ફરતી થયેલી એક તસવીર અનુસાર શાહરૂખે સ્પેનમાં તેની આગામી ફિલ્મ જેનું નામ કિંગ હોવાનું મનાય છે તેનું શૂટિંગ શરૂ કરી દીધું લાગે છે. તસવીરમાં શાહરૂખ બ્લુ સૂટમાં લોકો સાથે ચર્ચામાં મશગૂલ જણાય છે. આ ફિલ્મનું નિર્દેશન સુજોય ઘોષ કરી રહ્યા છે.

# મલાઈકાના મેનેજરે અર્જુન સાથે બ્રેકઅપ થયા હોવાની વાતનું ખંડન કર્યું...



(એજન્સી) મુંબઈ | અર્જુન કપૂર અને મલાઈકા અરોરાના બ્રેકઅપના સમાચાર છેલ્લા ઘણા મહિનાઓથી હેડલાઈન્સમાં છે. પરંતુ હવે મલાઈકાના મેનેજરે બ્રેકઅપની તમામ વાતોને ખોટી ગણાવી છે. એક ઈન્ટરવ્યૂમાં મલાઈકાના મેનેજરે તેમના બ્રેકઅપની અફવાઓને નકારી કાઢી છે. એક ઈન્ટરવ્યૂ દરમિયાન દરમિયાન જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું મલાઈકા અને અર્જુનનું બ્રેકઅપ થઈ ગયું છે? આના પર મેનેજરે કહ્યું- ના...ના, આ બધી અફવા છે. તાજેતરના અહેવાલમાં, એક સૂત્રના હવાલાથી કહેવામાં આવ્યું હતું કે, મલાઈકા અને અર્જુનનો સંબંધ ખૂબ જ ખાસ હતો અને બંનેના દિલમાં એકબીજા માટે ખાસ સ્થાન હશે. તેઓએ અલગ થવાનો નિર્ણય લીધો છે અને આ બાબતે ગૌરવપૂર્ણ મૌન જાળવવા માંગે છે. તે નથી ઈચ્છતા કે કોઈ આ મામલાને બગાડે. વધુમાં જણાવવામાં આવ્યું હતું કે તેમની વચ્ચે લાંબો, પ્રેમાળ સંબંધ હતો, જે કમનસીબે હવે સમાપ્ત થઈ ગયો છે. આનો અર્થ એ નથી કે હવે બંને વચ્ચે કડવાશ છે. બંને એકબીજાનો આદર કરે છે અને હંમેશા એકબીજા માટે સપોર્ટ રહેશે. બદલાતા વર્ષો સાથે તેઓએ એકબીજાને માન આપ્યું છે. અલગ થયા પછી પણ તેઓ એ જ સન્માન આપતા રહેશે. બંને ઘણા વર્ષોથી ગંભીર સંબંધમાં છે અને તેઓ ઈચ્છે છે કે લોકો આ ભાવનાત્મક સમયમાં તેમને જગ્યા આપે. પરંતુ હવે મલાઈકાના મેનેજરે આ અહેવાલને નકારી કાઢયો છે. જાન્યુઆરીમાં એક રિપોર્ટ અનુસાર, નવેમ્બર 2023માં જ મલાઈકા અરોરા અને અર્જુન કપૂરનું બ્રેકઅપ થઈ ગયું હતું. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે બેમાંથી એક લગ્ન કરીને સ્થાયી થવા માંગે છે, જ્યારે અન્ય તેના માટે સમય માંગે છે. આ કારણ તેમની અણબનાવનું કારણ બન્યું. તેમના બ્રેકઅપના સમાચાર ત્યારે ચર્ચામાં આવ્યા જ્યારે મલાઈકા અરોરાએ અર્જુન અને તેના સંબંધીઓને ઈન્સ્ટાગ્રામ પરથી અનફોલો કરી દીધા. તમને જણાવી દઈએ કે બંને 2016થી રિલેશનશિપમાં છે. આ કપલે બર્થડે પોસ્ટ દ્વારા તેમના સંબંધોની સત્તાવાર જાહેરાત કરી હતી.

## બિગબોસ-OTT અનિલ કપૂર હોસ્ટ કરશે

# બિગ બોસ OTT ને હોસ્ટ કરતો જોવા મળશે અનિલ કપૂર...



મુંબઈ|બિગ બોસ ઓટીટી સિઝન 3ને સલમાન ખાન નહીં પણ અનિલ કપૂર હોસ્ટ કરતો જોવા મળશે. દર્શકોને ભરોસો અપાવ્યો છે કે આ શો ખાસ હશે. સોશિયલ મીડિયા પર મેકર્સે પહેલો જોરદાર પ્રોમો શેર કર્યો છે. આ પ્રોમો લોકોને ખૂબ પસંદ પડી રહ્યો છે. આ પ્રોમો તમે પણ એક વાર જોશો તો ખુશ થઈ જશો. વીડિયોની શરૂઆત કન્ટેસ્ટેન્ટસની વચ્ચે ઝઘડાથી થાય છે અને પછી અચાનક એક શખ્સ કેમેરામાં એન્ટ્રી કરતો જોવા મળે છે. પ્રોમોમાં શખ્સનો ચહેરો દેખાતો નથી, પરંતુ અવાજ પરથી સ્પષ્ટ રીતે એ ખ્યાલ આવે છે કે આ શખ્સ કોઈ બીજું નહીં, પરંતુ અનિલ કપૂર છે. બોલિવૂડ એક્ટર કુર્સી લાવવા માટે કહે છે અને બોલે છે કે બહુ થયું જક્કાસ..પણ આ વખતે કરીએ કંઈક ખાસ. સોશિયલ મીડિયામાં આ વીડિયો વાઈરલ થઈ રહ્યો છે.



## એક ઈન્ટરવ્યૂમાં ઝિન્નત અમાને સોશિયલ મીડિયાથી દૂર રહેવાનું જણાવ્યું

# જેમને રૂબરૂ કહેવાની હિંમત નથી તેઓ ઓનલાઇન ઊલટી-સીધી વાતો કરે છે: ઝિન્નત અમાન

## ઝિન્નતે લખ્યું કે તે પોતાના એકાઉન્ટ પર પોતાનો ફોટો જોઈને કંટાળી ગઈ છે



(એજન્સી) મુંબઈ | એક ઈન્ટરવ્યૂમાં ઝિન્નત અમાને સોશિયલ મીડિયાથી દૂર રહેવાનું અને કલાકાર માટે સોશિયલ મીડિયાના મહત્ત્વ વિશે જણાવ્યું

ઝિન્નત અમાને તેમના ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરી છે. ઝિન્નતે તેમના ચાહકોને જણાવવા માટે એક લાંબી નોટ લખી હતી કે તે અચાનક કોઈ પ્લાનિંગ વગર ઈન્સ્ટાગ્રામમાંથી બ્રેક લઈ રહી છે. આનું કારણ આપતા ઝિન્નતે લખ્યું કે તે પોતાના એકાઉન્ટ પર પોતાનો ફોટો જોઈને કંટાળી ગઈ છે. તેમણે આગળ લખ્યું જ્યારે મેં મારી કારકિર્દીની શરૂઆત કરી તેની સરખામણીમાં આજની દુનિયા કેટલી અલગ છે. 70ના દાયકામાં અને આજના સમયમાં મેં જે જોયું તેમાં ઘણો બદલાવ આવ્યો છે.મને એ વિચારીને આૃર્ય થાય છે કે ઈન્ટરનેટ અને ખાસ કરીને સોશિયલ મીડિયાએ આજે સમાજ માટે શું કર્યું છે. અલબત્ત તેના ફાયદા અને ગેરફાયદા બંને છે.

ઝિન્નતે ટ્રોલિંગ અને તેનો સામનો કરવાની રીતો વિશે પણ જણાવ્યું. તેણે લખ્યું 'હું ઓનલાઈન ટ્રોલિંગને લઈને ખૂબ જ સાવધાન રહું છું. કેટલાક લોકો ઑનલાઇન કેવી ઊલટી-સીધી વાતો કરે છે, જે તેઓ ક્યારેય રૂબરૂમાં કહેવાની હિંમત કરતા નથી. મારા મતે આ એક કંટાળાજનક સમાજ તરફ નિર્દેશ કરે છે, જે ભૂલી ગયો છે કે આ વિશ્વમાં દરેક માનવી ખૂબ નાનો છે! મારા મતે દરેક નાની નાની વાત માટે લોકોને દોષિત ઠેરવવા, તેમને નીચા ગણવા અને બદનામ કરવા એ બહુ ખોટું છે.

## સલમાન સોનાક્ષીને દબંગ માટે કાસ્ટ કરવા માંગતો તેથી વજન ઘટાડ્યું...

# હું જાડી હતી, સલમાને વજન ઘટાડવા કીધુ...

(એજન્સી) મુંબઈ | બોલિવૂડ અભિનેત્રી સોનાક્ષી સિંહા આજે તેનો 37મો જન્મદિવસ એટલે કે 2 જૂન 2024ના રોજ ઉજવી રહી છે. આજે સોનાક્ષી સિંહા ફિલ્મોની સાથે-સાથે વેબ સિરીઝમાં પણ પોતાની અભિનય કુશળતા બતાવી રહી છે. પરંતુ શું તમે જાણો છો કે એક સમય એવો હતો જ્યારે સોનાક્ષી અભિનેત્રી બનવા માંગતી ન હતી. પરંતુ ત્યારપછી સલમાન ખાનની એક વાત સાંભળીને સોનાક્ષી સિંહાએ પોતાની જાતને માત્ર અભિનેત્રી તરીકે જ નહીં પરંતુ બોલિવૂડની દબંગ ગર્લ તરીકે પણ સ્થાપિત કરી લીધી હતી.

2 જૂન 1987ના રોજ પીઢ અભિનેતા શત્રુઘ્ન સિંહા અને પૂનમ સિંહાના ઘરે જન્મ થયો હતો. સોનાક્ષી સિંહાએ ફેશન ડિઝાઈનિંગનો અભ્યાસ કર્યો છે. તેણે 2005માં રિલીઝ થયેલી ફિલ્મ 'મેરા દિલ લેકે દેખો'થી કોસ્ચ્યુમ ડિઝાઈનર તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. અત્યાર સુધી સોનાક્ષી સિંહાએ અભિનેત્રી બનવાનું વિચાર્યું પણ ન હતું.



### સલમાને વજન ઘટાડવા કહ્યું

પરંતુ કદાચ તેના ભાગ્યમાં કંઈક બીજું જ હતું. સોનાક્ષી સિન્હાએ 2010માં સલમાન ખાન સાથે દબંગ સાથે બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. દબંગ સાથે ડેબ્યુ કરતા પહેલા સોનાક્ષી સિંહાનું વજન વધારે હતું. સોનાક્ષી સિંહાએ ધ કપિલ શર્મા શોમાં દબંગ સાથે જોડાયેલી ઘટના વિશે વાત કરતા કહ્યું કે, તે (સલમાન) મારી પાસે આવ્યો અને મને વજન ઘટાડવા માટે કહ્યું હતુ કારણ કે તે મને તેની ફિલ્મમાં કાસ્ટ કરવા માટે ઉત્સાહિત હતો.

સોનાક્ષી સિન્હાએ એક ચેટ શોમાં અરબાઝ ખાન સાથે વાત કરતા કહ્યું હતું કે, 'દબંગ કરતા પહેલા તમે જોયું હશે કે હું કેટલી જાડી હતી. હું બિનઆરોગ્યપ્રદ જીવન જીવતી હતી હું બિલકુલ ફિટ નહોતી અને દબંગ માટે મેં 30 કિલો વજન ઘટાડ્યું હતું.

સોનાક્ષી સિન્હાના વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો, અભિનેત્રી હાલમાં જ સંજય લીલા ભણસાલીની વેબ સિરીઝ 'હીરામંડી'માં એક શક્તિશાળી પાત્ર ભજવતી જોવા મળી છે. સોનાક્ષી સિન્હાએ 'હીરામંડી'માં ફરદીનનું ગ્રે-શેડેડ પાત્ર ભજવીને તેના અભિનયની વિશાળ શ્રેણીની શોધ કરી છે.

'હીરામંડી' પહેલા સોનાક્ષી સિન્હા વેબ સીરિઝ 'દહદ'માં એક મજબૂત પોલીસ ઓફિસરની ભૂમિકામાં જોવા મળી હતી. આ સિવાય અભિનેત્રી 'દબંગ', 'રાઉડી રાઠોડ', 'સન ઓફ સરદાર', 'આર... રાજકુમાર', 'કલંક', 'લૂટેરા', 'વન્સ અપોન અ ટાઈમ ઈન મુંબઈ' જેવી ઘણી ફિલ્મોમાં જોવા મળી છે.



# મનોજ બાજપેયી ઘરેથી નીકળ્યો ત્યારે ખિસ્સામાં હતાં 120 રૂપિયા...

## એક્ટરે કહ્યું, 'ડિપ્રેશનને કારણે આત્મહત્યાના વિચારો આવવા લાગ્યા, મિત્રોની મદદથી ગુજરાન ચલાવ્યું'

(એજન્સી) મુંબઈ | પોતાના શાનદાર એક્ટિંગ માટે જાણીતો એક્ટર મનોજ બાજપેયીની ફિલ્મ 'ભૈયા જી' દર્શકોના દિલમાં સ્થાન મેળવવામાં નિષ્ફળ રહી છે. આ ફિલ્મમાં એક્ટર શાનદાર એક્શન કરતો જોવા મળ્યો હતો, પરંતુ દર્શકોને તેનો આ અંદાજ બિલકુલ પસંદ ન આવ્યો. આ દરમિયાન મનોજે એક ઈન્ટરવ્યૂ દરમિયાન પોતાના કરિયરના શરૂઆતના દિવસોને યાદ કરતા કહ્યું કે જ્યારે તે બિહારથી દિલ્હી આવ્યો ત્યારે તેના ખિસ્સામાં ફક્તને ફક્ત 120 રૂપિયા હતા. એક સમય એવો આવ્યો જ્યારે તે ડિપ્રેશનનો ભોગ બન્યો અને તેના મગજમાં આત્મહત્યાના વિચારો આવવા લાગ્યા હતાં. મનોજ બાજપેયીએ કહ્યું- હું બિહારથી દિલ્હી ટ્રેનમાં ગયો હતો અને મારા પિતાએ મને 120 રૂપિયા આપ્યા હતા. મારી પાસે એટલું જ હતું. દિલ્હીમાં દરરોજ મારે એક નવા પડકારનો સામનો કરવો પડતો હતો. જેમાં રૂમનું ભાડું, માસિક ખર્ચ, બસનું ભાડું, ભોજન અને દરરોજ થિયેટરમાં જવાનો સમાવેશ થતો હતો. 10 વર્ષ સુધી મારી આ પ્રકારની જ જિંદગી રહી હતી.

બસનું ભાડું ચૂકવવાના પૈસા નહોતા ત્યારે પગપાળા NSD (નેશનલ સ્કૂલ ઑફ ડ્રામા) જતો હતો. મિત્રોની મદદથીગુજરાન ચાલતું હતું. મારી પાસે માત્ર એક કુર્તો, ચામડાના ચપ્પલ અને જીન્સની જોડી હતી. આ બધું મેં ટીનના ડબ્બામાં રાખ્યું હતું, જે આજે પણ મારી પાસે છે. મારી પાસે જે હતું તે ટીનના ડબ્બામાં આવી જતું હતું.

મનોજે કહ્યું કે બિહારથી આવીને ભાષા તેમના માટે સૌથી મોટો પડકાર હતો. વધુમાં કહ્યું, મારે હિન્દી અને અંગ્રેજી શીખવું હતું. ડ્રામા સ્કૂલમાં એક પ્રોફેસર હતા. તેમણે કહ્યું પહેલાં ભાષા સુધારી લો પછી રિહર્સલ કરીશું. આ મારા માટે મોટો આઘાત હતો. જ્યારે ત્રણ વખત NSDમાંથી રિજેક્ટ કરવામાં આવ્યો ત્યારે તે ડિપ્રેશનમાં ગયો. જેના કારણે મનમાં આત્મહત્યાના વિચારો પણ આવવા લાગ્યા હતા.

# ભારે રોમાંચક થયેલી મેચમાં અમેરિકાની શાનદાર જીત

(એજન્સી) નવી દિલ્હી | તા 02

T20 વર્લ્ડ કપ 2024ની પહેલી મેચમાં અમેરિકાએ કેનેડાને 7 વિકેટે હરાવ્યું હતું. ડલ્લાસના ગ્રાન્ડ પ્રેરી ક્રિકેટ સ્ટેડિયમમાં અમેરિકાએ ટૉસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. કેનેડાએ 20 ઓવરમાં 5 વિકેટ ગુમાવીને 194 રન બનાવ્યા અને અમેરિકાને 195 રનનો ટાર્ગેટ આપ્યો. જવાબમાં યુએસએ 17.4 ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને ટાર્ગેટ ચેઝ કરી લીધો હતો. USA તરફથી એરોન જોન્સે જબરદસ્ત ઈનિંગ રમી. તેણે 4 ચોગ્ગા અને 10 ગગનચૂંબી છગ્ગાની મદદથી 40 બોલમાં 94 રન ફટકાર્યા હતા. આ દરમિયાન તેનો 235ની સ્ટ્રાઈક રેટ રહ્યો હતો. તો એન્ડ્રીસ ગૌસે 65 રન બનાવ્યા હતા. જોન્સ અને એન્ડ્રીસ ગૌસ વચ્ચે ત્રીજી વિકેટ માટે 131 રનની ભાગીદારી થઈ હતી. જોન્સને આ પ્રદર્શન માટે પ્લેયર ઑફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. અમેરિકાની ત્રીજી વિકેટ 16મી ઓવરના ચોથા બોલ પર પડી. નિખિલ દત્તાએ એન્ડ્રીસ ગૌસને એરોન જોન્સનના હાથે કેચ કરાવ્યો હતો. ગૌસની આ ત્રીજી T20 ઈન્ટરનેશનલ ફિફ્ટી છે. ગૌસ અને જોન્સ વચ્ચે 131 પ્રથમ મેચમાં અમેરિકાના કેપ્ટન મોનાંક પટેલે ટૉસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે.



**હરમીતે જોન્સને પેવેલિયન મોકલ્યો:** કેનેડાને પહેલો ફટકો છઠ્ઠી ઓવરમાં લાગ્યો હતો. હરમીત સિંહે એરોન જોન્સને નીતિશ કુમારના હાથે કેચ કરાવ્યો હતો. જોન્સને ઓફ સાઈડ પરંતુ તેણે પોતાનું સંતુલન ગુમાવ્યું અને લોંગ-ઓફ પર કેચ થઈ ગયો.

**ગોર્ડનની ઓવરમાં 33 રન થયા બનાવ્યા :** કેનેડા તરફથી જેરેમી ગોર્ડને 14મી ઓવર નાંખી. આ ઓવરમાં તેણે 33 રન આપ્યા હતા. જેમાં 3 સિક્સર, 2 ફોર, 3 વાઈડ, 2 નો બોલ, નો બોલ પર એક સિંગલ અને 1 સિંગલનો સમાવેશ થાય છે. અમેરિકાની બીજી વિકેટ 7મી ઓવરના ત્રીજા બોલ પર પડી. કેપ્ટન મોનાંક પટેલ 16 બોલમાં 16 રન બનાવીને આઉટ થયો હતો. તે વિકેટકીપર શ્રેયસ મૌવાના હાથે ડિલોન હેલિગરની બોલિંગમાં કેચ આઉટ થયો હતો.

**અમેરિકાને પહેલો ફટકો :** અમેરિકાની પહેલી વિકેટ ઈનિંગના બીજા બોલ પર પડી હતી. કલીમ સનાએ સ્ટીવન ટેલરને LBW આઉટ કર્યો હતો. ટેલર ખાતુ ખોલાવ્યા વગર જ પેવેલિયન પરત ફર્યો હતો. ટેલર ઓફ સાઈડ પર આવતા એક સારીગુડ લેન્થ બોલને ફ્લિક કરવા બેકફૂટ પર ગયો હતો, પરંતુ બોલ તેની અપેક્ષા મુજબ ઉછળ્યો ન હતો અને તે LBW આઉટ થયો હતો. કેનેડાએ અમેરિકાને 195 રનનો ટાર્ગેટ આપ્યો હતો. કેનેડાએ 20 ઓવરમાં 5 વિકેટ ગુમાવીને 194 રન બનાવ્યા હતા. કેનેડા તરફથી નવનીત ધાલીવાલ અને નિકોલસ કિર્ટને અડધી સદી ફટકારી હતી. અમેરિકા તરફથી કોરી એન્ડરસન, હરમીત સિંહ અને સૌરભ નેત્રાવાલકરને 1-1 વિકેટ મળી હતી. પરગટ સિંહ અને દિલપ્રીત બાજવા રન આઉટ થયા હતા.

**ધાલીવાલ 61 રન બનાવીને આઉટ થયો :** કેનેડાની ત્રીજી વિકેટ 15મી ઓવરના પ્રથમ બોલ પર પડી હતી. નવનીત ધાલીવાલ 44 બોલમાં 61 રન બનાવીને આઉટ થયો હતો. તે કોરી એન્ડરસનની બોલિંગમાં જસદીપ સિંહના હાથે કેચ આઉટ થયો હતો. કેનેડાએ 173ના સ્કોર પર તેની પાંચમી વિકેટ ગુમાવી હતી. દિલપ્રીત બાજવાને અમેરિકન કેપ્ટન મોનાંક પટેલે રન આઉટ કર્યો હતો. બાજવાએ 5 બોલમાં 11 રનની ઈનિંગ રમી હતી. કેનેડાને બીજો ફટકો 8મી ઓવરના છેલ્લા બોલ પર લાગ્યો હતો. પરગટ સિંહ 7 બોલમાં 5 રન બનાવીને આઉટ થયો હતો.

# રોહિતને ભેટી પડ્યો ચાહક : પોલીસે દબોચ્યો

(એજન્સી) નવી દિલ્હી | તા 02

T20 વર્લ્ડ કપ 2024 પહેલાં શનિવારે (01 જૂન) ભારત અને બાંગ્લાદેશ વચ્ચે વોર્મ-અપ મેચ રમાઈ હતી. મેચ દરમિયાન એક ગજબની ઘટના જોવા મળી હતી. જ્યારે ભારતીય ટીમ ફિલ્ડિંગ કરી રહી હતી. તે દરમિયાન એક ક્રિકેટપ્રેમી રોહિત શર્માને મળવા મેદાનમાં ઘૂસી આવ્યો હતો. આ દરમિયાન, તે મેદાનમાંથી બહાર નીકળે તે પહેલાં અમેરિકન પોલીસ ત્યાં આવી પહોંચી હતી. આ દરમિયાન પોલીસે ફેન્સને દબોચી લીધો હતો અને નિર્દયતાથી જમીન પર પછાડી દઈને હાથકડી પહેરાવીને ધરપકડ કરી હતી.ઘટનાનો વીડિયો શેર કરતી વખતે @ GabbbarSingh નામના એક ફેન્સે લખ્યું છે કે, ’રોહિત શર્માને ખબર પડી કે અમેરિકન પોલીસ તેના ફેન્સની ધોલાઈ કરી રહી છે. એટલું જ નહીં, પોલીસની બર્બરતા જોઈને ફેન્સે મજાકિયા સ્વરમાં લખ્યું છે કે, ’અરે, આટલો ન માર બે.’ અમેરિકન પોલીસના બે જવાનો ફેન્સ પર તૂટી પડ્યા જ્યારે પોલીસે ફેન્સની નિર્દયતાથી ધરપકડ કરી હતી.

ત્યારબાદ રોહિત શર્મા તેનો બચાવ કરતા જોવા મળ્યો, પરંતુ રોહિતની દરમિયાનગીરી છતાં પોલીસે ફેન્સ સાથે ગેરવર્તન કર્યું અને તેને જમીન પર ધક્કો મારીને દબોચીને ધરપકડ કરી હતી.

# અમેરિકામાં ટી-20ની સાથે સટ્ટાબાજી શરૂ, 500થી વધુ વેબસાઈટ-એપ પર 200 કરોડના દાવ લગાવશે

(એજન્સી) ન્યૂયોર્ક | તા 02

ભારતમાં પૈસા, પ્રતિષ્ઠા અને પાવરનો પર્યાય ક્રિકેટ હવે અમેરિકામાં પ્રથમ વખત ટી-20 વર્લ્ડ કપ ફોર્મેટમાં રમાઈ રહ્યું છે. આ સાથે જે બાબત સૌથી વધુ ચર્ચામાં છે તે સટ્ટાબાજીની છે. ભારતમાં તે ગેરકાયદેસર છે, પરંતુ અમેરિકામાં કાયદેસર છે. તેથી જ ક્રિકેટની રમત ‘ધનવર્ષા’ના નવા વિકલ્પ તરીકે ઉભરી આવી છે. આ માટે સટ્ટાબાજીની વેબસાઈટ ડ્રાફ્ટકિંગ્સે એનએફએલ સાથે પાર્ટનરશિપ કરી છે. ઈએસપીએનએ સત્તાવાર સ્પોર્ટ્સ બુક તૈયાર કરી છે. તેથી મેચના પહેલા દિવસથી જ સટ્ટાબાજી શરૂ થઈ ગઈ છે. સ્પોર્ટ્સ બેટિંગનું આકલન કરનાર નૂહ નેપરાસ્ટ મુજબ, ટી-20 પર પહેલા જ દિવસે 200 કરોડથી વધુનો દાવ લગાવવાની આશંકા છે. બેટિંગની 500 વેબસાઈટ્સ અને એપ સક્રિય થઈ છે. અમેરિકામાં રમત અને સટ્ટાબાજી એકસાથે ચાલે છે. તમે સટ્ટાબાજીવાળી એપ પર મેચ જોઈ રહ્યા છો, ખેલાડી બોલ ફેંકવાનો છે. અમેરિકન ગેમિંગ એસોસિયેશનના જણાવ્યા અનુસાર અમેરિકનોએ ગયા વર્ષે કાનૂની રમતનાં પુસ્તકો પર રૂ. 10 લાખ કરોડના દાવ લગાવ્યા હતા, જે 2022માં



લગાવાયેલા રૂ. 7.71 લાખ કરોડ કરતાં વધુ છે. સ્પોર્ટ્સ સટ્ટાબાજીની કુલ ગ્રોસ ગેમિંગ આવક 2023માં 90 હજાર કરોડ રૂપિયા સુધી પહોંચવાની ધારણા છે, જે ગયા વર્ષના રેકોર્ડને તોડી નાખ્યો હતો. સટ્ટાબાજી પર 4.15 લાખ કરોડનો ખર્ચ કરશે, ન્યૂયોર્કથી સર્વાધિક ટેક્સ, વધુ મેચ પણ ત્યાં.. અમેરિકન ગેમિંગ રેવન્યુ ટ્રેકર અનુસાર, ફેબ્રુઆરીમાં સુપર બાઉલ પર રૂ. 87,067 કરોડ રૂપિયાનો દાવ લગાવ્યો હતો. આ 24.8% નો વાર્ષિક વધારો હતો. ક્રિકેટ સહિત, અમેરિકનો એક વર્ષમાં 4.15 લાખ કરોડ રૂપિયા સટ્ટાબાજી પર ખર્ચ કરશે. ગત વર્ષે કાયદાકીય સટ્ટાબાજી પર કુલ 10 લાખ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

# US-કેનેડા સહિત આ ત્રણ ટીમો કરશે ડેબ્યૂ

ICC T20 World Cup 2024 Debut Teams : T20 વર્લ્ડ કપ 2024 ની શરુઆત 1 જૂન એટલે કે આજથી થઈ ગઈ છે. આ ટૂર્નામેન્ટ અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝની યજમાનીમાં યોજાઈ રહી છે. પહેલી મેચ ડલાસમાં અમેરિકા અને કેનેડા વચ્ચે રમાશે. અમેરિકામાં સમયના તફાવત હોવાના કારણે ભારતમાં T20 વર્લ્ડ કપ 2 જૂનથી શરૂ થશે. આ વખતે ટુર્નામેન્ટમાં કુલ 20 ટીમો ભાગ લેવાની છે. ટી-20 વર્લ્ડ કપના ઈતિહાસમાં આ પહેલીવાર એવુ બની રહ્યું છે કે જ્યારે 16થી વધુ ટીમો મેદાનમાં ઉતરશે. આ વખતે ત્રણ નવી ટીમો પણ જોડાઈ છે, જે ટૂર્નામેન્ટમાં ડેબ્યૂ કરશે. યુગાન્ડા આ વર્ષે 2024માં પ્રથમ વખત T20 વર્લ્ડ કપ માટે ક્વોલિફાય થયું છે. આફ્રિકા ક્વોલિફાયરમાં યુગાન્ડાએ રવાંડાને 9 વિકેટે હરાવીને T20 વર્લ્ડ કપ માટે ક્વોલિફાય કર્યું હતું. યુગાન્ડાએ પણ ઝિમ્બાબ્વેને હરાવીને રેકોર્ડ બનાવ્યો છે. યુગાન્ડા નામ વિશ્વના સૌથી ગરીબ દેશોમાં આવે છે. ત્યાં દેશની મોટાભાગની વસ્તી ઝૂંપડપટ્ટીમાં રહે છે.

# વિરાટનું 2023માં પ્રદર્શન ખૂબ જ શાનદાર રહ્યું હતું

(એજન્સી) ન્યૂયોર્ક | તા 02

અમેરિકામાં T-20 વર્લ્ડ કપ 2024 પ્રારંભ થઈ ગયો છે. ભારતીય ટીમે બાંગ્લાદેશ સામે પોતાની પ્રથમ વૉર્મ અપ મેચ સાથે આગાઝ કરી દીધો છે. ત્યારે વિરાટ કોહલીના ફેન્સ માટે આનંદ અને ગર્વ આપે તેવા સમાચાર સામે આવ્યા છે. ભારતીય બેટર વિરાટ કોહલીને ICC ODI પ્લેયર ઓફ ધ યર 2023નો એવોર્ડ આપવામાં આવ્યો છે. વિરાટને ન્યૂયોર્કમાં મેચ પહેલા આ માટે ખાસ કેપ આપવામાં આવી હતી. વિરાટનું 2023માં પ્રદર્શન ખૂબ જ શાનદાર રહ્યું ભારતીય ટીમ T-20 વર્લ્ડ કપમાં ભાગ લેવા માટે અમેરિકામાં છે. જેમાં કોહલી આ ફટાફટ ક્રિકેટના મહાકુંભમાં ટીમનો મહત્વનો ખેલાડી છે અને ટીમને તેની પાસેથી શાનદાર ઈનિંગ્સની અપેક્ષા છે. ત્યારે કિંગ કોહલીના કરિયરમાં વધુ એક સિદ્ધિ હાસંલ કરી છે. ICCએ ’ICC એવોર્ડ્સ 2023’ની જાહેરાત કરી છે. જેમાં કોહલીને વનડે પ્લેયર ઓફ ધ યર એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. વિરાટનું 2023માં પ્રદર્શન ખૂબ જ શાનદાર રહ્યું હતું. તેંડુલકરનો રેકોર્ડ તોડ્યો હતો કોહલીએ વર્ષ 2023માં 24 ઈનિંગ્સમાં 72.47ની એવરેજ અને 99.13ની સ્ટ્રાઈક રેટથી 1377 રન બનાવ્યા હતા. જેમા છ સદી અને આઠ ફિફ્ટી ફટકારી હતી. નોંધનીય છે કે કોહલી 765 રન સાથે ODI વર્લ્ડ કપ 2023માં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી હતો. વિરાટે ODI વર્લ્ડ કપની એક જ સિઝનમાં સૌથી વધુ રન બનાવીને 2003 વર્લ્ડ કપમાં બનાવેલા સચિન તેંડુલકરના 673 રનના રેકોર્ડને તોડ્યો હતો. આ ઉપરાંત કોહલીએ સેમિફાઈનલમાં ન્યૂઝીલેન્ડ સામે 50મી ODI સદી ફટકારીને સચિનના 49 સદીના રેકોર્ડને પણ પાછળ છોડી દીધો હતો. વિરાટ કોહલી ચાર વખત પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટ રહ્યો. વિરાટ કોહલીને ક્રિકેટનો કિંગ એમ જ નથી કહેવામાં આવતો. તેણે અત્યાર સુધીની આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં ICC ટૂર્નામેન્ટમાં ત્રણ વખત પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ બની ચૂક્યો છે.




# 39 વર્ષીય દિનેશ કાર્તિકની ક્રિકેટમાંથી અલવિદા



(એજન્સી) નવી દિલ્હી | તા 02

સ્ટાર ક્રિકેટર દિનેશ કાર્તિકે અચાનક ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. વિકેટકીપર બેટર કાર્તિકે તેના 1 જૂન (શનિવાર)ના રોજ તેના 39માં જન્મદિવસે નિવૃત્તિ લેવાની જાહેરાત કરી. હાલમાં જ કાર્તિક IPL સિઝનમાં RCB માટે રમતો જોવા મળ્યો હતો. કાર્તિકે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને તેની બે દાયકાથી વધુ લાંબી ક્રિકેટ કારકિર્દીને યાદ કરી છે. હું સત્તાવાર રીતે મારી નિવૃતિની જાહેરાત કરુ છું: કાર્તિક કાર્તિકે X પર લખ્યું હતું કે, ’છેલ્લા કેટલાક દિવસોમાં મને જે સ્નેહ, સમર્થન અને પ્રેમ મળ્યો છે, તેનાથી હું અભિભૂત છું. મને આટલો સ્નેહ, પ્રેમ આપવા માટે મારા તમામ ચાહકોની હું હૃદયપૂર્વક આભાર માનું છું. ઘણા લાંબા સમયથી તેના વિશે વિચાર્યા બાદ આજે મેં ક્રિકેટમાંથી દૂર જવાનો નિર્ણય કર્યો છે. હું સત્તાવાર રીતે મારી નિવૃતિની જાહેરાત કરુ છું. મારા રમવાના દિવસો પાછળ છોડીને આગળ આવનારા નવા પડકારો માટે તૈયાર થઈ રહ્યો છું.’ હું મારી જાતને ભાગ્યશાળી લોકોમાંથી એક માનું છું: કાર્તિક કાર્તિકે કહ્યું કે, ’હું મારા કોચ, કેપ્ટન, પસંદગીકારો, સાથી ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફ સભ્યોનો આભાર માનું છું. જેમણે આટલા લાંબા સમયની મારી લાંબી યાત્રાને સુખદ અને આનંદપ્રદ બનાવી છે. હું મારી જાતને ભાગ્યશાળી લોકોમાંથી એક માનું છું, જેને દેશનું પ્રતિનિધિત્વ કરવાની તક મળી. તેમજ મોટી શુભકામનાઓ મેળવવા માટે હું વધુ ભાગ્યશાળી છું. કાર્તિક આગળ વધુ લખતા કહે છે કે, ’આટલા વર્ષોમાં મારા માતા-પિતા મારી તાકાત અને સમર્થનના આધાર સ્તંભ રહ્યા છે.

# ICC T20 વર્લ્ડકપની ડેબ્યૂ મેચમાં અમેરિકાની ધમાકેદાર શરૂઆત, કેનેડાને 7 વિકેટે કચડ્યું

(એજન્સી) નવી દિલ્હી | તા 02

T-20 World Cup 2024 USA vs CAN : ICC T-20 વર્લ્ડ કપ 2024ની આજથી શરૂઆત થઇ ગઇ છે. વર્લ્ડ કપની પ્રથમ મેચ કેનેડા અને યજમાન અમેરિકા વચ્ચે ડલાસના ક્રિકેટ સ્ટેડિયમમાં રમાઈ હતી. આ બંને ટીમોની T-20 વર્લ્ડ કપની ડેબ્યૂ મેચ હતી. અમેરિકાએ કેનેડાના 195 રનના ટાર્ગેટને 14 બોલ બાકી રહેતા માત્ર 3 વિકેટ ગુમાવીને હાંસલ કરી લીધો અને T-20 વર્લ્ડ કપમાં શાનદાર શરૂઆત કરી. એક સમયે અમેરિકા તેના બંને ઓપનિંગ બેટરોની વિકેટ ગુમાવીને સંઘર્ષ કરી રહ્યું હતું. પરંતુ એરોન જોન્સ સાથે મળીને એન્ડ્રીસ ગૌસે મેચનું પાસું જ બદલી નાખ્યું હતું. ત્રીજી વિકેટ માટે 121 રનની ભાગીદારી એરોન જોન્સ અને એન્ડ્રીસ ગૌસે ત્રીજી વિકેટ માટે 9.1 ઓવરમાં 121 રનની ભાગીદારી કરી હતી. એન્ડ્રીસ ગૌસે 46 બોલમાં 7 ચોગ્ગા અને 3 છગ્ગાની મદદથી 65 રન બનાવ્યા હતા. એરોન જોન્સે 40 બોલમાં 4 ચોગ્ગા અને 10 છગ્ગાની મદદથી 94 રનની અણનમ ઈનિંગ રમી અને કેનેડાના વિશાળ લક્ષ્યને ખૂબ જ સરળ




બનાવી દીધું. કોરી એન્ડરસન 3 રન બનાવીને અણનમ રહ્યો હતો. કેનેડાના કેપ્ટન સાદ બિન ઝફરે અમેરિકા સામે છ બોલરોનો ઉપયોગ કર્યો હતો, પરંતુ તેનો કોઈ બોલર જોન્સ અને ગૌસને રોકવામાં સફળ રહ્યો ન હતો. કેનેડિયન બોલર ખર્ચાળ સાબિત થયા માત્ર ડાયલન હેલિગરે પ્રભાવશાળી બોલિંગ કરી અને અને 3 ઓવરમાં 19 રન આપીને 1 વિકેટ લીધી. નિખિલ દત્તા અને કલીમ સનાને 1-1 સફળતા મળી. પરંતુ બંને ખર્ચાળ સાબિત થયા. કેનેડા દ્વારા આપવામાં આવેલા 195 રનના ટાર્ગેટનો પીછો કરતી વખતે કેપ્ટન મોનાંક પટેલ અને સ્ટીવન ટેલરે અમેરિકન ઈનિંગ્સની શરૂઆત કરી હતી. પરંતુ કેનેડિયન બોલર કલીમ સનાએ પ્રથમ જ ઓવરમાં ઓપનર ટેલરને ખાતું ખોલાવ્યા વિના એલબીડબ્લ્યુ આઉટ કરીને અમેરિકાને બેટથી કંઈ ખાસ કરી શક્યો ન હતો અને 16 બોલમાં 2 ચોગ્ગાની મદદથી 16 રનની ધીમી ઈનિંગ રમીને ડાયલન હેલિગરનો શિકાર બન્યો હતો.

# ઝૂંપડપટ્ટીમાં રહે છે આ ક્રિકેટર, હવે ટી20 વર્લ્ડકપમાં મોટી મોટી ટીમોને આપશે ટક્કર

(એજન્સી) નવી દિલ્હી | તા 02

ટી20 વર્લ્ડ કપની શરૂઆત થવામાં હવે થોડા જ કલાકો બાકી છે. પહેલી વખત અમેરિકા અને વેસ્ટઈન્ડિઝ સંયુક્ત મેજબાની કરશે. આ મેગા ઈવેન્ટમાં 20 ટીમ ભાગ લઈ રહી છે. ટી20 વર્લ્ડ કપમાં પહેલી વખત યુગાન્ડાની ટીમ રમતી જોવા મળશે. યુગાન્ડાએ નવેમ્બર 2023માં ટી20 વર્લ્ડ કપ માટે ક્વોલિફાય કર્યું છે. આ ટીમમાં એક એવો ઝડપી બોલર પણ છે જે ઝૂંપડપટ્ટીમાં રહે છે. આ ઝડપી બોલરનું નામ જુમા મિયાગી છે. થોડા સમય પહેલા જ યુગાન્ડા ટીમ સાથે જોડાયેલા ભારતીય કોચ અભય શર્માએ જ્યારે જુમા મિયાગીની ઝૂંપડપટ્ટીને જોઈ તો તેઓ પણ વિચલિત થઈ ગયા. તેમણે જણાવ્યું કે મિયાગીએ જે રીતે સંઘર્ષ કર્યો છે, કદાચ જ કોઈએ કર્યો હશે. યુગાન્ડાના ઝડપી બોલર જુમા મિયાગીનું બાળપણ યુગાન્ડાની રાજધાની કમ્પાલાની ઝૂંપડપટ્ટીમાં વિત્યું છે. કમ્પાલામાં લગભગ 60 ટકા વસતી ઝૂંપડપટ્ટીમાં રહે છે. ઝૂંપડપટ્ટીથી નીકળીને ટી20 વર્લ્ડ કપમાં યુગાન્ડા ક્રિકેટ ટીમ માટે મિયાગીનું ડેબ્યૂ કોઈ સ્વપ્નથી ઓછું નથી. જુમા મિયાગી કમ્પાલાના બહારના વિસ્તારની નાગુરુ



ઝૂંપડપટ્ટીમાં મોટો થયો છે. 2 વર્ષ સુધી તેણે યુગાન્ડાની અંડર-19 ટીમ માટે ક્રિકેટ રમી. હવે તે ટી20 વર્લ્ડ કપમાં સીનિયર ટીમની બોલિંગની કમાન સંભાળતા જોવા મળશે. યુગાન્ડા ટીમના ભારતીય કોચ અભય શર્માએ જણાવ્યું કે જુમા મિયાગીની ઝૂંપડપટ્ટીમાં પીવાનું સ્વચ્છ પાણી અને ગટરની વ્યવસ્થા પણ નથી અને ત્યાં આરોગ્ય સુવિધાઓ નથી. જુમાનું અત્યાર સુધીનું જીવન ખૂબ મુશ્કેલીથી પસાર થયું છે. જ્યારે તેમણે વસતીની હાલત જોઈ તો તેઓ પણ વિચલિત થઈ ગયા. શર્માએ જણાવ્યું કે એવું નથી કે મે પહેલી વખત ઝૂંપડપટ્ટી જોઈ છે. કમ્પાલાની ઝૂંપડપટ્ટી વસ્તી મુંબઈની ધારાવીથી અલગ છે.

# ‘ઈમ્પેક્ટ પ્લેયરના નિયમમાં કરવા જોઈએ ફેરફાર’ પૂર્વ BCCI પ્રમુખે કરી ખાસ માંગ

(એજન્સી) નવી દિલ્હી | તા 02

IPL 2024માં ઈમ્પેક્ટ પ્લેયર નિયમને લઈને ઘણો વિવાદ થયો હતો. ભારતીય ટીમના કેપ્ટન રોહિત શર્માથી શરૂ કરીને ઘણા દિગ્ગજ ક્રિકેટરોએ આ નિયમનો વિરોધ કર્યો હતો. આ અંગે BCCIએ કહ્યું હતું કે તેઓ એક બેઠક યોજીને વિચાર કરશે કે આ નિયમને અમલમાં રાખવો જોઈએ કે નહીં. જોકે, BCCIએ એમ પણ કહ્યું હતું કે જે પણ ફેરફાર કરવામાં આવશે, તે આગામી સિઝનમાં કરવામાં આવશે. આવી સ્થિતિમાં, IPL 2025માં, અમને કાં તો ઈમ્પેક્ટ ખેલાડીનો નિયમ બિલકુલ દેખાશે નહીં, અથવા અમે તેમાં ફેરફાર જોવા મળશે. આ દરમિયાન BCCIના પૂર્વ પ્રમુખે ઈમ્પેક્ટ પ્લેયરના નિયમ પર 2 મહત્વપૂર્ણ સૂચનો આપ્યા છે. ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટરે કહ્યું કે મને ઈમ્પેક્ટ પ્લેયરનો નિયમ ગમે છે, તે ચાલુ રહેવો જોઈએ, પરંતુ તેમાં બે ફેરફાર જરૂરી છે. ગાંગુલીએ કહ્યું કે IPL એક મોટી ટૂર્નામેન્ટ છે. આમાં ઈમ્પેક્ટ પ્લેયરનો નિયમ ચાલુ રાખી શકાય છે, પરંતુ તેમાં બે ફેરફાર કરવા જોઈએ. સૌથી પહેલા તો એ નક્કી કરવું જોઈએ કે કઈ ટીમ કયા ખેલાડીને ઈમ્પેક્ટ પ્લેયર તરીકે બોલાવશે.

# ભારત સેમિફાઈનલમાં પહોંચ્યું તો નુકસાન થશે!:આ દિવસે રિઝર્વ-ડે રાખ્યો નથી




10 સપ્ટેમ્બર 2023, એશિયા કપ સુપર-4 મેચ અને ભારત-પાકિસ્તાન સામ-સામે. ભારત બેટિંગ કરવા ઉતર્યું, રોહિત શર્મા અને શુભમન સારું રમી રહ્યા હતા. બંનેની અડધી સદી પૂરી થતાંની સાથે જ રોહિત 17મી ઓવરમાં અને ગિલ પણ 18મી ઓવરમાં આઉટ થઈ ગયો હતો. કોહલી અને રાહુલ બંને ક્રિઝ પર નવા બેટર હતા. અહીંથી મેચ પાકિસ્તાનના પક્ષમાં જઈ શકી હોત. 25મી ઓવરમાં વરસાદ પડ્યો અને મેચ રોકી દેવામાં આવી. પરંતુ આ મેચ માટે ખાસ રિઝર્વ ડે હતો. બીજા દિવસે કોહલી-રાહુલે સદી ફટકારી અને ભારતે પાકિસ્તાનને 357 રનનો લક્ષ્યાંક આપ્યો. પાકિસ્તાન 128 રનમાં ઓલઆઉટ થઈ ગયું અને ટીમ 228 રનથી મેચ હારી ગઈ. આ મેચને આપવામાં આવતી સ્પેશિયલ ટ્રીટમેન્ટને લઈને વિવાદ થયો હતો. ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર વેંકટેશ પ્રસાદ અને શ્રીલંકાના ભૂતપૂર્વ ક્રિકેટર અર્જુન રણતુંગાએ એશિયન ક્રિકેટ કાઉન્સિલના આ નિર્ણયની ખુલ્લેઆમ ટીકા કરી હતી. તેની સામે શ્રીલંકા અને બાંગ્લાદેશના ચાહકો પણ જોવા મળ્યા હતા.

**વોર્મ-અપ મેચ 1 જૂનના રોજ સમાપ્ત થઈ :** T20 વર્લ્ડ કપ આજથી શરૂ થયો છે પરંતુ ટુર્નામેન્ટની વોર્મ-અપ મેચ 27 મેથી રમાઈ રહી છે. આના એક દિવસ પહેલાં 26 મેના રોજ IPLની ફાઈનલ ભારતમાં યોજાઈ હતી. તેથી ટીમ ઈન્ડિયાએ માત્ર એક જ વોર્મ-અપ મેચ રમી. આ મેચ 1 જૂને બાંગ્લાદેશ સામે રમાઈ હતી, જેમાં ભારતે જીત મેળવી હતી. 1 જૂન સુધી 17 ટીમ વચ્ચે કુલ 16 વોર્મ-અપ મેચ રમાઈ હતી. ભારતે એકમાત્ર વોર્મ-અપ મેચમાં બાંગ્લાદેશને હરાવ્યું હતું. ભારત તરફથી રિષભ પંતે ફિફ્ટી ફટકારી હતી.

**આજે ઓપનિંગ સેરેમની પણ યોજાશે :** વિશ્વવર્લ્ડ કપની બીજી મેચ આજે ગુયાનામાં વેસ્ટ ઈન્ડિઝ અને પાપુઆ ન્યુ ગિની વચ્ચે ભારતીય સમય અનુસાર રાત્રે 8 વાગ્યે રમાશે. આ મેચ પહેલાં, ઓપનિંગ સેરેમની સાંજે 6:30 વાગ્યે થશે. ડેવિડ રુડર, રવિ બી, ઈરફાન આલ્વેસ, ડીજે અના અને અલ્ટ્રા ઈવેન્ટમાં પરફોર્મ કરતા જોવા મળશે. આ ઈવેન્ટનું આયોજન વેસ્ટ ઈન્ડિઝ ક્રિકેટ બોર્ડ કરશે. 12 વર્ષ પછી ગ્રુપ સ્ટેજ ફોર્મેટ પરત આવ્યું 2012 બાદ હવે T-20 વર્લ્ડ કપમાં ગ્રુપ સ્ટેજનું ફોર્મેટ પરત ફરી રહ્યું છે.

**સુપર-8 સ્ટેજમાં પણ 2 ગ્રુપ :** સુપર-8 રાઉન્ડમાં દરેક 4 ટીમને 2 ગ્રુપમાં વહેંચવામાં આવશે. અહીં પણ દરેક ગ્રુપની ટોચની 2 ટીમ આગલા રાઉન્ડમાં એટલે કે સેમિફાઈનલમાં પહોંચશે. બાકીની 2 ટીમ બહાર થશે. સેમિફાઈનલની બે વિજેતા ટીમ વચ્ચે 29 જૂને બાર્બાડોસમાં ફાઈનલ રમાશે. 2021 અને 2022માં સુપર-12 રાઉન્ડ આવ્યા અને ટીમની સંખ્યા વધીને 16 થઈ. અહીં સુપર-12માં 8 ટીમને સીધી એન્ટ્રી મળી હતી. જ્યારે બાકીની 8 ટીમમાંથી 4 ટીમ ક્વોલિફાયર રમીને સુપર-12માં પહોંચી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### પર્યટન ઈન્ડેક્સમાં ચોંકી જશો ભારતનું સ્થાન જોઈ

વિશ્વભરમાં પ્રવાસનને લઈ એક ખાનગી એજન્સીએ હાથ ધરેલા સર્વેમાં તાજેતરમાં ટ્રાવેલ એન્ડ ટુરિઝમ ઈંડેક્સ દ્વારા જાહેર કરાયા જેમાં પાકિસ્તાનને ખૂબ ખરાબ રેંકિંગ મળ્યું છે. યાત્રા અને પર્યટનને લઈ સૌથી લોકપ્રિય 119 દેશોની યાદીમાં પાકિસ્તાનનો રેકિંગ 101 છે. જ્યારે આ લિસ્ટમાં ભારતના પાડોશી દેશ નેપાળ અને બાંગ્લાદેશનું રેંકિંગ 105 અને 109 છે. આ ઈંડેક્સમાં ભારતનું રેંકિંગ 39મું અને શ્રીલંકાનું 76 નંબર પર છે. TTDI ઈન્ડેક્સમાં એશિયા-પેસિફિક પ્રાદેશિક જૂથમાં પાકિસ્તાનને નીચી-મધ્યમ આવક ધરાવતા અર્થતંત્ર તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે. પાકિસ્તાનનું રેન્કિંગ પણ ચોંકાવનારું છે કારણ કે પાછલા વર્ષોમાં તેનું પ્રદર્શન સારું રહ્યું છે. વર્ષ 2022માં પાકિસ્તાને ખૂબ જ સારું પ્રદર્શન કર્યું હતું અને 89માં સ્થાનેથી 83માં સ્થાને પહોંચી ગયું હતું. મધ્ય પૂર્વના દેશોનું રેન્કિંગ શું છે? મધ્ય પૂર્વમાં, સંયુક્ત આરબ અમીરાત 18મા રેન્કિંગ સાથે ટોચ પર છે. યુએઈ પછી સાઉદી અરેબિયા (41), કતાર (53) અને બહરીન (18) જેવા દેશો છે. ટીટીડીઆઈ ઈન્ડેક્સમાં પર્યટનની દ્રષ્ટિએ સૌથી લોકપ્રિય દેશ અમેરિકા હતો. અમેરિકા પછી ટોપ 10માં અન્ય દેશો સ્પેન, જાપાન, ફ્રાન્સ, ઓસ્ટ્રેલિયા, જર્મની, બ્રિટન, ચીન, ઈટાલી અને સ્વિટ્ઝર્લેન્ડ છે. ટીટીડીઆઈ હેઠળ પ્રવાસ અને પર્યટન માટેના સૌથી લોકપ્રિય દેશોને તેમના સાનુકૂળ વ્યવસાયિક વાતાવરણ, ખુલ્લી મુસાફરી નીતિઓ, સારી રીતે વિકસિત પરિવહન માળખાકીય સુવિધા તેમજ સમૃદ્ધના આધારે ક્રમાંકિત કરવામાં આવે છે.

### ચીનમાં બે પ્રાંતમાં આકાશનો રંગ જોઈ લોકોમાં ડરનો માહોલ

દેશના પાડોશી દેશ એવા ચીનમાં ઝેઝિયાંગ પ્રાંતના ડિંગહાઈ જિલ્લામાં બે દિવસ અગાઉ આકાશનો રંગ એકદમ બદલાઈ ચુક્યો હતો. જેને જોઈ લોકો ચોંકી ગયા હતા. આ ઘટના અહીં ચર્ચાનો વિષય બની ગઈ હતી. આ ઉપરાંત લોકો ડરી પણ ગયા હતા. આકાશનો રંગ બદલતા જોઈ આને ભૂકંપ અને પરમાણુ બોમ્બ હુમલાની સાથે જોડીને લોકો જોવા લાગ્યા હતા. જેનાથી ત્યાં લોકોમાં ડર ઘરબાઈ ગયો હતો. આ અંગેની કેટલાક સ્થાનિકોએ ફોટા પણ પાડયા હતા. તેમજ સોશિયલ મીડિયામાં ફોટા શેર્સ કર્યા હતા. લોકોએ લખ્યું કે આવું પહેલીવાર આકાશ જોયું છે. અગાઉ પણ આવી બની ચુક્યું છે મળતી માહિતી અનુસાર, ઘણા લોકો આને પરમાણા બોમ્બ વિસ્ફોટ જણાવ્યો અને ડરામણો અનુભવ કહ્યો હતો. આ ભયંકર ભૂકંપ છે એવું સ્થાનિકો કહ્યું. લોકોએ કહ્યું કે આ રાતમાં કૃત્રિમ સૂરજના પ્રકાશ જેવો અનુભવ લાગતો. ત્યાંના હવામાન વિભાગે કહ્યું કે આ ઘટના પાછળ કોઈ અલૌકિક કારણ નથી. આ મોટાભાગની હોડીઓમાં રહેતી લાલબત્તીને લીધે થાય છે. જે લોકો માછલી પકડવામાં વાપરતા હોય છે. ઉલ્લેખનીય છે કે ચીનમાં આ ઘટના પહેલાં પણ બની ચુકી છે. સાતમી મે-2022ના રોજ પુટુઓ અને 10 મે ફુઝિયાન પ્રાંતમાં આવું જ થયું હતું.

### પાકિસ્તાનની આડોડાઈ, બે ભારતીયોને કથિત આરોપ હેઠળ રાજદ્વારી મદદથી ઈનકાર

પાકિસ્તાનની સુરક્ષા એજન્સીઓએ જાસૂસી આરોપ હેઠળ બે ભારતીય યુવકોની ધરપકડ કરી હતી. આ બંને ભારતીય યુવકોની કોન્સયુલર એક્સેસ આપવાથી શુક્રવારે પાકિસ્તાને ધરાર ના પાડીને કહ્યું કે સમયે આવી સુવિધા પૂરી પાડવામાં આવતી હોય છે. પાકિસ્તાન વિદેશ મંત્રાલયે માહિતી આપતા કહ્યું કે ગિલગિત-બાલ્ટિસ્તાનમાં કથિત જાસૂસીના આરોપ હેઠળમાં બે ભારતીય નાગરિકોની ધરપકડ કરી લેવામાં આવી છે. જેથી રાજદ્વારી મદદ નહિ કરવાનો નિર્ણય લીધો છે. પાકિસ્તાન વિદેશ મંત્રાલયના જણાવ્યા પ્રમાણે આ અંગે વધુ જાણકારી તેના નાગરિકો સુધી રાજદ્વારી મદદ કરે છે. જ્યારે પાકિસ્તાનના સ્થાનિક મીડિયાએ બે ભારતીય યુવકોને રાજદ્વારી મદદ આપવાની વાત કરી હતી. બે ભારતીયોની પીઓકેથી ધરપકડ મળતી માહિતી અનુસાર, જમ્મુ-કાશ્મીરના બે વ્યકિતઓને વર્ષ-2020માં જાસૂસીના આરોપ હેઠળ ગિલગિત-બાલ્ટિસ્તાનમાં ધરપકડ કરવામાં આવી હતી.

### હશ મની કેસમાં પિતાને લઈને તોડી ચુપ્પી

ડોનાલ્ડ ટ્રમ્પને હશ મની ટ્રાયલની સાથે જોડાયેલા તમામ 34 કેસમાં દોષી ઠેરવવામાં આવ્યા બાદ શુક્રવારે તેમની દીકરી ઈવાન્કાએ એક ભાવનાત્મક પોસ્ટ કરી છે. ગુરુવારે મેનહટન કોર્ટના નિર્ણય બાદ ઈવાન્કા ટ્રમ્પ પિતાના સમર્થનમાં પહેલી પ્રતિક્રિયા આપી ચૂકી છે. ઈવાન્કાએ આ પોસ્ટ ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે. તેમાં તેણે કેપ્શનમાં લખ્યું, આઈ લવ યુ ડેડ. આ સાથે એક દિલવાળુ ઈમોજી પણ શેર કર્યું હતું. ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં જોવા મળ્યો ખાસ ફોટો ઈવાન્કાની તરફથી ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં મૂકાયેલા ફોટોમાં ડોનાલ્ડ ટ્રમ્પ યુવા જોવા મળી રહ્યા છે. આ ફોટો ઘણો જૂનો છે. તેમાં ડોનાલ્ડ ટ્રમ્પની દીકરી ઈવાન્કા ખોળામાં બેઠેલી જોવા મળી રહી છે. ડોનાલ્ડ ટ્રમ્પને દોષી ઠરાવ્યા બાદ 42 વર્ષની ઈવાન્કાની તરફથી આ નાનો અને પ્રેમાળ સંદેશ સાર્વજનિક ટિપ્પણી માનવામાં આવી રહ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પની સામે આ નિર્ણય રાષ્ટ્રપતિ ચૂંટણી પહેલા આવ્યો છે. માનવામાં આવી રહ્યું છે કે ડોનાલ્ડ ટ્રમ્પ ફરી એકવાર અમેરિકાના રાષ્ટ્રપતિ બની શકે છે.

---

### સેક્સ સ્કેન્ડલના કારણે સત્તા ગુમાવનાર જેકબ જુમા બન્યા કિંગમેકર

# સા. આફ્રિકામાં મંડેલાની પાર્ટી બહુમતી ચૂકી :પહેલીવાર ગઠબંધનની સરકાર રચાશે



(એજન્સી) કેપટાઉન | તા 02

દક્ષિણ આફ્રિકામાં 29 મેના રોજ સામાન્ય ચૂંટણીઓ યોજાઈ હતી. ન્યૂઝ એજન્સી રોઈટર્સ અનુસાર, અત્યાર સુધીમાં 97.25% મતની ગણતરી થઈ ચૂકી છે. આમાં નેલ્સન મંડેલાની પાર્ટી આફ્રિકન નેશનલ કોંગ્રેસને સૌથી વધુ 40.13% મત મળ્યા છે. તે સરકાર બનાવવા માટે જરૂરી 50% વોટ મેળવી શકી ન હતી. 30 વર્ષમાં આ પ્રથમ વખત છે જ્યારે આફ્રિકન નેશનલ કોંગ્રેસ (ANC)ને બહુમતી મળી નથી. તે જ સમયે, સેક્સ સ્કેન્ડલ અને ભ્રષ્ટાચારના આરોપોને કારણે સત્તા ગુમાવનાર દક્ષિણ આફ્રિકાના પૂર્વ રાષ્ટ્રપતિ જેકબ જુમાની પાર્ટી ત્રીજા સ્થાને રહી છે. તેમને 15% વોટ મળ્યા હતા.મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તે કિંગમેકરની ભૂમિકા ભજવી શકે છે. જેકબ ઝુમાએ ઘણા વિસ્તારોમાં ANC વોટને નુકસાન પહોંચાડ્યું છે. આ કારણે ANC બહુમતી હાંસલ કરવામાં ચૂકી ગઈ. હકીકતમાં, 2018માં ANCમાંથી હાંકી કાઢવામાં આવ્યા બાદ, ઝુમાએ 2019માં પોતાની અલગ પાર્ટી MKની રચના કરી હતી. આ ચૂંટણીમાં પૂર્વ રાષ્ટ્રપતિ જેકબ જુમા કિંગમેકર તરીકે ઉભરી આવ્યા છે.

#### અશ્વેતોને 1994માં મતદાનનો અધિકાર મળ્યો હતો

દક્ષિણ આફ્રિકામાં, 1994 પહેલા અશ્વેત લોકોને મતદાન કરવાની મંજૂરી ન હતી. રંગભેદ આધારિત વ્યવસ્થા સામે લોકોએ વર્ષો સુધી સંઘર્ષ કર્યો હતો. તેના અંત પછી, દેશમાં પ્રથમ વખત સંપૂર્ણ લોકશાહી ચૂંટણીઓ યોજાઈ. 1994માં દક્ષિણ આફ્રિકામાં પ્રથમ વખત સંસદીય ચૂંટણી યોજાઈ હતી. તેણે રાજકારણમાં પણ દખલ કરવાનું શરૂ કર્યું. અરાજકતા એટલી હદે વધી ગઈ કે એક સમયે દક્ષિણ આફ્રિકામાં ખૂબ જ લોકપ્રિય રહેલા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જેકબ જુમાને આ ભાઈઓના કારણે માત્ર પોતાની ખુરશી ગુમાવવી પડી હતી એટલું જ નહીં.

#### નેલ્સન મંડેલા આફ્રિકન નેશનલ કોંગ્રેસનું નેતૃત્વ કરી રહ્યા

2016માં, તત્કાલિન નાયબ નાણા પ્રધાન મસોબિસી જોનાસે આરોપ મૂક્યો હતો કે ગુપ્તા બંધુઓએ તેમને નાણાં પ્રધાન બનાવવાનું વચન આપ્યું હતું. આ પછી ત્રણેય પર એવો પણ આરોપ લગાવવામાં આવ્યો હતો કે ગુપ્તા બંધુઓએ જેકબ જુમા સાથેના સંબંધોનો ઉપયોગ ખોટી રીતે બિઝનેસ વધારવા માટે કર્યો હતો. જુમાના બાળકોને તેની જગ્યાએ કામે લગાડ્યા.

**કોણ છે જેકબ જુમા, જેણે સેક્સ સ્કેન્ડલ કરાવ્યો અને દેશની તિજોરી ખાલી કરી? :** દક્ષિણ આફ્રિકાના વ્યાપારી જગતમાં ભારતના ગુપ્તા બંધુઓનો દબદબો હતો. ત્રણેય દેશના રાજકીય ઘરો સુધી પહોંચવા લાગ્યા. દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જેકબ જુમા 1999 થી 2005 સુધી દેશના ઉપરાષ્ટ્રપતિ હતા. વર્ષ 2000માં ગુપ્તા બ્રધર્સ જેકબ જુમાના સંપર્કમાં આવ્યા હતા.જુમા પર ભ્રષ્ટાચાર અને તેના મિત્રની એડ્સ પીડિત પુત્રી પર બળાત્કારનો આરોપ હતો. જેકબ જુમાને ઉપરાષ્ટ્રપતિ પદેથી હટાવવામાં આવ્યા હતા. તેને 15 વર્ષની સજા પણ થઈ હતી. તે સમયે, ગુપ્તા બ્રધર્સે જેકબ જુમાની 5 પત્નીઓ અને 23 બાળકોને સંપૂર્ણ ટેકો આપ્યો હતો. જેકબને રાષ્ટ્રપતિ બનાવવા માટે મોટી રકમ ખર્ચવામાં આવી હતી. અથવા તે દૂર-ડાબેરી પક્ષ EFF સાથે સરકાર બનાવે છે.

---

# ચીની રાજદ્વારીએ નેપાળી પત્રકારને ધમકી આપી:પત્રકારે કહ્યું હતું- ચીન 2% વ્યાજે લોન આપીને 5% વસૂલ કરી રહ્યું

(એજન્સી) કાઠમંડુ | તા 02

